MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૧૯-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 વાવાઝોડુ અમ્ફાન સુપર સાયક્લોનમાં ફેરવાતા તંત્ર ચિંતિત : બેઠકોનો દોર

5 ભારત સહિત વિશ્વના ૬૨ દેશોએ આ સંદર્ભે તપાસ કરવા માંગ કરી

7 રાજકોટ બાદ હવે અમદાવાદમાં શ્રમિકોનો હોબાળો : વતન જવાને લઈ શ્રમિકોમાં ધીરજ ખૂટી, અમદાવાદમાં પથ્થરમારો

12 ગુજરાતમા પત્રકારો ઉપર થતા અત્યાચારના વિરોધમાં નર્મદાના પત્રકારોએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

કન્ટેન્ટમેન્ટના લોકો બહાર અવર-જવર કરી શકશે નહીં : રૂપાણી

સમગ્ર ગુજરાતમાં ST સેવા શરૂ, અમદાવાદમાં રોક

એક રિક્ષામાં વધુમાં વધુ બે પેસેન્જર જ બેસી શકશે

મુખ્યમંત્રી જાહેર કરેલ નિયમો

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે લોકડાઉન-૪ અંગેની ગાઈડલાઈનની જાહેરાત કરી હતી. સતત બે દિવસ ચર્ચા કર્યા બાદ આજે ગાઈડલાઈન રજૂ કરવામાં આવી હતી. આવતીકાલથી ૩૧મી મે રવિવાર સુધી ગાઈડલાઈન્સનો રાજ્યમાં અમલ કરી શકાશે. કેન્ટેન્ટમેન્ટ ઝોન અને નોન કન્ટેન્મેન્ટ ઝોન વિસ્તારો એમ બે ભાગ પાડીને રાજ્ય સરકારે કોરોના સંક્રમણને કાબૂમાં રાખવા સાથે આર્થિક ગતિવિધિઓ-રોજિંદી જીવન વ્યવહાર પ્રવૃત્તિઓને ગાઈડલાઈનને આધિન છુટછાટો આપવામાં વ્યુહ અપનાવ્યો હતો. નવી ગાઈડલાઈનના મુખ્ય મુદ્દા નીચે મુજબ રહ્યા હતા.

- કન્ટેન્ટમેન્ટ ઝોનમાં આવશ્યક ચીજવસ્તુઓ અને આવશ્યક સેવાઓ સિવાય કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહીં
- કન્ટેન્ટમેન્ટ ઝોનની યાદી કેસોની સંખ્યાના આધારે ફેરફારને પાત્ર રહેશે
- સમગ્ર ગુજરાતમાં કન્ટન્ટમેન્ટ ઝોન વિસ્તારમાં સવારના ૮ થી બપોરના ૩ વાગ્યા સુધી આવશ્યક સેવાઓ અને આવશ્યક ચીજ વસ્તુઓના વેચાણ માટે છૂટ આપવામાં આવશે
- કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં સવારના ૮ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી વેપાર ધંધા રોજગાર ચાલુ ચાલુ રાખી શકાશે
- ભારત સરકારના ગૃહમંત્રાલયની ગાઈડલાઈન પ્રમાણે સાંજના ૭ વાગ્યાથી સવારના ૭ વાગ્યા સુધી સમગ્ર ગુજરાતમાં કરફ્યુનો કડક અમલ કરાશે
- કન્ટેન્ટમેન્ટ ઝોન બહાર પણ અમૂક બાબતોમાં છૂટછાટ મળશે નહિં
- આ બાબતોમાં શૈક્ષણિક સંસ્થાઓ, કોચીંગ ક્લાસ, જિમ, સ્વીમીંગ પૂલ, બાગ – બગીચા, શોપિંગ મોલ, થિયેટર, ધાર્મિક અને જાહેર મેળાવડાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો બંધ રહેશે-સંક્રમણ ન રહે
- હાલ, શાકભાજી તેમજ આવશ્યક વસ્તુઓના વેચાણ સિવાયના ફેરિયાઓ, સીટી બસ સેવાઓ અને ખાનગી બસ સેવાઓને પણ મંજૂરી આપવામાં આવી નથી
- આરોગ્ય, પોલીસ, સરકારી કામકાજ અંગે વપરાશમાં લેવાતી હોય કે કોરેન્ટાઈન ફેસેલિટી તરીકે ઉપયોગમાં લેવાતી હોય તે સિવાયની હોટેલો બંધ રહેશે
- કન્ટેન્ટમેન્ટ ઝોન બહાર આ સિવાયની ગતિવિધિઓમાં મોટાપાયે છૂટછાટ આપવામાં આવશે
- અમદાવાદ અને સુરત સિવાય રાજ્યમાં સમગ્ર રાજ્યમાં ઓટો રિક્ષાઓ ચાલુ કરવા દેવાશે
- બીજા તબક્કામાં આ બે શહેરો અંગે નિર્ણય કરવામાં આવશે
- એક રિક્ષામાં વધુમાં વધુ બે પેસેન્જર બેસાડી શકાશે
- માર્કેટ એરિયા કે શોપિંગ કોમ્પલેક્ષમાં દુકાનો ઓડ અને ઈવન નંબર પ્રમાણે વારાફરથી ખોલવાની રહેશે
- એટલે કે ૫૦ ટકા દુકાનો એક દિવસે અને ૫૦ ટકા દુકાનો બીજા દિવસે ખૂલી શકશે
- દુકાનમાં કોઈપણ સમયે એક સાથે પાચં કરતા વધુ ગ્રાહકો રહિ શકશે નહિં
- કન્ટેન્ટમેન્ટ ઝોનમાં રહેતા હોય તેવા શ્રમિકો, દુકાનદારો કે કર્મચારીઓ કન્ટેન્ટમેન્ટ ઝોનની બહાર અવર-જવર કરી શકશે નહિં
- સાબરમતી નદીની પશ્ચિમે આવેલા અમદાવાદ નગરમાં કન્ટેન્ટમેન્ટ ઝોનની બહાર આર્થિક ગતિવિધિઓ વેપાર, ધંધા, ઓફિસો ચાલુ કરવા દેવાશે
- અમદાવાદ મહાનગરના પૂર્વ વિસ્તારોમાં આવી છૂટછાટ આપવામાં આવી નથી
- સમગ્ર ગુજરાતમાં એસટી બસો શરૂ કરી દેવાશે પરંતુ અમદાવાદ શહેરમાં બસોને આવવા કે જવા દેવાશે નહિં
- લગ્ન સમારોહ માટે વધુમાં વધુ ૫૦ વ્યક્તિઓને મંજૂરી અપાશે
- કોઈ મૃતકના અંતિમ સંસ્કાર વિધિ માટે ૨૦ વ્યક્તિઓને અનૂમતિ અપાશે
- કેન્ટેન્ટમેન્ટ ઝોન બહાર પાનની દુકાનો શરૂ કરવાની મંજૂરી આપવામાં આવશે પરંતુ માત્ર ટેઈક અવે ને મંજૂરી આપવામાં આવશે
- વાળંદની દુકાનો – બ્યૂટી પાર્લર અને સલૂન સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવાની શરતે શરૂ કરવા દેવાશે
- સમગ્ર રાજ્યમાં ૬૦ ટકા કેપેસિટી સાથે પબ્લીક લાયબ્રેરી શરૂ કરવાની છૂટ આપવામાં આવશે
- કેબ, ટેક્ષી અને કેબ એગ્રીગ્રેટર્સની સેવાઓ કન્ટેન્ટમેન્ટ ઝોન બહાર વધુમાં વધુ બે પેસેન્જર સાથે ચાલુ કરવા દેવાશે
- અમદાવાદ શહેરમાં હાલ પૂર્વ વિસ્તારમાં કેબ અને ટેક્ષીની સેવાઓ બંધ રાખવામાં આવશે
- સમગ્ર રાજ્યમાં રેસ્ટોરન્ટ માત્ર હોમ ડીલીવરી કરવાના હેતુથી ચાલુ રાખી શકાશે. પરંતુ હોમ ડિલીવરી માટે જનારા વ્યકિતનું સંપૂર્ણ આરોગ્ય પરિક્ષણ, હેલ્થકાર્ડ પણ કરાવવાનું રહેશે જેથી તે સુપર સ્પ્રેડર ન બને અને કોરોનાનું સંક્રમણ વધુ ન ફેલાવે
- રાજ્યમાં સિટી લિમીટ બહાર રોડ સાઈડ ઢાબાને પણ ચાલુ કરવા દેવાશે
- ૩૩ ટકા કેપેસિટી સાથે પ્રાયવેટ ઓફિસીસ પણ કન્ટેન્ટમેન્ટ ઝોન બહારના વિસ્તારોમાં ચાલુ કરવા દેવામાં આવશે
- પરંતુ અમદાવાદ શહેરમાં પૂર્વ અમદાવાદમાં ખાનગી ઓફિસો હાલ બંધ રાખવાની રહેશે
- તમામ રિપેર શોપ, ગેરેજ, વર્કશોપ અને સર્વિસ સ્ટેશન્સ સમગ્ર રાજ્યમાં કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાય કાર્યરત કરી શકાશે
- પ્રાયવેટ કાર અને ટૂ વ્હીલર્સને કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં છૂટછાટ મળશે
- ટૂ વ્હીલરમાં એક જ વ્યક્તિ અને ફોર વ્હીલરમાં ડ્રાયવર ઉપરાંત બે વ્યક્તિઓ અવર – જવર કરી શકશે
- સુરતમાં ઓડ – ઈવન નંબર પ્રમાણે ટેક્ષટાઈલ માર્કેટ ચાલુ કરી શકાશે
- ડાયમન્ડ, વિવિંગ અને પાવર લૂમ્સ યુનિટોને પણ ૫૦ ટકા સ્ટાફ સાથે ચાલુ કરવા દેવાશે પરંતુ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવાનું આવશ્યક રહેશે
- સમગ્ર ગુજરાતમાં માલવાહક વાહનો ગુડ્સ ટ્રાન્સપોર્ટને પરવાનગી આપવામાં આવશે
- આ સૂચનાઓ – ગાઈડલાન્સ ૧૯મી મે મંગળવારથી ૩૧મી મે રવિવાર સુધીના સમય માટે અમલમાં રહેશે
- આ બધી જ સૂચનાઓ સાથો સાથ સમગ્ર ગુજરાતમાં જાહેરમાં થૂંકનારા વ્યક્તિને ૨૦૦નો દંડ કરાશે તેમજ જાહેરમાં માસ્ક નહિં પહેરનારાઓને પણ ૨૦૦ રૂપિયા દંડ કરાશે

કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં હેર સલૂન, પાનના ગલ્લા શરૂ કરી શકાશે : કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાય દુકાનો ઓડ ઈવન પ્રમાણે ખોલી શકાશે

અમદાવાદ

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે લોકડાઉન-૪ અંગેની ગાઈડલાઈનની જાહેરાત કરી હતી. સતત બે દિવસ ચર્ચા કર્યા બાદ આજે ગાઈડલાઈન રજૂ કરવામાં આવી હતી. આવતીકાલથી ૩૧મી મે રવિવાર સુધી ગાઈડલાઈન્સનો રાજ્યમાં અમલ કરી શકાશે. કેન્ટેન્ટમેન્ટ ઝોન અને નોન કન્ટેન્મેન્ટ ઝોન વિસ્તારો એમ બે ભાગ પાડીને રાજ્ય સરકારે કોરોના સંક્રમણને કાબૂમાં રાખવા સાથે આર્થિક ગતિવિધિઓ-રોજિંદી જીવન વ્યવહાર પ્રવૃત્તિઓને ગાઈડલાઈનને આધિન છુટછાટો આપવામાં વ્યુહ અપનાવ્યો હતો. મુખ્યમંત્રીએ રૂપાણીએ જણાવ્યું હતું કે, કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં સવારેના ૮વાગ્યાથી ચાર વાગ્યા સુધી વેપાર-ધંધા રોજગાર ચાલુ રાખી શકાશે. કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં હેર સલૂન, પાનના ગલ્લા શરૂ કરી શકાશે. કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાય દુકાનો ઓડ અને ઈવનના આધારે ખોલવાની મંજુરી પણ આપવામાં આવી છે. એક દુકાન પર પાંચથી વધારે ગ્રાહકો ઉભા ન રહી શકે તેની ખાતરી પણ કરવામાં આવશે. કન્ટેન્ટમેન્ટના લોકો બહાર અવરજવર કરી શકશે નહીં.સમગ્ર ગુજરાતમાં એસટી બસો શરૂ કરી દેવામાં આવશે પરંતુ અમદાવાદ શહેરમાં બસોને આવવા કે જવા દેવાશે નહીં તેમ મુખ્યમંત્રીએ કહ્યું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં સૌ નાગરિકોનો કોરોના મહામારીના સંક્રમણ નિયંત્રણ માટેના પગલાંઓમાં સહયોગ-સહકાર માટે આભાર વ્યક્ત કર્યો છે. તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, ૫૪ દિવસથી લોકડાઉનની સ્થિતીમાં નિયમોના અનુપાલન કોરોના વોરિયર્સ એવા તબીબો, પોલીસ, નર્સ સ્ટાફ, સફાઇ કર્મીઓની સેવા ભાવનાને પણ તેમણે બિરદાવી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, લોકડાઉન ૧,૨ અને ૩ ના નિયમોના પાલન બાદ હવે લોકડાઉન-૪ માટે કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને ગ્રીન, રેડ, યલો, ઓરેન્જ ઝોનના આધારે લોકડાઉન અનુપાલન કરવા સૂચવેલું છે. ગુજરાતમાં રાજ્ય સરકારે આવા ઝોનમાં કન્ટેનમેન્ટ ઝોન અને નોન કન્ટેનમેન્ટ ઝોનના આધાર ઉપર નિયમોમાં

અનુસંધાન પાના નં. ૬

દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૧ લાખની નજીક પહોંચવાની તૈયારીમાં

સતત બીજા દિવસે પણ રેકોર્ડબ્રેક ૫૦૦૦થી વધુ પોઝિટિવ કેસ

વધુ ૧૫૭ના મોત સાથે મૃત્યુઆંક ૩૦૩૯એ પહોંચ્યોઃ રાષ્ટ્રપતિ ભવનમાં તહેનાત એક એસીપીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો,અનંતનાગમાં ૧૯ પોલીસકર્મી અને ઓપ્પો મોબાઈલ કંપનીમાં કામ કરતા ૬ કર્મચારી કોરોના પોઝિટિવ,કેસનો આંકડો ડબલ થવાના દિવસ ૧૩.૬ થયા

ન્યુ દિલ્હી

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસના પ્રકોપથી બચવા ભારતમાં આજથી લોકડાઉન-૪નો આરંભ થઈ ગયો છે ત્યારે સત્તાવાર આંકડા અનુસાર, છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન દેશમાં કોરોના પોઝીટીવના અત્યારસુધીમાં સૌથી વધુ ૫૨૪૨ કેસો બહાર આવ્યાં હતા અને ૧૫૭ લોકો કોરોનાથી માર્યા ગયા છે. તે સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૯૬,૧૩૭એ પહોંચી છે. અને ૩,૦૩૯ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં આજે સંક્રમિતોનો આંકડો ૩૩ હજારને પાર થયો છે. મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિત પોલીસકર્મીઓની સંખ્યા ૧૨૭૩એ પહોંચી છે. તો બીજા નંબરે રહેલા ગુજરાતમાં ૧૧,૩૮૦ લોકો કોરોનાથી સંક્રમિત છે. રવિવારે દેશમાં સૌથી વધારે ૫૦૧૫ સંક્રમિત મળ્યા હતા તો બીજી તરફ ૨૫૩૮ લોકો સારવાર બાદ સાજા પણ થયા હતા. મહારાષ્ટ્રમાં એક દિવસમાં ૨૩૪૭ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. મહારાષ્ટ્રમાં હવે કોરોના દર્દીઓની સંખ્યા ૩૩ હજારને પાર થઈ ગઈ છે.

સૂત્રોએ કહ્યું કે ૨૫ માર્ચના રોજ લાગૂ કરાયેલા પ્રથમ લોકડાઉન બાદ તેમાં સતત વધારો કરીને હવે લોકડાઉન-૪નો આજથી પ્રારંભ થયો છે. જે ૩૧ મે સુધી અમલમાં રહેશે. લોકડાઉન-૪માં કેન્દ્ર સરકારે રાજ્યોને લોકડાઉનમાં છૂટછાટ આપવાની સત્તા આપી છે. લોકડાઉન ૪.૦ વચ્ચે પંજાબ સરકારે ટેક્સી-કેબને મંજૂરી આપી છે. જેમાં માત્ર બે યાત્રિઓ જ બેસી શકશે.

આંધ્રપ્રદેશમાં છેલ્લાં ૨૪ કલાકની અંદર મળ્યા કોરોનાના ૫૨ નવા પૉઝિટીવ

અનુસંધાન પાના નં. ૬

પંજાબ સરકારે ટેક્સી-કેબને મંજૂરી આપી, અમૃતસરમાં મંદિરો ખુલી ગયા..!

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ **(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)**માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

દિગ્ગજ બ્રોકરેજ કંપની ગોલ્ડમેન સાશે આશંકા દાખવી

દેશવ્યાપી લોકડાઉનથી ભારતના અર્થતંત્ર પર વિનાશકારી અસર પડશે

દેશના જીડીપી વિકાસ દરમાં ૪૫ ટકાનો ઘટાડો નોંધાશે

ન્યુ દિલ્હી

ચીનથી ફેલાયેલ વૈશ્વિક મહામારી કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે લોકડાઉન રહેતા દુનિયાભરની અર્થ-વ્યવસ્થાઓની હાલત કફોડી બની છે. રવિવારે ભારતમાં કેન્દ્ર સરકારે લોકડાઉનના ચોથા તબક્કાની જાહેરાત કરી જે ૩૧ મે સુધી ચાલશે.

મીડિયા રિપોર્ટ મુજબ આ ગંભીર પરિસ્થિતિઓ વચ્ચે હવે દિગ્ગજ બ્રોકરેજ કંપની ગોલ્ડમેન સાશે આશંકા દાખવી કે કોરોના વાયરસના ચેપને રોકવા માટે જાહેર કરવામાં આવેલ દેશવ્યાપી લોકડાઉનના કારણે ભારતના અર્થતંત્ર પર વિનાશકારી અસર પડશે અને દુનિયમાં સૌથી વધુ વસ્તી ધરાવતું બીજું મોટુ દેશ ભારત ત્યાર સુધીની સૌથી મોટી અને ભીષણ મંદીનો સામનો કરશે.

રિપોર્ટ મુજબ ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં દેશના જીડીપી વિકાસ દરમાં ગોલ્ડમેન સાશના પહેલા અનુમાન પ્રમાણે ૨૦ ટકાની સરખામણીએ ૪૫ ટકાનો ઘટાડો જોવા મળશે. જ્યારે ત્રીજા ત્રિમાસિકગાળામાં ૨૦ ટકાની મજબૂત રિકવરી જોવા મળશે. ઉપરાંત ચોથા ત્રિમાસિકગાળા અને આગામી નાણાકીય વર્ષના પહેલા ક્વાર્ટર માટે વિકાસ દર અનુમાન અનુક્રમે -૧૪ ટકા અને -૬.૫ ટકા યથાવત રાખવામાં આવ્યા છે.

એક ખાનગી મીડિયા રિપોર્ટ મુજબ ગોલ્ડમેન સેશના ઇકોનોમિસ્ટ પ્રાચી મિશ્રા અને એન્ડ્રયુ ટિલ્ટને ૧૭ મેની એક નોટમાં લખ્યું કે આ અનુમાનોનો અર્થ એ છે કે નાણાકીય વર્ષ ૨૦૨૧માં રિયલ જીડીપીમાં ૫ ટકાનો ઘટાડો નોંધાઈ શકે છે જે અત્યાર સુધી ભારતમાં કોઈ પણ મંદીમાં જોવા મળ્યું નથી. ઉલ્લેખનીય છે કે ગઈકાલે સાંજે કેન્દ્ર સરકારે લોકડાઉન ૪.૦ની જાહેરત કરી જે ૩૧ મે સુધી ચાલશે. જ્યારે આ પહેલા કેન્દ્ર સરકારે લોકડાઉન દરમિયાન ૨૦ લાખ કરોડ રૂપિયાના મસમોટા આર્થિક રાહત પેકેજની જાહેરાત કરી હતી.



કોરોના વાઈરસનો રોગચાળો નાથવા લદાયેલા લૉકડાઉન દરમિયાન પ્રયાગરાજમાં બાળકને ઊંચકીને હિજરત કરતી મહિલા.

ચાર રાજ્યોથી આવતા લોકોને ૩૧મે સુધી રાજ્યમાં પ્રવેશ નહિ મળે

કર્ણાટકમાં તમામ દુકાનો ખુલશે, રિક્શા, ટેક્સી, બસ અને ટ્રેનો દોડશે

બેંગ્લુરુ

કેન્દ્રએ રાજ્ય સરકારોને સ્થિતિ પ્રમાણે લોકડાઉન ૪.૦માં છૂટછાટ અને પ્રતિબંધો લગાવવા અંગે જણાવ્યું છે. જેમાં કર્ણાટકે મોટી છૂટછાટ આપવાનો નિર્ણય લીધો છે. લોકડાઉન ૪.૦માં કર્ણાટકે રોડવેઝ અને પ્રાઈવેટ બસોને ચલાવવાની મંજૂરી આપી છે. જોકે, કન્ટેનમેન્ટ ઝોનમાં પ્રતિબંધો લાગુ રહેશે. રાજ્યના મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાએ કહ્યું કે મહારાષ્ટ્ર, ગુજરાત, કેરળ અને તામિલનાડુના લોકોને ૩૧ મે સુધીમાં કર્ણાટકમાં આવવાની મંજૂરી નહીં મળે.

રાજ્યના મુખ્યમંત્રીએ કહ્યું છે કે, લોકડાઉન ૪માં રાજ્યની અંદર રોડવેઝ અને પ્રાઈવેટ બસોના સંચાલકોને મંજૂરી છે. તેમણે જણાવ્યું કે બસોમાં એકવારમાં માત્ર ૩૦ મુસાફરો જ મુસાફરીને મંજૂરી આપવામાં આવશે. માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવું સૌના માટે જરુરી હશે. બસનું ભાડું નહીં વધારવામાં આવે. આંતરરાજ્ય પરિવહનને મંજૂરી આપવામાં નહીં આવે, માત્ર મુશ્કેલ સ્થિતિમાં જ તેની મંજૂરી આપવામાં આવશે. આ રીતે ઓટો અને ટેક્સીને પણ ચલાવવાની મંજૂરી આપવામાં આવી છે પણ તેમાં ડ્રાઈવર સહિત મળીને માત્ર ત્રણ લોકો જ સવાર થઈ શકશે. મોટી કેબમાં ચાલક સહિત ચાર લોકો મુસાફરી કરી શકશે. તેમણે કહ્યું કે, ૩૧ માર્ચ સુધી ગુજરાત, મહારાષ્ટ્ર, કેરળ અને તામિલનાડુના લોકોને પ્રવેશની મંજૂરી આપવામાં નહીં આવે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સલૂન ખોલવાની મંજૂરી આપવામાં આવી છે. પાર્ક સહિતની જગ્યાઓ સવારના સાત વાગ્યાથી ૯ વાગ્યા સુધી અને સાંજે ૫ વાગ્યાથી સાંજના ૭ સુધી ખુલ્લા રહેશે. તેમણે કહ્યું કે શોપિંગ મૉલ અને સિનેમા હોલ છોડીને બાકી તમામ દુકાનો ખોલી શકાશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, સાંજના ૭થી સવારના ૭ સુધી કર્ફ્યૂ રહેશે અને રવિવારે સંપૂર્ણ લોકડાઉન રહેશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉચ્ચ સ્તરીય બેઠક યોજી

વાવાઝોડુ અમ્ફાન સુપર સાયક્લોનમાં ફેરવાતા તંત્ર ચિંતિત : બેઠકોનો દોર

બુધવારે પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશનો દરિયાકિનારાને પાર કરી શકે છે ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળમાં અનેક જગ્યાઓએ ભારે વરસાદની ચેતવણી

નવી દિલ્હી

ચક્રવાતી તોફાન 'અમ્ફાન' સુપર ચક્રવાતમાં ફેરવાઈ ગયું છે અને તે ૨૦ મી મેના રોજ એક તીવ્ર ચક્રવાતી તોફાનની જેમ પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના દરિયાકાંઠાને પાર કરી શકે છે. આને કારણે ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારો અને પશ્ચિમ બંગાળની ગંગા નદી નજીકના વિસ્તારોમાં જોરદાર પવન સાથે ભારે વરસાદ પડી શકે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અમ્ફાનથી ઉભી થયેલી પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી રહ્યા છે. ગૃહ મંત્રાલય અને રાષ્ટ્રીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીએમએ) ના અધિકારીઓ સાથે વડા પ્રધાનની બેઠક સાંજના ૪ વાગ્યે શરૂ થઈ છે. તેમાં ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર છે. મંત્રાલયે પશ્ચિમ બંગાળ અને ઓડિશા સરકારોને જારી કરેલા પરામર્શમાં કહ્યું છે કે અમ્ફાન સોમવારે સવારે દક્ષિણ બંગાળની ખાડીના મધ્ય ભાગો અને નજીકના મધ્ય બંગાળની ખાડી ઉપર હાજર છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અમ્ફાન એક સુપર ચક્રવાતમાં ફેરવાઈ ગયો છે અને તે ૨૦ મેના રોજ તીવ્ર ચક્રવાતી તોફાનની જેમ પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના દરિયાકાંઠાને પાર કરી શકે છે. ભુવનેશ્વર ખાતેના હવામાન વિભાગે કહ્યું છે કે, અમ્ફાન આગામી ૬ કલાકમાં સુપર ચક્રવાત વાવાઝોડામાં ફેરવાઈ શકે છે. ઓડિશાના ગજપતિ, પુરી, ગંજામ, જગતસિંગપુર અને કેન્દ્રપાડામાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. આવતીકાલે બાલાસોર, ભદ્રક, જાજપુર, મયુરભંજ, ખુર્જા અને કટકમાં વરસાદ વધી શકે છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે ચક્રવાતથી દરિયાકાંઠાના ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ભારે પવન સાથે ભારે વરસાદ થશે. જ્યારે ઓડિશા સરકાર સંવેદનશીલ વિસ્તારોમાં રહેતા ૧૧ લાખ લોકોને સ્થળાંતર કરવાની તૈયારી કરી રહી છે, ત્યારે પશ્ચિમ બંગાળ સરકારે દરિયાકાંઠાના જિલ્લાઓ માટે ચેતવણી જાહેર કરી રાહત ટીમો મોકલી આપી છે. હવામાન વિભાગે પશ્ચિમ બંગાળ માટે ઓરેન્જ ચેતવણી જારી કરી છે અને કહ્યું છે કે અમ્ફાન બંગલાદેશના હતિયા આઈલેન્ડ અને પશ્ચિમ બંગાળના દિખા વચ્ચે, પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશ દરિયાકાંઠો વચ્ચે, ૨૦ મેના રોજ બપોર કે સાંજ દરમિયાન ખૂબ જ તીવ્ર વાવાઝોડું પસાર થશે. આ સમય દરમિયાન પવન ૧૫૫-૧૬૫ કિમી પ્રતિ કલાકની ઝડપે હશે, જે કોઈપણ સમયે ૧૮૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પકડી શકે છે. વિભાગે કહ્યું હતું કે ખૂબ જ તીવ્ર પવન કાચા મકાનોને ઘણું નુકસાન પહોંચાડે છે અને 'પાક' ઘરોને થોડું નુકસાન પહોંચાડી શકે છે. હવામાનશાસ્ત્રીઓએ કહ્યું છે કે જોરદાર પવન શક્તિ અને સંદેશાવ્યવહારના થાંભલાઓને વાળવા અથવા વિસર્જન, કેટલાક અંશે રેલવે સેવાઓને વિક્ષેપિત કરી શકે છે, અને વિદ્યુત વાયર અને સિગ્નલ સિસ્ટમ્સ સમાપ્ત પાકને પસાર કરી શકે છે અને તેના પર અસર કરે છે. ખેતરો અને બગીચાને વ્યાપક નુકસાન થઈ શકે છે. ૧૮ મેની સાંજથી કોસ્ટલ ઓડિશામાં ઘણા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે જ્યારે ઓડિશાના દરિયાકાંઠાના જિલ્લાઓ જેવા કે ગજપતિ, ગંજામ, પુરી, જગતસિંગપુર અને કેન્દ્રપરા કેટલાક સ્થળોએ ભારેથી ભારેથી ભારે વરસાદ પડી શકે છે. સુત્રોએ જણાવ્યું હતું કે ચક્રવાતની અસરને કારણે ઉત્તર અને દક્ષિણ ૨૪ પરગણા, પૂર્વ અને પશ્ચિમ મિદનાપુર, હાવડા અને હુગલી સહિત પશ્ચિમ બંગાળના કાંઠાના જિલ્લાઓમાં ૧૯ મેના રોજ અનેક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. જ્યારે કેટલાક દુર્ગમ વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે કાંઠાના વિસ્તારોમાં રાહત સામગ્રી, ડ્રાયફૂટ અને ટ્રામ્પોલાઈન્સ મોકલવામાં આવી છે. અધિકારીએ જણાવ્યું હતું કે, અમે કોઈપણ પ્રકારની કટોકટીનો સામનો કરવા તમામ પ્રકારના પગલા લઈ રહ્યા છીએ. વિશેષ નિયંત્રણ રૂમ બનાવવામાં આવ્યા છે અને રાજ્ય આપત્તિ પ્રબંધન દળની ટીમો તૈનાત કરવામાં આવી છે. અમે જાહેર સરનામાં સિસ્ટમ્સ દ્વારા ઘોષણાઓ પણ કરી રહ્યા છીએ. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઝડપી પ્રતિસાદ બળ અને જરૂરી સાધનસામગ્રી વાહનો જિલ્લાઓમાં પહેલાથી પહોંચી ચૂક્યા છે. રાજ્ય સચિવાલયમાંથી કાર્યરત રાજ્ય આપત્તિ કામગીરી કેન્દ્રો જિલ્લાના ડિઝાસ્ટર ઓપરેશન કેન્દ્રો સાથે સતત સંપર્કમાં છે. ઓડિશાના વિશેષ રાહત કમિશનર પી.કે. જેનાએ જણાવ્યું હતું કે, ગંજામ, ગજપતિ, પુરી, જગત્સિંગપુર, કેન્દ્રપદા, ભદ્રક, બાલાસોર, મયુરભંજ, જાજપુર, કટક, ખુર્દા અને નયગઢના જિલ્લા મેજિસ્ટ્રેટ્સને જરૂર પડે તો સંવેદનશીલ વિસ્તારોમાંથી લોકોને બહાર કાઢવા માટે તૈયાર રહેવું જોઈએ. કહ્યું છે.

તેમણે કહ્યું કે ૧૧ લાખ લોકોને સલામત સ્થળોએ ખસેડવાની તૈયારી કરવામાં આવી છે, પરંતુ લોકોને કયા સ્થળોથી દૂર કરવા તે નિર્ણય યોગ્ય સમયે લેવામાં આવશે. જેનાએ જણાવ્યું હતું કે કોરોના વાયરસ લોકડાઉન વચ્ચે ૧૨ દરિયાકાંઠાના જિલ્લાઓમાં આવેલા ૮૦૯ ચક્રવાત શિબિરોમાંથી ૨૪૨ હાલમાં વિવિધ રાજ્યોમાંથી પરત ફરતા લોકો માટે અસ્થાયી તબીબી શિબિરો તરીકે ઉપયોગમાં લેવાય છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) ના ડાયરેક્ટર જનરલ એસ.એન.પ્રધાને કહ્યું કે ૧૦ એકમો ઓડિશાના વિવિધ જિલ્લામાં મોકલવામાં આવ્યા છે, જ્યારે અન્ય ૧૦ એકમો તૈયાર રાખવામાં આવ્યા છે. મુખ્યમંત્રી નવીન પટનાયકે અધિકારીઓને નિર્દેશ આપ્યો છે કે સંવેદનશીલ વિસ્તારોમાંથી લોકોને બહાર કાઢવાની સૂચના આપી છે. આ સાથે, તેમને રસ્તાઓ, પીવાના પાણી પુરવઠા, વીજ પુરવઠો અને હોસ્પિટલોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ત્યાં વીજળી અને પાણીની સપ્લાય માટેની તૈયારી કરવા પણ કહેવામાં આવ્યું છે. ગયા વર્ષે ૩ મેના રોજ, ચક્રવાત અમ્ફાનના એક વર્ષ પહેલા, હરિકેન ફનીએ ઓડિશામાં પાયમાલી લગાવી હતી અને વીજળી, ટેલિકમ્યુનિકેશન્સ, પાણી અને અન્ય જટિલ ક્ષેત્રોને તોડી પાડ્યા હતા, જેમાં ૬૪ લોકો માર્યા ગયા હતા.

મોતનો આંકડો વધીને ૩૧૬૯૮૩ પર પહોંચ્યો

કોરોના : વિશ્વભરમાં કેસોની સંખ્યા વધી ૪૮ લાખથી વધુ

વિશ્વભરમાં કુલ કેસોની સંખ્યા ૪૮૨૦૫૨૯ ઉપર પહોંચી

નવી દિલ્હી

દુનિયાના ૨૧૦ દેશો કોરોના વાયરસના કારણે પ્રભાવિત બનેલા છે. દેશોની સરકારો આને લઈને ભારે ચિંતિત બનેલી છે. કોરોના વાયરસની વેક્સિન શોધવા માટે દુનિયાના તમામ વૈજ્ઞાનિકો લાગેલા છે પરંતુ આશાનું કોઈ કિરણ હજુ સુધી દેખાઈ રહ્યું નથી. દુનિયાના તમામ દેશો અને નાગરિકો કોરોનાને કારણે ત્રાહિમામ પોકારી ગયા છે. વિશ્વભરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૪૮૨૦૫૨૯ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો ૪૮ લાખથી પણ ઉપર પહોંચી ચુક્યો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૮૬૬૨૬૭ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૨૬૩૭૨૭૯ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ વધીને ૩૧૬૯૮૩ ઉપર પહોંચી રહ્યો છે. મોતનો આંકડો પણ ત્રણ લાખથી ઉપર પહોંચી ચુક્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૪૭૮૧ પર પહોંચી ચુકી છે. સૌથી વધારે અસરગ્રસ્ત દેશોમાં સ્થિતી સુધરી રહી નથી. વિશ્વમાં કોરોનાની સ્થિતી કેટલી ખતરનાક છે તેનો અંદાજ આના પરથી જ લગાવી શકાય છે કે મોતના આંકડાના મામલામાં અમેરિકા, સ્પેન, ઇટાલી, ફ્રાંસ, બ્રિટન, બેલ્જિયમ સૌથી આગળ રહ્યા છે. આ તમામ દેશોમાં મોટી સંખ્યામાં લોકોએ કોરોના વાયરસના કારણે દમ તોડી દીધા છે. ભારતમાં પણ હવે સ્થિતી ખરાબ થઇ રહી છે. કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઇ રહ્યો છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. સુપર પાવર અમેરિકા અને સ્પેન તેમજ ઇટાલી જેવા દેશો કોરોનાની સામે જંગ હારતા દેખાઇ રહ્યા છે. અમેરિકા અને સ્પેન સહિતના દેશોમાં કેસોની સંખ્યા સૌથી વધારે છે. ચીનમાં પણ કેટલાક નવા કેસો સપાટી પર આવ્યા છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઇ રહ્યો છે. સાથે સાથે ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૫૧૨૧૮ રહેલી છે. જે ગંભીર સ્થિતીનો સંકેત આપે છે.કોરોના કહેર હજુ જારી રહી શકે છે. કોરોનાથી પ્રભાવિ તમામ દેશોના અર્થતંત્ર ભાંગી પડવાના આરે પહોંચી ગયા છે. અમેરિક અર્થતાંત્રને પણ નુકસાન થયુ છે. તમામ દેશો પગલા લઇ રહ્યા છે પરંતુ હાલમાં બિનઅસરકારક સાબિત થઇ રહ્યા છે. દુનિયાભરમાં કોરોના વાયરસનો આતંક યથાવત રીતે જારી રહ્યો છે.

કેસોની સંખ્યામાં આવિરતપણે વધારો થઇ રહ્યો છે. અમેરિકા, રશિયા, સ્પેન, ઇટાલી, યુકે, ફ્રાંસ, જર્મની અને ભારત પણ બચી શક્યું નથી. ભારતમાં પણ કેસોની સંખ્યા અવિરતપણે વધી રહી છે. વિશ્વમાં સૌથી પ્રભાવિત દેશોમાં અમેરિકાનો સમાવેશ થાય છે. અમેરિકાની સ્થિતિ ખુબ જ ગંભીર બનેલી છે. ત્યારબાદ સ્પેનનો સમાવેશ થાય છે. જ્યારે જાપાન, ચીન સહિતના દેશોમાં સ્થિતીમાં સુધારો થયો છે. લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. ચીનમાં આ વાયરસ ફેલાઇ જતા પહેલા સેન્ટ્રલ હુબેઇ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો.દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે.

બ્રિટનની બે સંસ્થા કોરોનાની વેક્સીનની શોધ કરી રહી છે

બની શકે કે કોરોનાની વેક્સીન ક્યારેય મળે જ નહીં : બ્રિટન

લંડન

બ્રિટિશ અધિકારી આલોક શર્માએ જણાવ્યું કે, બની શકે કે યુકે ક્યારેય કોવિડ-૧૯ની વેક્સીન શોધી જ ના શકે. તેમણે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, અમારા વૈજ્ઞાનિકોના અથાક પ્રયાસ છતાં પણ શકય છે કે અમને કયારેય સફળતાપૂર્વ કોરોના વાયરસની વેકસીન મળે જ નહીં. દુનિયામાં મોટા ફન્ટરનર જેમને વેક્સીન બનાવવાની છે તે બ્રિટનમાં છે- ઓક્સફોર્ડ યુનિવર્સિટી અને ઈમ્પીરિયલ કોલેજ લંડન.

શર્માએ જણાવ્યું કે, અત્યાર સુધી બ્રિટિશ સરકારે ઓક્સફોર્ડ અને ઈમ્પીરિયલમાં વેક્સીન પ્રોગ્રામ માટે ૪.૭ કરોડ પાઉન્ડનું રોકાણ કર્યું છે. આ સાથે જ વેક્સીન પ્રોગ્રામ માટે નવી ફન્ડિંગની જાહેરાત કરી છે. આ વચ્ચે રોયલ કોલેજ ઓફ ફિઝિશિયનનો નવો સર્વે સામે આવ્યો છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, કોરોના વાયરસના દર્દીઓની સારવાર કરી રહેલા બ્રિટનના લગભગ અડધાથી વધારે ડોક્ટરોને તેમની હેલ્થની ચિંતા છે.

કોલેજના પ્રેઝિડન્ટ પ્રોફેસર એન્ડ્રયુ ગોડાર્ડે જણાવ્યું કે, આપણે સૌથી ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા છે જે એનએચએસે ક્યારે ફેસ કર્યું નથી અને આ સર્વે જણાવે છે કે, હોસ્પિટલના ડોક્ટરો આ સમયે કેવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. પીપીઈની અછત તેમના માટે સૌથી મોટી ચિંતા છે અને ખૂબ જ ખરાબ કેહવાય કે સપ્લાઈની સ્થિતિ વીતેલા ત્રણ સપ્તાહમાં સુધરવાની જગ્યા ખરાબ થઈ છે. બ્રિટનમાં અત્યાર સુધી કુલ ૨,૪૩,૩૦૩૦ કેસ નોંધાયા છે જ્યારે ૩૪,૬૩૬ લોકોના મોત થયા છે.

લૉકડાઉન ૪.૦: આરોગ્ય સેતુ એપના નિયમો સરળ બનાવાયા

ન્યુ દિલ્હી

લોકડાઉનના ચોથા તબક્કાના દિશા-નિર્દેશોમાં સરકારે આરોગ્ય સેતુ એપથી સંકળાયેલા નિયમો સરળ બનાવ્યા છે. સરકારે આ એપને ડાઉનલોડ કરવાની અનિવાર્યતાને ખતમ કરીને એને વૈકલ્પિક બનાવી દીધી છે. આરોગ્ય સેતુ એપને કોરોના વાઇરસ સંક્રમણની નિગરાની માટે વિકસિત કરવામાં આવી હતી.

ગૃહ મંત્રાલયે ગઈ કાલે જાહેર કરેલા નવા દિશા-નિર્દેશોમાં સરકારે એપના લાભો પર વિશેષ ભાર આપ્યો છે. સરકારે કહ્યું છે કે આ એપ કોરોના વાઇરસના સંભવિત જોખમને પહેલેથી માલૂમ કરવામાં મદદ કરે છે. આ વ્યક્તિઓ અને સમાજના સુરક્ષા કવચની જેમ છે.

નવા દિશા-નિર્દેશો મુજબ ઓફિસો અને કાર્યસ્થળોએ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે એમ્પ્લોયર (કંપનીઓ)ને બધા કર્મચારીઓના મોબાઈલમાં આરોગ્ય સેતુ એપને ડાઉનલોડ કરવા માટે પ્રયાસ કરવા જોઈએ. આ પહેલાં સરકારે આ એપ ડાઉનલોડ કરવાનું ફરજિયાત બનાવ્યું હતું.જારી કરવામાં આવેલા દિશા-નિર્દેશો મુજબ જિલ્લા વહીવટી તંત્રની પાસે એ અધિકાર હશે કે એ કોઈ પણ વ્યક્તિને એપ ડાઉનલોડ કરવા માટે પરામર્શ આપી શકે છે. એની સાથે નિયમિત રૂપે એના આરોગ્યની નિગરાની રાખી શકશે.

લોકડાઉનને કારણે તમામ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ ૩૧મે સુધી સ્થગિત

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે કોરોના વાઈરસને કારણે લોકડાઉન વધારવાની જાહેરાતના થોડા કલાકો બાદ ભારતીય ઉડ્ડયન નિયમનકાર ડી.જી.સીએ જણાવ્યું હતું કે, તમામ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ ૩૧ મેના મધ્યરાત્રિ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. નાગરિક ઉડ્ડયનના મહાનિર્દેશકએ જણાવ્યું હતું કે, "આગામી સમયમાં વિદેશી અને સ્થાનિક એરલાઈન્સને ફ્લાઈટ શરૂ કરવા અંગે માહિતી આપવામાં આવશે." નિયામકે કહ્યું કે, તમામ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સુનિશ્ચિત બીઝનેસ ટ્રાવેલર વિમાનનું સંચાલન ૩૧ મેના રોજ રાત્રે ૧૧.૫૯ વાગ્યા સુધી મોકૂફ રાખવામાં આવ્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ડીજીસીએ દ્વારા મંજૂર કરવામાં આવેલા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કાર્ગો વિમાનોના સંચાલન પર પ્રતિબંધ માન્ય નથી.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

સહેજ વધવાની જરૂર

ચોક્કસપણે ભારત અને પાકિસ્તાન પૂર્વીય જર્મની અને પશ્ચિમ જર્મનીની જેમ બે દેશોથી મળીને એક દેશ થઈ શકે નહી. પરંતુ વર્ષોથી સતત ચાલી રહેલી દુશ્મનાવટને ચોક્કસપણે ઓછી કરી શકાય છે. માત્ર જરૂર એક પગલુ આગળ વધવાની છે. કાશ્મીરને બાજુએ રાખીને બન્ને દેશો પારસ્પરિક વેપારને વધારી શકે છે. સાંસ્કૃતિક આદાન પ્રદાનની ગતિવિધીને વધારી શકાય છે.બદલાયેલી પરિસ્થિતી મુજબ આગળ વધવા અને જમીની વાસ્તવિકતાને ધ્યાનમાં લઈને આગળ વધવામાં આવે તો તમામ સમસ્યાને ઉકેલી શકાય છે. પશ્ચિમી જર્મની અને પુર્વ જર્મની વર્ષો પહેલા બે દેશમાંથી એક દેશ થઈ ગયા હતા. આ બન્ને એક થઈ જશે તેમ માનનાર લોકો અગાઉના વર્ષોમાં ગણતરીના હતા. જો કે બન્ને એક થઈને દાખલો બેસાડી ચુક્યા છે. પોતાના દેશ, પોતાની સરકાર અને પોતાની નિતીઓને છોડીને કોઈ દેશમાં મળી જવાની બાબત સરળ હોતી નથી. ભલે ક્યારેય ભારત અને પાકિસ્તાન એક કેમ રહ્યા ન હોય.ભોજનમાં પાકિસ્તાની દુગળી અને ભારતીય બટાટા હોવાની કલ્પના એક સામાન્ય ડાયલોગ હોઈ શકે છે. પરંતુ આ કલ્પનાને સાકાર કરી શકાય છે. ભારતમાં ડુંગળીનુ ઉત્પાદન ઓછુ થાય અને કિંમતો આસમાને પહોંચે છે ત્યારે બીજા દેશોમાંથી ડુંગળી મંગાવવાના બદલે ભારતીય સરકાર પાકિસ્તાનથી જ કેમ મંગાય છે. આનાથી ફાયદો બન્ને દેશોને થાય છે. અહીં રહેનાર લોકોને પણ અને પાકિસ્તાનને પણ ફાયદો થશે. પાકિસ્તાની કલાકારો ભારતમાં આવે અને ભારતીય કલાકારો પાકિસ્તાનમાં જાય , વેપારી પણ એકબીજાના દેશમાં પહોંચે તે જરૂરી છે. નવા નિયમોને વધારે સરળ બનાવી શકાય છે. વિઝા નિયમો સરળ બની શકે છે. પ્રવાસના ક્ષેત્રમાં વધારે શક્યતા ચકાસી શકાય છે. કાશ્મીર કોઈ સ્વર્ગથી ઓછી જગ્યા તરીકે નથી. કાશ્મીરનો જે હિસ્સો ભારતની પાસે છે અને જે હિસ્સો પાકિસ્તાનની પાસે છે તે બન્ને સ્વર્ગ સમાન છે. જ્યારે વિચારધારા એક છે , સમસ્યા એક છે, ભોજન એક છે તો સમસ્યા ઉકેલવામાં તકલીફ શુ છે. જ્યારે મિત્રતાની વાત નીચેથી ઉપ સુધી જશે ત્યારે પરિણામ પણ રચનાત્મક જ મળશે. આટલા વર્ષો સુધી ભારત અને પાકિસ્તાનને દુશ્મનાવટ નિભાવવાથી કઈ મળ્યુ નથી. એક વર્ષ સુધી દિલથી દિલ મિલાવવામાં આવે તો કેટલીક સમસ્યાને સરળતાથી ઉકેલી શકાય છે. જરૂર માત્ર એક પગલુ સારી ભાવના સાથે આગળ વધારી દેવાની છે. આના માટે કોઈ ખાસ પગલા લેવાની પણ જરૂર નથી. માત્ર વિચાર અને જોવાની દ્રષ્ટિને બદલી દેવાની જરૂર છે. સ્થાયી વિવાદોને ઉકેલવાના પ્રયાસ પણ થવા જોઈએ પરંતુ આની આડમાં બીજા દરવાજાને બંધ કરવા જોઈએ નહી. શાક જો પાકિસ્તાની ડુંગળી અને ભારતીય બટાકાથી બને તો વધારે સ્વાદિષ્ટ બનશે. ભારત મિત્રતા અદા કરવા માટે તૈયાર છે. પાકિસ્તાનને સૌથી પહેલા વિશ્વાસ નિર્માણની ગતિવિધી મોટા પાયે હથ ધરવી પડશે. ત્રાસવાદીઓનો ખાતમો કરવો પડશે. ઈમાનદારીપૂર્વક ત્રાસવાદી કેમ્પો ખતમ કરવા પડશે. ભારત ત્રાસવાદના ખાતમા માટે પણ પાકિસ્તાનની મદદ કરીશકે છે.

વર્ષો સુધી દુશ્મનાવટ નિભાવીને ભારત અને પાકિસ્તાનને કઈ પણ મળ્યુ નથી

લાભ શુ છે : કેન્સર સહિત પાંચ બિમારીથી બચાવ થઈ શકે છે

પાણીમાં જીરુ ઉકાળીને પીવાથી લાભ

અમારા ઘરમાં દરરોજ અનેક પ્રકારના ખાદ્ય પદાર્થ બનાવવામાં આવે છે. જેમા દાળ અને શાકભાજીનો ઉપયોગ તો નિયમિત રીતે ભોજનમાં કરવામાં આવે છે. આના માટે જીરાનો ઉપયોગ કરવામાં આવે છે. ભોજનને સ્વાદિષ્ટ બનાવી દેવાની સાથે સાથે જીરાના અન્ય કેટલાક ઉપયોગ રહેલા છે. જીરાને પાણીમાં ઉકાળીને પીવાથી અનેક બિમારીઓ દુર થાય છે. આના કારણે તમે ગંભીર પ્રકારની બિમારીના સકંજામાં આવવાથી બચી શકો છો. હવે ફાયદા અંગે પણ માહિતી મેળવી લેવાની જરૂર દેખાઈ રહી છે. કેન્સર એક એવી બિમારી છે જેના કારણે દર વર્ષે કરોડો લોકોના મોત થાય છે. તેની સારવારના કારણે લાંબી પ્રક્રિયા ચાલે છે. આના કારણે શરીર ખુબ કમજોર થઈ જાય છે. જીરામાં રહેલા એન્ટી કેન્સર ગુણના કારણે લોકો કેન્સરના સંકજામાં આવવાથી બચી જાય છે. જેથી પોતાના ભોજનમાં જીરાનો ઉપયોગ કોઈને કોઈ પ્રકારની ચીજોમાં કરવામાં આવે તે જરૂરી છે. જેથી જીરાના અનેક મહત્વ રહેલા છે. જે લોકો ડાયાબિટીસનો સામનો કરી રહ્યા છે તેમના માટે પણ જીરો ઉપયોગી સાબિત થઈ શકે છે. જીરુ એક અસરકારક દવા તરીકે કામ કરે છે. તેની પાછળ વૈજ્ઞાનિક કારણો પણ રહેલા છે. હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે જીરામાં એન્ટી ડાયબેટિક ગુણ રહેલા છે. એન્ટી ડાયબેટિક ગુણ શરીરમાં શુગર લેવલને કન્ટ્રોલ કરીને ડાયાબિટીસથી થનાર જોખમને બચાવે છે. ડાયાબિટીસના જોખમને બચાવી લેવામાં ભૂમિકા અદા કરે છે. વજનને ઘટાડી દેવા માટે કેટલાકપ્રકારના ડાયટનો ઉપયોગ કરવામાં આવે છે. જીરોના ગરમ પાણીમાં ઉકાળીને પીવાથી વજનને ઘટાડી દેવામાં મદદ મળે છે. આવુ એટલા માટે પણ ઉપયોગી છે કે જીરામાં શરીરમાં વધારાના ફેટને ઉતારી દેવામાં



જીરાનો ઉપયોગ ઘરમાં દરરોજ થાય છે : ભોજનને સ્વાદિષ્ટ બનાવવાની સાથે સાથે જીરુ આરોગ્યને પણ લાભ પહોંચાડે છે

ભૂમિકા રહેલી છે. જેથી કોરોના વાયરસની સ્થિતીમાં હાલમાં જે લોકો વજન ઘટાડી દેવા માટે ઈચ્છુક હોય છે તે લોકો જીરાનો ઉપયોગ કરી શકે છે. જીરાનો ઉપયોગ કરીને સારા પરિણામ હાંસલ કરી શકાય છે. કોઈ પણ બિમારીથી બચવા માટે શરીરમાં રોગપ્રતિકારક ક્ષમતા ઉપયોગી છે. રોગ પ્રતિકારક ક્ષમતા જે લોકોમાં અને બાળકોમાં વધારે છે તે કોઈ પણ રોગ સામે લડી શકે છે. રોગ પ્રતિકારક ક્ષમતાને વધારી દેવા માટે શરીરમાં ઈમ્યુન સેલ્સ મજબુત રહે તે જરૂરી છે. જીરામાં ઈમ્યુન સેલને મજબુત કરે તેવા પૌષક તત્વો રહેલા છે. જેથી તેના નિયમિત રીતે ઉપયોગ કરવાથી લોકોની રોગપ્રતિકારક ક્ષમતા વધી જાય છે. આના કારણે અનેક બિમારીથી બચી શકાય છે. હવામાનમાં ફેરફાર થવા અથવા તો વાળ ખરીદ પડવાની સમસ્યાને ખતમ કરવામાં જીરાની ભૂમિકા રહેલી છે. હવામાનમાં ફેરફાર થવાની સ્થિતીમાં અથવા તો સ્થાન બદલી નાંખવાની સ્થિતીમાં જ્યારે પાણીમાં ફેરફાર થાય છે ત્યારે લોકોમાં સામાન્ય રીતે વાળ ખરી પડવાની સમસ્યા આવે છે. જીરામાં રહેલા તત્વો વાળને મજબુત કરવામાં ભૂમિકા અદા કરે છે. જીરાને એક ગ્લાસ પાણીમાં ઉકાળીને પીવાથી લાભ મળેછે. આના કારણે વાળની સમસ્યા દુર થઈ શકે છે. કોલેસ્ટ્રોલને ઘટાડી દેવામાં પણ તેની ભૂમિકા રહેલીછે. આમાં તે રામબાણ ઈલાજ તરીકે છે. જીરામાં કોલેસ્ટ્રોલને ઘટાડી દેવા માટે ખાસ ગુણ રહેલા છે. જેથી જે લોકો કોલેસ્ટ્રોલને ઘટાડી દેવા માટે ઈચ્છુક હોય છે જીરાનો ઉપયોગ કરે છે. જીરાના પાઉડર બનાવીને તેને પાણીની સાથે ઉપયોગ કરીને પીવાથી શરીરને લાભ થાય છે. આના કારણે શરીરમાં કોલેસ્ટ્રોલના પ્રમાણને નિયંત્રિત રાખવાથી લાભ થાય છે. જીરાના જુદા જુદા ઉપયોગ મારફતે રોગપ્રતિકારક ક્ષમતાને વધારી શકાય છે. હાલમાં કોરોના વાયરસના કારણે ભારતમાં કેસોની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. લાખ સુધી કેસોની સંખ્યા પહોંચવા આવી છે. આવી સ્થિતીમાં રોગપ્રતિકારક ક્ષમતા વધારી દેવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે જરૂરી છે.

સગર્ભા મહિલા-શિશુને ફ્લુના લક્ષણોથી કઈ રીતે બચાવ શકાય

ફ્લુથી સગર્ભા મહિલા કઈ રીતે બચે

ગર્ભાવસ્થા કોઈ પણ પરિવાર અથવા તો બનનાર માતાપિતા માતા માટે એક ખુશી લઈને આવે છે. અથવા તો એમ કહી શકાય છે કે એક નવી ખુશી અને જવાબદારી લઈને આવે છે. પરંતુ હાલમાં જ્યારે દુનિયામાં કોરોના વાયરસનો આતંક જારી છે ત્યારે તમામ માટે આ બાબત જાણવાની જરૂર છે કે બાળકને કઈ રીતે સુરક્ષિત રાખી શકાય છે. હાલના સમયમાં તબીબની મુલાકાત લેવાથી લઈને મેડિકલ ટેસ્ટ સુધીની બાબત અંગે નિર્ણય લેવામાં મુશ્કેલી પડે છે. જે મહિલાઓ માતા બનવા જઈ રહી છે તે મહિલાઓને બાળકની સાચવણી ખુબ સાવધાનીપૂર્વક કરવાની રહેશે. જેમાં ખાવાથી લઈને દવા, પેરેન્ટલ વર્કઆઉટ , રિડિંગ અને અન્ય કેટલીક બાબતો સામેલ રહેલી છે. આની સાથે સાથે સગર્ભાવસ્થાથી પહેલાની રસી, ત્યારબાદની રસી, બાળક માટેના વેક્સીન, માતા માટેના વેક્સીન સહિતની તમામ બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. આ પોસ્ટમાં માતા બનનાર મહિલાઓ માટે કેટલીક ઉપયોગી માહિતી આપવા જઈ રહ્યા છીએ. આમાંથી એક પણ સાવધાની ન રાખવાની સ્થિતીમાં કેટલીક હાનીકારક બાબત બની શકે છે. ગર્ભાવસ્થા દરમિયાન ટિકાકરણની વાત કરવામાં આવે તો ભારતમાં આને લઈને કેટલાક ટ્રેન્ડ જોવા મળે છે. આ શ્રેણીમાં સૌથી પહેલી પરેશાની એ છે કે આ ટિકા ખુબ ઓછી જગ્યાએ ઉપલબ્ધ થાય છે. સાથે સાથે ગર્ભવતિ મહિલાઓમાં સુરક્ષા અને વેક્સીનને લઈને જાગરુકતા પણ ખુબ ઓછી છે. ગર્ભવતિ મહિલાઓ સામાન્ય રીતે સૌથી ઉપયોગી ગણાતી રસી એવી એન્ફ્લુએન્જા વેક્સીનની સામાન્ય રીતે અવગણના કરે છે. આ વેક્સીનને અમેરિકામાં તો ફરજિયાત ગણવામાં આવે છે. અમેરિકામાં નિષ્ણાંત તબીબો આને ફરજિયાત ગણે છે. આ



કોરોના વાયરસના ખતરા વચ્ચે તબીબો દ્વારા કેટલીક ઉપયોગી માહિતી પુરી પાડવામાં આવી : સુરક્ષિત કઈ રીતે રહી શકાય તે ઉપયોગી છે

બાબત તો તમામ લોકો સારી રીતે જાણે છે કે ગર્ભવતિ મહિલાઓને બીજી સામાન્ય મહિલાઓ કરતા હવામાને લગતી અથવા તો સિઝનલ બિમારી જેમ કે ફ્લુ, તાવ, શરદી અને ઉધરસ જેવી તકલીફ વધારે રહે છે. આ ઉપરાંત ગર્ભાવસ્થા દરમિયાન મહિલામાં મનૌવૈજ્ઞાનિકો ફેરફારના કારણે પમ જોખમ વધી જાય છે. સગર્ભા મહિલામાં રોગપ્રતિકારક ક્ષમતા તેની પોતાની નહીં બલ્કે બાળકના આરોગ્ય પર પણ આધારિત રહે છે. જ્યાં સુધી બાળક છ માસના ન થાય ત્યાં સુધી તેની જવાબદારી અદા કરવાની બાબત પડકારરૂપ રહે છે. જન્મ થયા બાદ પણ બાળકને પોતાની માતાની પાસેથી જ પોષણ મળે છે. આના કારણે બાળકની રોગપ્રતિકારક ક્ષમતા વધી જાય છે. ફ્લુ લાગી જવાની સ્થિતીમાં ગર્ભાવસ્થામાં ખતરો વધી જાય છે. કેટલાક અભ્યાસમાં આ બાબત સપાટી પર આવી ચુકી છે. આમા સમય કરતા પહેલા જન્મ, જન્મના સમય ઓછા વજન અને સિજેરિયન ડિલિવરી સામેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન એચવનએનવન રોગચાળા દરમિયાન મોટા ભાગની મહિલાઓ હોસ્પિટલમાં હતી અથવા તો આઇસીયુમાં એડમિટ દાખલ કરવામાં આવી હતી. આ મહિલામાં અન્ય મહિલાઓની તુલનામાં મોતનો જોખમ વધારે હતો. વક્સીન કેટલીક રીતે મદદ કરે છે. સગર્ભાવસ્થામાં મહિલાઓ અને બાળકોને ગંભીર બિમારીથી બચાવી લેવા માટે હજુ પણ ઈન્ફ્લુએન્જા વેક્સીન સૌથી ઉપયોગી રહેલી છે. બિમારીઓથી બચાવ માટે બાળકો મોટા ભાગે માતાપર આધારિત રહે છે. વર્ષ ૧૯૬૦માં પ્રથમ વખત ગર્ભવતિ મહિલાઓ માટે ઈન્ફ્લુએન્જા વેક્સીન તૈયાર કરવા માટે કહેવામાં આવ્યુ હતુ. ઈન્ફ્લુએન્જા વેક્સીન તૈયાર કરતા પહેલા વ્યાપક અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી.ભારતમાં પણ સગર્ભાવસ્થા દરમિયાન ઈન્ફ્લુએન્જા વેક્સીન માટેની ભલામણ કરવામાં આવી ચુકી છે.

આત્મનિર્ભર આર્થિક પેકેજમાં ગુમ મધ્યમ વર્ગ.. શુ ટીવી ડિબેટ પૂરતો જ...?!

કોરોના વાયરસનો સામનો કરવા માટે, દેશના લોકોની તકલીફો દૂર કરવા વડાપ્રધાનશ્રી મોદીજીએ ૨૦ લાખ કરોડ રૂપિયાનું આર્થિક પેકેજ જાહેર કર્યું. ત્યારબાદ નાણામંત્રી સીતારમને ચાર હમ્મે આર્થિક સહાયના ડોઝ આપવાનું શરૂ કરી દીધું જે ચારેય ડોઝનો ટોટલ રૂ.૨૦.૯૭ લાખ કરોડ થવા જાય છે. જેમા નોંધનિય બાબત એ રહી છે કે નાણામંત્રીએ કરેલ ભારત આત્મનિર્ભર આર્થિક પેકેજમા મધ્યમ વર્ગ ક્યાં ગુમ થઈ ગયો તેની ભાળજ મળતી નથી. વડાપ્રધાનશ્રીએ આત્મનિર્ભર આર્થિક પેકેજની જાહેરાત સમયે મધ્યમ વર્ગનો ઉલ્લેખ કર્યો હતો પરંતુ નાણામંત્રીએ તે વર્ગને કાઢી નાખ્યો છે. ત્યારે એક વાત ઉલ્લેખનિય છે કે ભારતમાં મધ્યમવર્ગ સદીઓથી આત્મનિર્ભર છે. સરકારને ભરોસે તો અમીર વર્ગ અને ગરીબો જ રહેતા આવ્યા છે. ઈતિહાસ તેનો સાક્ષી છે. પરંતુ એ હકીકત સ્વીકારવી રહી છે નોટ બંધી બાદ કોરોનાવાયરસે સૌથી મોટા પ્રમાણમાં મધ્યમ વર્ગ- લોઅર મધ્યમવર્ગને આર્થિક રીતે વધુ ભીસમા લઈ લીધો છે. આ એક એવો વર્ગ છે કે કોઈની પાસે હાથ લાંબો કરતો નથી કે લાચારી બતાવતો નથી. તેને પોતાના ઉપર વિશ્વાસ - આત્મવિશ્વાસ છે કે બેઠા થઈ જઈશું. મહામારીની સામે કોઈએ ઉપવાસ, તપશ્ચર્યા કરીને ભૂખનો સામનો કર્યો છે. પરંતુ તેના પરિણામો સારા નહી હોય.... ગરીબોની સંખ્યામાં વધારો થશે તો મધ્યમ વર્ગની સંખ્યામાં ઘટાડો થશે તે નિશ્ચિત છે.....! ખરેખર તો મોદીજીએ જે આર્થિક પેકેજ જાહેર કર્યું તેને શાસ્ત્રો અનુસાર ગુપ્તદાન જ કહેવાય....! કારણ કે કોઈને પણ ખબર નથી કે કોણ લેશે અને કેટલા લેશે....? જો કે નાણામંત્રીએ બે દિવસ પહેલાની ટ્વિટમાં કહ્યું હતું કે છેલ્લા ત્રણ મહિનામાં ૮૬,૬૦૦ કરોડની લોન અપાઈ છે... ત્યારે સવાલ ઉઠી રહ્યો છે કે સમગ્ર દેશમા- આપણે ર્ઈષ્ઠાર્દ્બહ મા હતા તો લોન કોણે લીધી....?

મહામારીને રોકવા માટે lockdown જાહેર કર્યું તે સાથે તેના નિયમોનો અમલ આમ પ્રજાને પણ કરવાનો... પરંતુ આ નિયમોનું પાલન જૈન ધર્મનો જન્મ થયો ત્યારથી તેના સંતો, આચાર્યો, મહારાજ સાહેબો,મહાસતીજીઓ અને સમગ્ર જૈન સમાજ કરતો આવ્યો છે. આપણે જેને માસ્ક કહીએ છીએ તે જૈનોની મુહપતિ છે,ડિસ્ટન્સનો અમલ જૈનોમા મ હ ા ર ા જ સાહેબો,મહાસતિજીઓથી સંસારીઓ અંતર જાળવવુ ફરજીયાત છે. શાકાહાર કરવો. જે જૈનોમાં પ્રથમથી જ શાકાહાર-કઠોળને સ્થાન છે. તો ક્વોરોન્ટાઈન થવુ જે જૈનોમા સામાયક-પોષો કરવો એ એકાત છે. ટૂંકમાં સમગ્ર વિશ્વમાં લોકડાઉન દરમિયાન જૈન ધર્મ શાસ્ત્રોએ બતાવેલ રસ્તાનો અમલ કરવા તરફ જવું પડ્યું છે. જેનો સીધો-સરલ અર્થ છે કે જૈન ધર્મ વિજ્ઞાનના સિદ્ધાંત પર રચાયેલો છે.... જે વાત સ્વીકારવી રહી...! અત્યારે દેશમાં આત્મનિર્ભર થવાની વાત પર જોર આપવામાં આવી રહ્યું છે. ત્યારે લોકો કહે છે ભાઈ આત્મનિર્ભર તો અમારી પેઢી દર પેઢીથી ચાલ્યું આવે છે.સ્વદેશી ચીજ વસ્તુઓજ વાપરતા રહ્યા છે. પરંતુ એક વાત સ્વીકારવી રહી કે લોકો વિદેશી વસ્તુઓનો મોહ છોડી દે... વિદેશી વસ્તુઓ ખરીદે નહી કે ઉપયોગ કરે નહી ભલે તે સસ્તી હોય... અમારી પેઢીઓ દેશી વસ્તુઓ જ વાપરતા હતા. પરંતુ સુખી-સંપન્ન લોકો માં વિદેશી ચીજવસ્તુઓનો મોહ વધુ છે એટલે આત્મનિર્ભરનો અમલ તો સાંસદો, ધારાસભ્યો,ચૂટાયેલા નેતાઓથી શરૂ થાય તે સાથે સ્વદેશી ઉત્પાદનો જ ખરીદીને વાપરે તો દેશની આર્થિક હાલત ઝડપભેર સુધરી જાય.... અને તેના કારણે દેશના એક પણ જાહેર સાહસો પણ વેચવા ન પડે.....! સ્વદેશી કોઈ પણ પેકિંગ પર નજર કરો તો જેના પર બારકોડ ૮૯૦ પ્રિન્ટ હોય છે તો આ બારકોડ ભારતમા જ ઉત્પાદન થયેલી ચીજવસ્તુઓના પેકીંગ પરજ છાપેલો હોય છે. તો ચાલો આત્મનિર્ભર થવાની શરૂઆત કરીએ આપણે ચૂટેલા નેતાઓથી....!

આર્થિક રાહત પેકેજમાં મધ્યમ વર્ગ ક્યાં.....? તો..... તેને માટે તો ગરીબોને સબસીડી મળી,અમિરોને મળ્યુ રિબેટ, મધ્યમ વર્ગ ટીવી જુઓ તમને મળશે ડિબેટ...આ બાબત સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. ત્યારે એક ઘટના જૂનાગઢની સામે આવી છે જેમાં એક બંધ હોટેલના તાળા તોડી કેટલાક અંદર ઘૂસી જઈ ખાવાનું બનાવીને ખાઈને કાંઈ પણ વસ્તુ લીધા વગર ભાગી ગયા. આ વાત શું સૂચવે છે.....? નિષ્ણાતોના કહેવા અનુસાર આગામી દિવસોમાં વધુ કપરી સ્થિતિ ઉભી થઈ શકે છે.....! કારણ ર્ઈષ્ઠાર્દ્બહ મહામારી સામે લડવાનો ઉપાય નથી. lockdown છતાં કોરોના દર્દીઓની સંખ્યા વધતી જઈ રહી છે જે સૂચક છે.....! તો સરકારે આર્થિક રાહતના નામે લોન આપવાની જાહેરાત કરી છે... ખરેખર તો સહાય કોને કહેવાય કે જે આપ્યા પછી પરત નથી લેવાની તેને.... અમેરિકામાં દરેક નાગરિકના એકાઉન્ટમાં ૧૦૦૦ ડોલરની સહાય અપાઈ... તો ફ્રાન્સે ગેસ અને વીજળી બીલ માફ કર્યા છે. ભારતમાં રાજસ્થાન સરકારે શાળા ફી માફી- વીજળી માફી આપી છે. ત્યારે કેન્દ્ર સરકારે દેશની પ્રજાને શું આપ્યું.....? પોતાના ઘરમાં બંધ રહો, નિયમો પાળો,ધરમા વૃધ્ધોની સંભાળ રાખો, ગરીબને-ભૂખ્યાને ખાવાનુ આપો, સરકારને ફાળો આપો. ત્યારે દેશનાજ પરપ્રાતૃઓથી વતન જવા ભાડુ વસુલ્યુ.. કે જેઓ ભારતના વિકાસના કામોમાં વ્યસ્ત હતા. અને આ પૈકીના લાખો કામદારોને પગપાળા ઘરે જવાનું..... ત્યારે જેઓને ભારત પસંદ ન હતું તેવોઓ વિમાન દ્વારા પરત આવી રહ્યા છે અને ભારત પહોંચ્યા બાદ વતન પહોચવા ફ્રી બસ સેવા.....! હવે કહો આમાં કોણ દેશ પ્રેમી....? અને આપણે આપણા સારા ભવિષ્યની આશા રાખી રહ્યા છીએ.....કે જ્યા પીએચડી, ગ્રેજ્યુએટો, ડૉક્ટરો, એન્જિનિયરો, ભણેલાઓ મોહાન્ધ બની જઈને મેટ્રીક ફેલ નેતાઓને મત આપી ચૂટી મોકલે છે..... અને એટલે જ ૨૫-૩૦ વર્ષ નોકરી કરનારનો પેન્શન અધિકાર નહી.... તો પછી ૫ વર્ષ રાજકારણમાં જેતી જનાર માટે પેન્શન.... આને શું કહેવાય....? કોણ અબુધ-ના સમજ.....? વંદે માતરમ્



વડા પ્રધાન મોદીએ દેશની જનતાને આત્મનિર્ભર થવાની હાકલ કરી છે. ચોક્કસ તેમનો આ સંદેશ આવનારા ભવિષ્યને ઉજળું બનાવવાના નિર્ધાર સાથેનો છે, પરંતુ વર્તમાન કંઈક ઔર જ કહે છે. બે લાકડીના સહારે ઊભેલો આ માણસ વસઈ હાઈ વે પર કોઈ વાહનની રાહ જોઈ રહ્યો છે, કારણ કે તેના જેવા કરોડોને હાલમાં કોઈ સહારો નથી ત્યારે માઈબાપ કહેવાતી કેન્દ્ર ને રાજ્યની સરકારો હોવા છતાં જનતાએ જાતભરોસે જ રહે તેને આત્મનિર્ભર થયેલા કહેવાય?

લદ્દાખમાં ભારત-ચીન વચ્ચે ફરી તણાવ, ગાલવન નદી પાસે બન્ને દેશોએ સૈનિકો ગોઠવ્યા

વર્ષ ૧૯૬૨ના યુદ્ધમાં પણ ગાલવન નદીનો આ વિસ્તાર યુદ્ધનું મુખ્ય કેન્દ્ર હતુ : મીડિયા અહેવાલ પ્રમાણે ગાલવન નદીના કિનારે ચીન સેનાના કેટલાક ટેન્ટ જોવા મળ્યા

લેહ

લદ્દાખમાં ભારત અને ચીન વચ્ચે તણાવ સર્જાયો હોવાની માહિતી મળી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ગાલવન નદીના કિનારે ચીનની સેનાના કેટલાક ટેન્ટ જોવા મળ્યા છે. ત્યારબાદ ભારતે અહીં લશ્કર ગોઠવ્યું છે. વર્ષ ૧૯૬૨ના યુદ્ધ સમયે પણ ગાલવન નદીનો આ વિસ્તાર જ યુદ્ધનું મુખ્ય કેન્દ્ર હતું. તાજેતરમાં પણ અહીં બન્ને દેશ વચ્ચે તણાવ જોવા મળ્યો છે. આ સ્થિતિ વચ્ચે ચીને કહ્યું છે કે ભારતે અહીં તણાવની શરૂઆત કરી છે. પણ અમને વિશ્વાસ છે કે અહીં ડોકલામ જેવી સ્થિતિ નહીં સર્જાય.

અત્રે ઉલ્લેખનીય છે કે નોર્થ સિક્કીમના નાકૂ લા સેક્ટરમાં ભારત અને ચીનના લશ્કર વચ્ચે ઝપાઝપી થઈ હતી. તે સમયે લદ્દાખમાં લાઈન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ (ન્છઝ) પાસે ચીનના સૈન્યના હેલિકોપ્ટર જોવા મળ્યા હતા. ત્યારબાદ ભારતીય વાયુસેનાએ પણ સુખોઈ સહિત અન્ય લડાકૂ વિમાનથી પેટ્રોલિંગ શરૂ કર્યું હતું.

અહેવાલ પ્રમાણે તાજેતરના દિવસોમાં ન્ઝ પર ચીનની હિલચાલ પર સરકાર ચાંપતી નજર રાખી રહી છે. ચીનની સૈન્ય ગતિવિધિ અને અવર-જવર આ ક્ષેત્રમાં વધી ગઈ છે. સ્થિતિને જોતા ભારતે પણ સેનાની ઉપસ્થિતિ વધારી દીધી છે. આ ક્ષેત્રમાં અનેક વખત સૈના વચ્ચે ઝપાઝપી થઈ ચુકી છે. આ વખતે સ્થિતિ ગંભીર નજર આવે છે. કારણ કે આ ઘટના છેલ્લા એક સપ્તાહથી થઈ રહી છે.

ગાલવન નદીના આ ક્ષેત્ર ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધમાં પણ ખાસ હતું. અહીં ભારતીય સેનાની એક પોસ્ટ હતી, જેને ચીનના સૈનિકોએ ઘેરી લીધી હતી ત્યારબાદ અહીં જે ઝપાઝપી થઈ તેણે યુદ્ધનું સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. સોમવારના રોજ વાયુસેનાના વડા આરકેએસ ભદૌરિયાએ ચીનનો ઉલ્લેખ કરતા કહ્યું કે આ અસાધારણ ગતિવિધિ થઈ છે. આ પ્રકારની ઘટનાઓ પર અમે સતત નજર રાખી રહ્યા છીએ અને આવશ્યક કાર્યવાહી પણ કરી છીએ. આ પ્રકારના કેસમાં વધારે ચિંતા કરવાની જરૂર નથી. નવ મેના રોજ નોર્થ સિક્કીમના નાકૂ લા સેક્ટરમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ઝડાઝપી થઈ હતી.

ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સમાં સોમવારે પ્રકાશિત આર્ટીકલમાં ગાલવન નદી (ઘાટી) ક્ષેત્રમાં તણાવ માટે ભારતને જવાબદાર ઠરાવ્યું છે. અખબારે ચીન સેનાને ટાંકી કહ્યું છે કે ભારત આ વિસ્તારમાં ગેરકાયદેસર નિર્માણ કરી રહ્યું છે. તેને લીધે ચીને ત્યાં પોતાના સૈનિકો વધાર્યા છે. જોકે, અમને વિશ્વાસ છે કે તેને ડોકલામ જેવી સ્થિતિ બનવા દેવામાં આવશે નહીં. ભારત કોવિડ-૧૯ને લીધે આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યું છે. તે લોકોનું ધ્યાન અન્યત્ર ખસેડવા માટે ગાલવનમાં તણાવનું નિર્માણ કર્યું છે. ચીન અહીં મજબૂત સ્થિતિમાં છે.

કોરોના પગલે ચીનને સજા આપવા ૬૨ દેશોએ ચક્રવ્યુહ બનાવ્યું

ભારત સહિત વિશ્વના ૬૨ દેશોએ આ સંદર્ભે તપાસ કરવા માંગ કરી

વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં યુરોપિયન યુનિયન તરફથી પ્રસ્તાવ રજૂ કરાયો

ઈન્ટરનેશનલ હેલ્થ રિસ્પોન્સની નિષ્પક્ષ, સ્વતંત્ર અને વિસ્તૃત તપાસની માંગ

નવી દિલ્હી

કોરાના વાયરસની શરૂઆત વુહાન શહેરથી થઈ હતી તે તમામ લોકો જાણે જ છે. ઘણા રિપોર્ટ્સમાં દાવો છે કે ચીને શરૂઆતમાં આ વાયરસના મામલા છુપાવ્યા. ધીમે ધીમે કોરોના સમગ્ર દુનિયામાં ફેલાઈ ગયો છે અને હવે સ્થિતિ એવી છે કે ત્રણ લાખથી વધારે લોકોના મોત થયા છે. ચીનની જવાબદારી નક્કી કરવાની ડિમાન્ડ દુનિયાના ઘણા દેશોએ ઉઠાવી છે. ચીનને એક રીતે 'સંરક્ષણ' આપવા માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન પર પણ સવાલ ઊઠી રહ્યા છે. હવે ભારત સહિત દુનિયાના ૬૨ દેશોએ આ બંને વાતને એક સાથે જોડીને સ્વતંત્ર તપાસની માંગણી કરી છે. સોમવારે વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં યુરોપિયન યુનિયન તરફથી એક પ્રસ્તાવ રજૂ કરવામાં આવશે. જેમાં માંગણી કરવામાં આવી છે કે કોવિડ-૧૯ને લઈને ડબલ્યુએચઓના નેતૃત્વમાં ઈન્ટરનેશનલ હેલ્થ રિસ્પોન્સની 'નિષ્પક્ષ, સ્વતંત્ર અને વિસ્તૃત તપાસ' થાય. ડબલ્યુએચઓનો આ પ્રસ્તાવ સર્વસમંતિથી પસાર થઈ શકે છે. સૂત્રોએ દ્વારા પ્રાપ્ત કરેલ માહિતી મુજબ, પ્રસ્તાવની ભાષા એવી છે કે ના તો ચીન, અને ના તો અમેરિકાએ તેનો વિરોધ કર્યો. જોકે આ બંને દેશો ૬૨ દેશોના લિસ્ટમાં નથી જે પ્રસ્તાવને સમર્થન આપી રહ્યા છે. પ્રસ્તાવમાં ડબલ્યુએચઓ મહાસચિવને ઈન્ટરનેશનલ એજન્સી સાથે મળીને વાયરસના સોર્સની જાણકારી મેળવવા અને તે માનવોમાં કેવી રીતે ફેલાયો તેની તપાસ કરવાની ડિમાન્ડ કરવામાં આવી છે. ડબલ્યુએચઓના એક્ઝિક્યુટીવ બોર્ડની કમાન સોમવારે ભારતના હાથમાં હશે. દુનિયાના ઘણા દેશ કોરોના ફેલાવવામાં ચીનની ભૂમિકા પર શંકા વ્યક્ત કરી ચૂક્યા છે. પરંતુ ભારત અત્યાર સુધી તેનાથી બચતું આવ્યું છે. જો કે પીએમ નરેન્દ્ર મોદીએ ડબલ્યુએચઓ રિફોર્મ્સની વાત કરી હતી. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે તો ડબલ્યુએચઓને ચીનની કઠપૂતળી જણાવ્યું હતું. જો કે ઈયુના પ્રસ્તાવમાં ચીન અથવા વુહાનનું નામ નથી. તેને ચીનના મિત્ર રશિયાનું સમર્થન મળ્યું છે. ઈયુ અને ઓસ્ટ્રેલિયા ઉપરાંત પ્રસ્તાવના સમર્થનમાં જાપાન, ન્યુઝીલેન્ડ, બ્રાઝિલ, સાઉથકોરિયા, યુકે જેવા દેશો સામેલ છે. ભારતનું ઈયુના પ્રસ્તાવને સમર્થન આપવું સંપૂર્ણ રીતે યોગ્ય છે. કોરોના વાયરસ ભારત અને ચીન વચ્ચે કોઈ દ્વિપક્ષીય મુદ્દો નથી. આ ચીન અને ઈન્ટરનેશનલ કોમ્યુનિટી વચ્ચેની વાત છે. સમગ્ર દુનિયાને ભવિષ્યમાં આવી મહામારીથી બચાવનો અધિકાર છે. દુનિયાને આ હક છે તે જાણી શકે કે એવો ખતરનાક વાયરસ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો અને પછી માનવોમાં ફેલાયો. ડબલ્યુએચઓ અને ચીનને લઈને ઘણા દેશો નારાજગી વ્યક્ત કરી ચૂક્યા છે. ચીન અત્યાર સુધી આ મહામારી ફેલાવવામાં તેનો કોઈ હાથ ન હોવાનું રટણ કરતું આવ્યું છે. ટ્રમ્પે પણ કહ્યું હતું કે, જો આ મહામારી ફેલાવવામાં ચીન જવાબદાર હશે તો તેને પરિણામ ભોગવવું પડશે. તે આ વાયરસને વુહાન વાયરસ અને ચાઈનીઝ વાયરસ કહી ચૂક્યા છે. ચીને બધા આરોપોનું ખંડન કર્યું છે.

વડાપ્રધાન મોદી ૩૧ મે એ કરશે મન કી બાતઃ જનતા પાસે માંગ્યા સૂચનો

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મહિનાની ૩૧ તારીખે દેશ સાથે મન કી બાત કરશે. પોતાના રેડિયો કાર્યક્રમમાં ચર્ચા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનતા પાસે સૂચનો માગ્યા છે. એમ મોદીએ સોમવારે સવારે આ વિશે ટ્વીટ કરી અને જનતા પાસે સૂચનો આપવા અપીલ કરી. વડાપ્રધાને પોતાની ટ્વીટમાં લખ્યુ, ૩૧ મે એ થનારી મન કી બાત કાર્યક્રમ માટે હુ આપના સૂચનોની રાહ જોઈશ.

તે માટે ૧૮૦૦-૧૧-૭૮૦૦ પર મેસેજ રેકોર્ડ કરીને મોકલી શકાય છે. સાથે જ નમો એપ અથવા myGOV પર લખી શકાય છે.

ઉલ્લેખનીય છે કે કોરોના વાઈરસ મહાસંકટની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ ત્રીજી મન કી બાત હશે જે તેઓ લોકડાઉનમાં જ સંબોધિત કરશે. અગાઉ પીએમ મોદી માર્ચ, એપ્રિલ મહિનાના અંતમાં દેશાવાસીઓ સાથે વાત કરી ચૂક્યા છે. દેશમાં લૉકડાઉન ૪.૦નું એલાન થઈ ચૂક્યુ છે, જે ૩૧ મે સુધી લાગુ રહેશે. એવામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તે દિવસે પોતાના મન કી બાતમાં કંઈક કહી શકે છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ લૉકડાઉન ૧, લૉકડાઉન ૨નું એલાન દેશને સંબોધન કરીને કર્યું હતુ. જે બાદ લૉકડાઉન ૩, ૪ નુ એલાન ગૃહ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યુ હતુ.

ઝારખંડના મુખ્યમંત્રીએ ટ્વિટ કરતા યૂપીનુ તંત્ર સજાગ થયુ

અમાનવીય વર્તનઃ મૃત મજૂરો ભરેલા ટ્રકમાં ઘાયલોને બેસાડીને ઝારખંડ મોકલવામાં આવ્યા

પ્રયાગરાજ

આ સંવેદનહીનતા ભરેલી ઘટનાની પરાકાષ્ઠા છે કે જેમાં જીવતા મજૂરોની કોઈ કિંમત સમજવામાં ના આવી, અને મૃત્યુ પછી પણ તેમની સાથે સારો વ્યવહાર ના કરાયો. ઔરૈયા અકસ્માતમાં મરેલા મજૂરોના શબની સાથે અમાનવીયતાભર્યું વર્તન કરાયું હોવાનું સામે આવ્યું છે. ઔરૈયા માર્ગ અકસ્માતના શિકાર બનેલા મજૂરોના મૃતદેહને ટ્રકમાં ભરીને ઝારખંડ મોકલવામાં આવ્યા હતા. એટલુ જ નહીં તેમના શબની સાથે જ ઘાયલ મજૂરોને બેસાડવામાં આવ્યા હતા.

ઝારખંડના મુખ્યમંત્રી હેમત સોરેને આ મામલે ટ્વિટ કર્યું અને ત્યારે યુપીનું તંત્ર સજાગ થયું અને આનન-ફાનનમાં શબને શબવાહિનીમાં શિફ્ટ કરાયા. મુખ્યમંત્રી હેમંત સોરેને આ ઘટનાને અમાનવીય ગણાવી છે. તેમણે ટ્વીટ કર્યું છે, "આ સ્થિતિ અમાનવીય અને અત્યંત સંવેદનહીન છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મુખ્યમંત્રી નીતિશ કુમારને અપીલ કરી છે કે શબ સન્માન સાથે ઝારખંડ બોર્ડરમાં મોકલવામાં આવે."

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટ્રકો પ્રયાગરાજમાં દિલ્હી-હાવડા નેશનલ હાઈવે પર રોકવામાં આવી હતી અને શબ વાહન પહોંચાડવામાં આવ્યા. આ પછી શબને શબવાહિનીમાં શિફ્ટ કરવામાં આવ્યા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એક ટ્રક ડ્રાઈવરે જણાવ્યું કે મૃતદેહોમાંથી એટલી દુર્ગંધ આવતી હતી કે આગળ બેસવું પણ મુશ્કેલ હતું. કહેવાય છે કે લગભગ ૧૭ મૃતદેહોને ૩ ટ્રકમાં ભરીને ઝારખંડના બોકારે અને પશ્ચિમ બંગાળ મોકલવામાં આવ્યા હતા. જેમાં ૧૨ મૃતદેહ ઝારખંડ મોકલવામાં આવ્યા હતા. કહેવાય છે કે, મૃતક મજૂરોના નાકમાંચૂનો ભરાઈ ગયો હોવાના કારણે તેમની કોવિડ-૧૯ તાપાસના સેમ્પલ લઈ શકાયા નહીં અને તેમના ટેસ્ટ પણ ના થઈ શક્યા. જણાવી દઈએ કે ૧૬ મેના રોજ ઔરૈયામાં મજૂરો ભરેલી ટ્રક મોડી રાત્રે ૨.૪૫ વાગ્યે નેશનલ હાઈવે પર પલ્ટી ગયો હતો. જેમાં ૨૪ મજૂરોના મોત થયા હતા, જ્યારે ૪૦ ઘાયલ થયા હતા.

સરકારે આર્થિક રીતે નબળા વર્ગને મદદ કરવી જોઈએ

લેબર લૉને નબળો કરવાથી ઈકોનોમીમાં સુધારો નહીં આવેઃ અજીમ પ્રેમજી

લંડન

દેશના જાણીતા ઉદ્યોગપતિ અને અબજોપતિ અજીમ પ્રેમજીએ લેબર લૉને નબળો કરવાના રાજ્યના પ્રયાસોની નિંદા કરી છે. તેમણે જણાવ્યું છે કે લેબર લૉને નબળો કરવાથી અર્થવ્યવસ્થામાં કોઈ સુધારો આવશે નહીં. હાલ આર્થિક રીતે નબળા વર્ગને મદદ કરવાની જરૂર છે. લોકડાઉનને કારણે તેમની સ્થિતિ દયનીય થઈ ગઈ છે.

અજીમ પ્રેમજીએ તેમના લેખમાં લખ્યું કે, આ જાણકારી આશ્ચર્યજનક છે કે કેટલાક રાજ્ય લેબર લૉને પહેલા જ ફગાવી ચૂક્યા છે. પહેલા જ મજૂરોને ખૂબ જ ઓછી સુરક્ષા મળેલી છે. આવામાં લેબર લૉને નબળો કરવો અમાનવીય હશે. પ્રવાસી મજૂરો માટે સામાજીક સુરક્ષા નામની કોઈ વસ્તુ જ નથી.

પ્રેમજીએ જણાવ્યું કે, જો કાયદામાં ફેરફાર કરવામાં આવે છે તો પ્રવાસી મજૂરોની સ્થિતિ વધારે દયનીય થઈ જશે. તેમને ગ્રામીણ રોજગાર ગેરંટી કાર્યક્રમની જેમ શેહરી રોજગાર ગેરંટી કાર્યક્રમની વકીલાત કરી છે.

અમેરિકાના વિદેશ મંત્રીએ કોરોના સંક્રમણને લઈને ચીન પર નિશાન સાધ્યું

ચીનને વાયરસના સંક્રમણની ખબર હતી તો કેમ લોકોને બહાર ફરવા દીધા? : માઈક પોમ્પિયો

વૉશિંગ્ટન

કોરોના વાયરસના સંક્રમણને લઈને અમેરિકા એકવાર ફરીથી ચીન પર નિશાન સાધી રહ્યુ છે. અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ ચીન પર આરોપ લગાવતા કહ્યુ છે કે ચીને પોતાના લોકોને જાણી જોઈને દેશની બહાર નિકળવા દીધા છે, જ્યારે તેઓ જાણતા હતા કે આમ કરવાથી કોરોના વાયરસનું સંક્રમણ ફેલાઈ શકે છે. માઈક પોમ્પિયોએ કહ્યુ કે, આ પ્રકારના નિર્ણય સમજી વિચારીને લેવાતા હોય છે, જે દુનિયા માટે કોઈ પણ પ્રકારનું જોખમ ઉભુ કરી શકે છે. જ્યારે કોરોના વાયરસનો પ્રવેશ થઈ ચુક્યો હતો તો લોકો દુનિયામાં કેમ ફરી રહ્યા હતા? ચીનની કૉમ્યુનિસ્ટ પાર્ટીને તો તેનો જવાબ ખબર હશે, કારણ કે તેઓ જ જાણતા હતા કે કોરોના વાયરસનું ટ્રાન્સમિશન થશે.

માઈક પોમ્પિયોનું આ નિવેદન ત્યારે આવ્યુ છે જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યુ હતુ કે તેઓ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે અત્યારે કોઈ પણ પ્રકારની વાત કરવા નથી માંગતા. જો પરિસ્થિતિ બગડતી રહી તો અમેરિકા ચીન સાથે તમામ સંબંધ તોડી દેશે.

માઈક પોમ્પિયોએ કહ્યુ કે અમે જાણીએ છીએ કે ડિસેમ્બરમાં ચીનની સરકારને વાયરસ વિશે માહિતી મળી ચુકી હતી, તેમ છતાં ચીને લોકોને બહાર નિકળતા રોક્યા ન હતા. અમેરિકાના વિદેશ મંત્રીએ કહ્યુ અમેરિકાએ સૌથી પહેલા ચીનની ફ્લાઈટ બંધ કરી, પરંતુ ત્યાં સુધી યૂરોપમાં આ વાયરસ ફેલાઈ ચુક્યો હતો. ત્યારબાદથી યૂરોપથી પણ આવતી બધી ફ્લાઈટ બંધ કરી દેવામાં આવી હતી. જ્યારે પોમ્પિયોને પૂછવામાં આવ્યુ હતુ કે શું અમેરિકા ચીન સાથેના સંબંધ તોડી દેશે? ત્યારે તેમણે કહ્યુ કે, તેનો નિર્ણય રાષ્ટ્રપતિ કરશે અને તેમનો નિર્ણય અંતિમ નિર્ણય રહેશે.

નિફ્ટી ૩૧૩ના ઘટાડા સાથે ૮૮૨૩ની સપાટીએ

શેરબજારને પસંદ ના આવ્યુ ૨૦ લાખ કરોડનું પેકેજઃ સેન્સેક્સમાં ૧૦૬૮ પોઈન્ટનું ગાબડુ

મુંબઈ

સાર્વત્રિક વેચવાલીને પગલે સેન્સેક્સ અને નિફ્ટીમાં આજે મોટો ઘટાડો નોંધાયો છે. બજાર બંધ થયું ત્યારે સેન્સેક્સ ૧૦૬૮ પોઈન્ટ્સના ઘટાડા સાથે ૩૦,૦૨૮ જ્યારે નિફ્ટી ૩૧૩ પોઈન્ટ્સના ઘટાડા સાથે ૮,૮૨૩ પોઈન્ટ્સ પર બંધ થયા હતા. આજે આઈટી, ફાર્મા સિવાયના મોટાભાગના શેર્સમાં વેચવાલી જોવા મળી હતી. સૌથી વધુ ધોવાણ બેન્કિંગ શેર્સમાં થયું હતું.

કેન્દ્ર સરકારે જાહેર કરેલા ૨૦ લાખ રુપિયાના પેકેજથી નાખુશ શેરબજારમાં આજે મોટાપાયે વેચવાલી જોવા મળી હતી. ઉલ્લેખનીય છે કે, ગયા સપ્તાહે પેકેજની આશાએ બજાજ ઠીકઠાક રહ્યું હતું. જોકે, હવે આ પેકેજને લગતી તમામ જાહેરાતો પૂરી થઈ ચૂકી છે, ત્યારે અનેક એક્સપર્ટ તેની સામે સવાલો કરી ચૂક્યા છે. તેવામાં બજારે પણ આ પેકેજને નકાર્યું છે.

આજે સેન્સેક્સ ૩૧,૨૪૮ના સ્તર પર ખૂલી સતત ઘટતો રહ્યો હતો. ૨૯,૯૬૮નો લો બનાવી આખરે તે ૩૦,૦૨૮ના લેવલ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૯,૧૫૮ પર ખૂલી ૮,૮૦૬નો લો બનાવી ૮,૮૨૩ પર બંધ થયો હતો.

નિફ્ટીમાં આજે સિપ્લા, ટીસીએસ, ઈન્ફાટેલ, ઈન્ફી, એચસીએલ ટેક્નો, આઈટીસી જેવા શેર્સમાં ૫.૫૧ ટકાથી લઈને ૦.૦૯ ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે સૌથી વધુ ઘટનારા શેર્સમાં ઈન્ડસિન્ડ બેંક, ઝીલ, આઈશર, બીપીસીએલ, મારુતિ, એચડીએફસી, એક્સિસ, બજાજ ઓટો, ICICI, બજાજ ફાઈનાન્સ એસબીઆઈ રહ્યા હતા.

સેન્સેક્સના ૩૦ શેર્સમાં બેન્કિંગ શેર્સ સૌથી ખરાબ રીતે ધોવાયા હતા. આજના દિવસના કામકાજના અંતે ઈન્ડસિન્ડ બેંક ૯.૬૫ ટકા ઘટાડા સાથે રુ. ૩૭૮, એચડીએફસી ૭.૪૨ ટકાના ઘટાડા સાથે રુ. ૧૫૧૪, એક્સિસ ૭.૫૫ ટકાના ઘટાડા સાથે રુ. ૩૫૯, ICICI ૭.૪૪ ટકાના ઘટાડા સાથે ૨૯૮.૬૫, મારુતિ ૭.૪૦ ટકાના ઘટાડા સાથે ૪૭૨૩, બજાજ ફાઈનાન્સ ૭ ટકાના ઘટાડા સાથે ૧૯૪૦ના લેવલે બંધ આવ્યા હતા.

મજૂરો નોયડાથી બિહાર જઈ રહ્યા હતા

ઉ.પ્રદેશના હમીરપુરમાં બસ પલટી જતાં ૧૫ મજૂરો ઘાયલ

હમીરપુર

ઉત્તર પ્રદેશનાં હમીરપુરમાં સોમવારે સવારે બસ પલટી જવાથી ૧૫ પરપ્રાંતિય મજૂરો ઘાયલ થયા હતા. અકસ્માત દરમિયાન બસની અંદર ૩૧ લોકો હતા. પ્રાથમિક માહિતી અનુસાર, આ બસ અકસ્માત સોમવારે વહેલી સવારનાં સમયે બન્યો હતો, જ્યારે રોડવેઝ બસ નોયડાથી મજૂરોને લઈને જઈ રહી હતી. દરમિયાન બસ અકસ્માતમાં પડી હતી અને હમીરપુર સીટી ફોરેસ્ટ નજીક પલટી ખાઈ ગઈ હતી. ઘાયલ મજૂરોને નજીકની જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જયાં તેઓની સારવાર ચાલી રહી છે. યુપીનાં કુશીનગર જિલ્લાનાં પટહરેવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રવિવારે રાત્રે, નોયડાથી બિહાર તરફ જતા પરપ્રાંતિય મજૂરોની એક બસ ડુંગળીથી ભરેલી ટ્રક સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ૧૨ લોકો ઘાયલ થયા હતા. બસનાં ચાલક અને ખલાસીની હાલત ચિંતાજનક છે, જેને જિલ્લા હોસ્પિટલમાં રીફર કરાયા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ડીએમ અને એસપીને તપાસનાં નિર્દેશ આપ્યા છે.



માઈગ્રન્ટ્સનો અને બસો દોડાવવા માટેની વાતો અને એનું રાજકારણ ભલે કર્યા કરતી. હરિયાણાના કર્નાલથી પોતાના રાજસ્થાનમાં પોતાના મૂળ ગામ જવા માટે આ પરપ્રાંતીય પરિવાર સ્કૂટર સાથે જ નાનું ટ્રેલર જોડી, ઘરવખરી સાથે સફર શરૂ કરી દીધી.

રેલ્વેએ અત્યાર સુધી ૧૦૭૪ શ્રમિક સ્પેશિયલ ટ્રેન દોડાવી ૧૪ લાખ કામદારોને વતન પહોંચાડ્યા

ન્યુ દિલ્હી

ભારતીય રેલવેએ પહેલી મેથી અત્યાર સુધીમાં ૧,૦૭૪ શ્રમિક સ્પેશિયલ ટ્રેન દોડાવી છે અને ૧૪ લાખ કામદારોને તેમના વતન પહોંચાડ્યા છે, એવી શનિવારે માહિતી આપવામાં આવી હતી. રેલવેએ જણાવ્યું હતું કે તેમની પાસે રાજ્યો પાસેથી છેલ્લા ૧૫ દિવસમાં એક હજારથી વધુ મંજૂરી આવી હતી. સૌથી વધુ કામદારો ઉત્તર પ્રદેશ પરત ફર્યા હતા.

પોતાના રાજ્યના શ્રમિકો માટે ઉત્તર પ્રદેશ અને બિહારની સરકારના સક્રિય અભિગમની રેલવે પ્રધાન પીયૂષ ગોયલે પ્રશંસા કરી હતી.છેલ્લા બે-ત્રણ દિવસથી રોજના બે લાખથી વધુ પ્રવાસીએ ટ્રેનોમાં મુસાફરી કરી છે.

મોટા ભાગની ટ્રેન (૩૮૭) ઉત્તર પ્રદેશ માટે હતી. ઉત્તર પ્રદેશે ૫૨૬ ટ્રેનની મંજૂરી આપી છે. બિહારે ૨૬૯ ટ્રેનને અને મધ્ય પ્રદેશે ૮૧ ટ્રેનને મંજૂરી આપી છે. ઝારખંડે ૫૦ ટ્રેનને, ઓડિશાએ ૫૨ ટ્રેનને, રાજસ્થાને ૨૩ ટ્રેનને અને ૫. બંગાળે ૯ ટ્રેનને મંજૂરી આપી હતી.

જોકે, આ સ્પેશિયલ અને શ્રમિક સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન રાજકીય કાદવ ઉછાળનું કેન્દ્ર બન્યું હતું અને વિરોધ પક્ષોએ શ્રમિકો પાસેથી ટ્રેનની મુસાફરીના ભાડા વસૂલ કરવાનો આક્ષેપ કર્યો હતો.

કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કરી હતી કે ભાડાની રકમના ૮૫ ટકા ખર્ચ રેલવે અને ૧૫ ટકા ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે. રેલવે પાસે રોજની ૩૦૦ શ્રમિક સ્પેશિયલ ટ્રેન દોડાવવાની ક્ષમતા છે.

રેલવે પ્રધાન ગોયલે ૫. બંગાળ, રાજસ્થાન, છત્તીસગઢઅને ઝારખંડ રાજ્યને વધુ ટ્રેનોને મંજૂરી આપવા વિનંતી કરી હતી.

નફરત ફેલાવવા બદલ ઝાકીર નાઈકની પીસ ટીવીને ત્રણ લાખ પાઉન્ડનો દંડ

લંડન

બ્રિટનમાં મિડિયા પર નજર રાખનારા રેગ્યુલેટર ઓફકોમે વિવાદિત ઈસ્લામિક પ્રચારક ઝાકિર નાઈકના પીસ ટીવી નેટવર્ક પર દેશમાં "નફરત ફેલાવવા" અને "અત્યંત વાંધાજનક" સામગ્રીનો પ્રસાર કરવા માટે ત્રણ લાખ પાઉન્ડ (લગભગ ૨ કરોડ ૭૫ લાખ રૂપિયા)નો દંડ ફટકાર્યો છે.

સંદેશાવ્યવહાર સેવાઓ માટે બ્રિટનના નિયમનકારે તેના પ્રસારણના નિયમોને તોડવા બદલ પીસ ટીવીનાં ઉર્દૂ લાઇસન્સ ધારકોને ૨ લાખ અને પીસ ટીવી પર ૧ લાખ પાઉન્ડનો દંડ ફટકાર્યો છે.

નિયમનકારે કહ્યું કે "અમારી તપાસમાં, એવું જાણવા મળ્યું છે કે પીસ ટીવી ઉર્દૂ અને પીસ ટીવી પર પ્રસારિત થતાં કાર્યક્રમોમાં નફરત ફેલાવનારા ભાષણો અને ખૂબ જ વાંધાજનક વિષય વસ્તુ દર્શાવાઈ છે." તેનાથી ગુનાઓ વધવાની પણ આશંકા છે."

ઓફકોમે એક નિવેદનમાં કહ્યું, "અમે આ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે આ સામગ્રી અમારા પ્રસારણના નિયમોનું પાલન કરવામાં ગંભીર નિષ્ફળતાઓને દર્શાવે છે અને તેના માટે દંડ લગાવવાની જરૂર છે." પીસ ટીવી પર લોર્ડ પ્રોડક્શન લિમિટેડનો માલિકી હક્ક છે, અને પીસ ટીવી ઉર્દુનું લાઇસન્સ ક્લબ ટીવી પાસે છે.બંનેની પેરેન્ટ કંપની 'યુનિવર્સલ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન લિમિટેડ' છે જેનો માલિક ઝાકીર નાઈક (૫૪) છે.

૧૫ જૂનની આસપાસથી મૉલ પરનો પ્રતિબંધ હટે તેવી શક્યતા

ન્યુ દિલ્હી

લોકડાઉન ચારનો પ્રારંભ થઈ ચુક્યો છે.જેમાં વેપાર ધંધા પરના પ્રતિબંધ તો હળવા કરાયા છે પરંતુ મોલ, મલ્ટીપ્લેક્સ પરનો પ્રતિબંધ યથાવત રખાયો છે.

જોકે સરકાર ૧૫ જુનની આસપાસથી મોલ પરનો પ્રતિબંધ હટાવી શકે છે તેવુ એક જાણીતી મલ્ટીપ્લેક્સ ચેઈનનના ચેરમેને ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં કહ્યુ છે.

તેમણે કહ્યુ હતુ કે, પંદર જુનની આસપાસથી મોલ ખુલી શકે છે અને તેના એકાદ બે સપ્તાહમાં સિનેમા ઘરો ખોલવાની પણ મંજુરી આપવામાં આવી શકે છે. જોકે તેમણે કહ્યુ હતુ કે, લોકડાઉન બાદ હવે સિનેમા હોલમાં બેઠક વ્યવસ્થામાં ફેરફાર આવી શકે છે.જેમ કે એક જ ફેલમિલીને એક જ ગ્રૂપમાં બેસાડવામાં આવી શકે છે.થીયેટરોમાં ઓછા લોકોને બેસાડીને થીયેટર ચલાવવામાં આવી શકે છે. હાલમાં લોકડાઉન પાર્ટ ચારમાં સિનેમા હોલ, શોપિંગ મોલ, જિમ, સ્વીમિંગ પુલ, એન્ટરટેનમેન્ટ પાર્કર, થિયેટર તમામ બંધ રાખવામાં આવ્યા છે.

કોઈ પણ રાજ્ય લોકડાઉનમાં સામેલ પ્રતિબંધોમાં છૂટ ન આપી શકેઃ ગૃહ મંત્રાલય

ન્યુ દિલ્હી

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ૩૧ મે સુધી લોકડાઉનના દિશા નિર્દેશમાં વધુ છૂટ ન આપવા કહ્યું છે. તમામ રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને રવિવારે રાત્રે લખેલા પત્રમાં મુખ્ય સચિવ અજય ભલ્લાએ કહ્યું- ચોથા તબક્કાના દિશા-નિર્દેશને પ્રધાનમંત્રી મોદીની તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ૧૧ મેના રોજ થયેલી બેઠક બાદ તમામ વાતોને ધ્યાનમાં રાખીને જાહેર કરવામાં આવ્યા છે. ગૃહ મંત્રાલયે કહ્યું, લોકડાઉન ૪માં પ્રતિબંધોમાં ઢીલ આપવામાં આવી છે. રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશ ગૃહ મંત્રાલયની ગાઈડલાઈનમાં સામેલ પ્રતિબંધોમાં છૂટ ન આપી શકે. રાજ્યોને તેમના કોવિડ-૧૯ મામલાની સંખ્યા જોઈને રેડ, ગ્રીન અને ઓરેંજ ઝોનમાં વહેંચવાનો અધિકાર આપવામાં આવ્યો છે. અનેક રાજ્યોના મુખ્યમંત્રી આની માંગ કરી રહ્યા હતા. રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના મુખ્ય સચિવોને લખેલા પત્રમાં ભલ્લાએ કહ્યું, હું ફરીથી કહેવા માંગુ છું કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ દેશમાં લાગુ લોકડાઉન વચ્ચે મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા દિશા નિર્દેશોમાં કોઈ બદલાવ કરી શકે નહીં. હું તમને આગ્રહ કરું છું કે નવા દિશાનિર્દેશોનું પાલન કરો અને તમામ સંબંધિક અધિકારીઓને તેના કડક અમલીકરણ માટે આદેશ આપો.

રેલ્વે લૉકડાઉનમાં ફક્ત શ્રમિક,સ્પેશિયલ અને પાર્સલ સેવાઓ,માલગાડી ટ્રેન જ ચલાવશે

ન્યુ દિલ્હી

ભારતીય રેલવે લોકડાઉનના ચોથા તબક્કા દરમિયાન માત્ર શ્રમિક સ્પેશિયલ, અન્ય સ્પેશિયલ ટ્રેનો, પાર્સલ સેવાઓ અને માલગાડી ચલાવશે. સરકારે લોકડાઉનને ચોથા તબક્કામાં ૩૧ મે સુધી લંબાવી દીધું છે. ભારતીય રેલવેએ તેની તમામ નિયમિત પેસેન્જર ટ્રેનોનું કાર્ય ૩૦ જૂન સુધી બંધ કરી દીધું છે. રેલવેએ જણાવ્યું હતું કે રેલવે કામગીરીને લઈને લોકડાઉનના ત્રીજા તબક્કા દરમિયાન જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા અમલમાં રહેશે. ત્રીજો તબક્કો રવિવાર ૧૭ મે સુધી અમલમાં હતો.

દેશમાં ૨૫ માર્ચથી અમલમાં મુકવામાં આવેલા લોકડાઉનના તમામ તબક્કામાં પાર્સલ સેવાઓ અને માલવાહક ટ્રેનોનું સંચાલન ચાલુ હતું. તે જ સમયે રેલવેએ પરપ્રાંતિય મજૂરોને તેમના રાજ્યમાં લઈ જવા માટે ૧ મેથી લેબર સ્પેશિયલ ટ્રેનો ચલાવવાની શરૂઆત કરી હતી. તે જ સમયે રાજધાની એક્સપ્રેસના રૂટ પરના સામાન્ય માર્ગદર્શિકા હેઠળ સામાન્ય લોકો માટે ૧૫ જોડી રેલગાડીનું સંચાલન કાર્યરત છે. ભારતીય રેલવેના પ્રવક્તા આર.ડી. વાજપેયીએ કહ્યું કે, રેલવે કામગીરીમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તે લોકડાઉનના ત્રીજા તબક્કા મુજબ રહેશે. કામદારોની વિશેષ અને ૧૫ જોડીની અન્ય વિશેષ ટ્રેનો સતત ચાલુ રહેશે. તે જ સમયે પાર્સલ સેવા અને માલવાહક ટ્રેન પણ કાર્યરત થશે.

ગરીબી અને બેરોજગારી વ્યક્તિને શહેર તરફ લાવવા મજબૂર કરે છેઃ ગડકરી

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસની મહામારી વચ્ચે કેન્દ્ર સરકારે સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કર્યું હતું, જેને પગલે આ લોકડાઉનનો સૌથી વધુ ભોગ સ્થળાંતરીત મજૂરો બન્યા હતા. મજૂરોએ અનેક પિડા સહન કરીને પોતાના વતન જવુ પડ્યું હતું. આ સ્થિતિ વચ્ચે કેન્દ્રીય પ્રધાન નિતિન ગડકરીએ કહ્યું હતું કે કોઈ વ્યક્તિ શહેરમાં એમ જ નથી આવતો, ગરીબી અને બેરોજગારી તેને શહેરમાં આવવા મજબુર કરે છે. દુઃખ અને ભયને કારણે મજૂરો પરત ચાલતા જવા માટે મજબુર થયા. સરકારે મજૂરો માટે બધી જ વ્યવસ્થા કરી છે પણ તેમનામાં એક સકારાત્મકતા જગાવવી જરુરી છે.

અનેક રાજ્યોમાં મજૂરો પગપાળા ચાલીને ગામડે જઈ રહ્યા છે, અનેકના મોત નિપજ્યા છે. આ સ્થિતિ વચ્ચે નિતિન ગડકરીએ કહ્યું હતું કે આ ગંભીર સ્થિતિનું કારણ લોકોમાં રહેલો ભય છે જેને દુર કરવો જરુરી છે. આ સાથે જ નિતિન ગડકરીએ કહ્યું હતું કે એવા વિસ્તારો કે જ્યાં વિકાસ નથી થયો ત્યાં વિકાસ પહોંચાડવો પડશે, ગરીબી અને બેરોજગારીને કારણે લોકો શહેરોમાં આવે છે. મજૂરોને એ સમજાવવું પડશે કે હવે ટુંક સમયમાં ઉધ્યોગો પાછા શરૂ થશે, તેમ છતા જો મજૂરો ઘરે જવા માગતા હોય તો રાજ્ય અને કેન્દ્ર સરકાર અને સમાજે મળી તેની વ્યવસ્થા કરવી જોઈએ.

ભારતીય મૂળની કોરોના વોરિયર વિદ્યાર્થિની ટ્રમ્પના હાથે સન્માનિત

વૉશિંગ્ટન

અમેરિકામાં કોરોનાના કહેર વચ્ચે ભારતીય મૂળના લોકો પણ કોરોના સામેની લડાઈમાં યોગદાન આપી રહ્યા છે. કોરોના સામે લડનારા કોરોના વોરિયર્સનુ અમેરિકન પ્રમુખ ડોનાલ્ટ ટ્રમ્પે સન્માન કર્યુ છે.જેમાં ભારતીય મૂળની ચોથા ધોરણની વિદ્યાર્થિની અન્નાપા રેડ્ડીનો પણ સમાવેશ થાય છે. શુક્રવારે ટ્રમ્પ અને તેમના પત્ની મેલાનિયા ટ્રમ્પે નર્સો તેમજ ફાયર બ્રિગેડના કર્મચારીઓને તથા ડોક્ટરોને મદદ કરી રહેલા લોકોનો સન્માનનો કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં ત્રણ ગર્લ સ્કાઉન્ટસને સન્માનિત કરાઈ હતી.આ પૈકીની એક અન્નાપા રેડ્ડી હતી.આ વિદ્યાર્થિનીઓએ સ્થાનિક ડોક્ટરો, નર્સો અને ફાયર બ્રિગેડો માટે જાતે કૂકીઝ બનાવીને મોકલ્યા હતા.તેમને કાર્ડ પણ મોકલ્યા હતા.

કોર્ટે આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવાની શરત પર જામીન આપ્યા..!!

ન્યુ દિલ્હી

કોર્ટેએક કેદીને આરોગ્ય સેતૂ એપ ડાઉનલોડ કરવાના અને બ્લુટૂથ ચાલું રાખવાની શરતે જામીન આપ્યા છે. કોર્ટે કેદીને જણાવ્યું છે કે, જો તે આવું નહીં કરે તો તેના જામીન તાત્કાલિક નામંજૂર થઈ જશે.

પટિયાલા હાઉસ સ્થિત ન્યાયમૂર્તિ નવીન કુમાર કશ્યપે કોર્ટને ગુનાહિત મામલે કેદીને જામીન આપતા જણાવ્યું કે, અન્ય સામાન્ય શરતો પણ કેદી પર લાગુ થશે પરંતુ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવાની શરત અનિવાર્ય છે. કોર્ટે જણાવ્યું કે, અનેક વખત સરકાર દ્વારા લોકોને જણાવવામાં આવ્યું છે કે તેઓ તેમના સ્માર્ટફોનમાં એપ ડાઉનલોડ કરે. તેનાથી કોરોનાના સમયે પ્રત્યેક વ્યક્તિને જાણકારી મેળવવામાં મદદ મળશે કે તેમની આજુ-બાજુ કોઈ કોરોનાગ્રસ્ત છે. જો કોઈ કોરોનાગ્રસ્ત દર્દી તેમની પાસે છે તો તે વધારે સાવચેતી રાખે. કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું છે કે, કેદીએ હંમેશા પોતાના મોબાઈલમાં જીપીએસ સિસ્ટમ અને બ્લુટૂથ ચાલું રાખવું પડશે. જેનાથી કેદીની હાલની સ્થિતિની જાણકારી પણ પોલીસને મળી રહેશે અને કોરોના જેવી ગંભીર બીમારીની લડત પણ આપી શકાશે.

માસ્કનો નિયમ તોડનાર વ્યક્તિને ૪૧.૭ લાખ રૂપિયા દંડ..!!

કતારમાં માસ્ક નહીં પહેરનાર વ્યક્તિને ત્રણ વર્ષની જેલની સજા

દોહા

કતારે સાર્વજનિક જગ્યાઓ પર માસ્ક ના પહેરનારને લઈ આકરી સજા લાગૂ કરી દીધી છે. કતારમાં હવે માસ્ક નહીં પહેરવા પર દુનિયાની સૌથી મોટી સજા મળશે અને લોકોને ત્રણ વર્ષ માટે જેલમાં મોકલી દેવાશે. તેની સાથોસાથ દંડની મોટી રકમ પણ ચૂકવવી પડશે.

કતારમાં કોરોના વાયરસ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે. કતારમાં કોરોના વાયરસના સંક્રમણનો દર દુનિયામાં સૌથી વધુ થઈ ગયો છે. આ બધાની વચ્ચે વહીવટીતંત્રે નિયમ તોડનાર લોકો માટે કડક સજાની જાહેરાત કરી છે.

કતારની વસતી અંદાજે ૨૭ લાખ છે. જ્યારે અહીં ૩૦ હજારથી વધુ લોકો સંક્રમિત થઈ ચૂકયા છે. અત્યાર સુધીમાં અહીં અંદાજે ૧૫ લોકોના કોરોનાથી મોત થયા છે.

અહીં માસ્ક પહેરવાના નિયમને તોડનાર વ્યક્તિને ૪૧.૭ લાખ રૂપિયાનો દંડ થઈ શકે છે. જો કે પોતાની ગાડીમાં એકલા ડ્રાઈવ કરનારને માસ્ક પહેરવાની અનિવાર્યતામાંથી છૂટ આપવામાં આવી છે.

નવો નિયમ લાગૂ થતા પહેલાં પોલીસ લોકોને આ અંગેની માહિતી આપી રહ્યું છે. આપને જણાવી દઈએ કે અત્યાર સુધી દુનિયાના અંદાજે ૫૦ દેશોમાં માસ્ક પહેરવું જરૂરી કરી દીધું છે. આફ્રિકન દેશ ઝરક્રઙ્કમાં માસ્ક ના પહેરવા પર ૧૫ દિવસની જેલની સજા થઈ શકે છે. તો મોરક્કોમાં સાર્વજનિક જગ્યા પર માસ્ક ના પહેરવા પર ત્રણ મહિનાની જેલની સજા નક્કી કરાઈ છે. કતારના અધિકારીઓનું માનવું છે કે દેશમાં સંક્રમણ દર વધવા પાછળ રમઝાનના મહિનામાં લોકો ભેગા થવાનું કારણ હોઈ શકે છે. સાથે જમવા માટે લોકો રમઝાનના મહિનામાં એકત્રિત થાય છે.

સમગ્ર ગુજરાતમાં પહેલા પાનાથી ચાલુ

કેટલીક છૂટછાટો સાથે લોકડાઉન-૪ માટેની ગાઈડ લાઈન આજે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતીમાં જાહેર કરી હતી. મુખ્યમંત્રીએ એમ પણ જણાવ્યું કે, રાજ્યમાં જાહેરમાં માસ્ક ફરજીયાત બનાવાયા છે ત્યારે લોકોને માસ્ક સરળતાએ મળી રહે તેવી વ્યવસ્થાઓ પણ રાજ્ય સરકારે ગોઠવી છે. જે વ્યકિતઓને એન-૯૫ કે ત્રિપલ લેયર માસ્ક પોતાના ઉપયોગ માટે ખરીદવા હોય તેમને રાજ્યમાં અમૂલના દૂધ પાર્લર ઉપરથી તે મળી શકશે. પ્રથમ તબક્કે અમદાવાદ મહાનગરમાં તેનું વેચાણ શરૂ કરાયા બાદ ક્રમશઃ સમગ્ર રાજ્યમાં અમૂલ પાર્લર પરથી આવા માસ્કનું વેચાણ થશે. તેમણે કહ્યું કે, આવા માસ્કની કિંમત પણ એન-૯૫ માટે ૬૫ પ્રતિ માસ્ક અને ત્રિપલ લેયર માસ્ક માટે પ્રતિ માસ્ક પની રાખવામાં આવી છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, રાજ્યના હરેક નાગરિકની આરોગ્ય સલામતિની ચિંતા કરીને તેમજ લોકોની રોગપ્રતિકારક શકિત વધારી કોરોના સામેના જંગમાં જીત મેળવવાની પ્રતિબદ્ધતાથી સંપૂર્ણ સરકાર દિવસ-રાત કાર્યરત છે. તેમણે રાજ્યના સૌ નાગરિકોને પણ અનુરોધ કર્યો કે, કોરોના સંક્રમણથી બચવા માસ્કનો ઉપયોગ, સોશિયલ ડિસ્ટન્સીંગ, વારંવાર સાબૂથી હાથ ધોવા, કામ સિવાય ઘર બહાર ન નીકળવું જેવી આદતો કેળવીને જ આ લાંબી લડાઈ પર વિજય મેળવી શકાશે. મુખ્યમંત્રીએ લોકોમાં રોગ પ્રતિકારક શકિત વધારવા સાથે ખાસ કરીને વૃદ્ધો, વયસ્કો, ગંભીર બિમારી ધરાવતા લોકો, નાના બાળકોની ખાસ તકેદારી સંભાળ લેવાની પણ સૌ પ્રજાજનોને અપિલ કરી હતી.

સતત બીજા દિવસે પણ પહેલા પાનાથી ચાલુ

કેસ નોંધાયા હતા. રાજયમાં દર્દીઓની સંખ્યા વધીને થઈ ૨૨૮૨ થઈ છે. જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં ૧૯ પોલીસકર્મી કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. ઉત્તરપ્રદેશના ગ્રેટર નોઈડાની એક મોબાઈલ કંપનીમાં ૬ કર્મચારી કોરોના પોઝિટિવ મળી આવ્યા છે, હાલ આ કંપનીમાં કામ અટકાવી દેવાયું છે.

દેશની રાજધાની દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૨૯૯ કેસ આવ્યા અને ૨૮૩ દર્દી રિકવર થયા છે.

એ જ રીતે રાજસ્થાનમાં નવા ૧૪૦ નવા કોરોના પૉઝિટીવ કેસ બહાર આવ્યાં હતા અને ૨ દર્દીના મોત થયા છે અને ૫૩૪૨ થઈ કુલ દર્દીની સંખ્યા. ૨૬૬૬ દર્દી રિકવર થયા છે.

દેશમાં કોરોના વાયરસના કુલ કેસમાંથી સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. દેશભરમાં જેટલા પણ કેસ નોંધાયા છે તેમાંથી લગભગ એક તૃત્યાંશ કેસ ફક્ત મહારાષ્ટ્રમાંથી સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોનાના ૩૩૦૫૩ કેસ નોંધાયા છે જેમાંથી ૧૧૯૮ લોકોએ પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે.

મહારાષ્ટ્ર બાદ ગુજરાતમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૧૩૭૯ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૫૮૬ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ગુજરાત બાદ તમિલનાડૂમાં ૧૧૨૨૪, દિલ્હીમાં ૧૦૦૫૪, રાજસ્થાનમાં ૫૨૦૨, મધ્યપ્રદેશમાં ૪૯૭૭ અને ઉત્તર પ્રદેશમાં કોરોનાના ૪૨૫૯ કેસ સામે આવ્યા છે. દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૭ લાખથી વધારે કેસ નોંધાઈ ચૂક્યા છે.

દિલ્હી પોલીસના જણાવ્યા પ્રમાણે, રાષ્ટ્રપતિ ભવનમાં તહેનાત એક એસીપીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેમની ઉંમર ૫૮ વર્ષ છે. તે રાષ્ટ્રપતિ ભવનમાં પોલીસ લાઈનમાં રહેતો હતો. ૧૩મેના રોજ એસીપી સહિત પાંચ પોલીસકર્મીઓનો કોરોના ટેસ્ટ કરાયો હતો. ત્યારબાદથી જ તમામ પોલીસકર્મી ક્વોરન્ટીનમાં હતા.

લોકડાઉન ફેઝ-૪નો દેશમાં સોમવારે પ્રથમ દિવસ હતો. કેન્દ્ર સરકારે લોકડાઉન ૩૧ મે સુધી ભલે લંબાવી દીધું છે પરંતુ કડક પ્રતિબંધો ફક્ત કન્ટેન્ટમેન્ટ ઝોન પુરતી મર્યાદિત કરવામાં આવ્યા છે. તેની અસર પ્રથમ દિવસે દેશના જુદા જુદા ભાગોમાં પણ જોવા મળી રહી છે. પશ્ચિમ બંગાળના સિલિગુડીમાં ફૂટવેર, ઈલેક્ટ્રોનિક્સ અને બેગ-હેલ્મેટની દુકાનો ખુલ્યાનું સામે આવ્યું છે. તે જ સમયે, કર્ણાટકમાં સલૂન ખોલવામાં આવ્યા હતા. આ જ રીતે કેરળમાં દિલ્હી અને કોચીના રસ્તાઓ પર વાહનો જોવા મળ્યા હતા. સરકારના માર્ગદર્શિકા વિરુદ્ધ પંજાબના અમૃતસરમાં મંદિરો ખુલી ગયા. લોકો અહીં પૂજા અર્ચના કરવા પહોંચ્યા હતા.

છેલ્લાં કેટલાંક દિવસોથી કોરોના વાયરસના કેસ સતત વધતા જઈ રહ્યા છે. સ્થિતિ એ છે કે એક પછી એક રેકોર્ડ કેસ સામે આવી રહ્યા છે. તેના લીધે દેશમાં કોરોના સંક્રમણના કેસનો આંકડો ઝડપથી ૧ લાખની સપાટી તરફ આગળ વધી રહ્યો છે. રવિવારના રોજ અંદાજે ૫૦૦૦ નવા કેસ સામે આવ્યા જે એક દિવસનો સૌથી મોટો રેકોર્ડ બની ગયો. તેની સાથે જ કોરોના વાયરસના સંક્રમણનો આંકડો ૯૬૦૦૦ની નજીક પહોંચી ગયો છે.. આ જ સ્થિતિ રહી તો આજનો દિવસ ખત્મ થતાની સાથે જ દેશમાં કોરોના સંક્રમણના કેસ ૧ લાખની સપાટીએ પહોંચી જશે અને આ દિવસ દેશ કયારેય ભૂલશે નહીં. રવિવારના રોજ કોરોના વાયરસના ૫૦૦૫ નવા કેસ સામે આવ્યા જે એક દિવસમાં સૌથી વધુ કેસ હોવાનો રેકોર્ડ છે.. છેલ્લાં કેટલાંક દિવસોમાં રેકોર્ડ કેસ સામે આવી રહ્યા છે, જે લોકોને ડરાવી રહ્યો છે

દેશમાં લોકડાઉન, સોશિયલ ડિસ્ટેંસિંગ બધું જ થઈ રહ્યું છે પરંતુ કોરોના વાયરસના કેસ સતત વધતા જઈ રહ્યા છે. તેનું એક મોટું કારણ લોકડાઉન ૩.૦માં આપવામાં આવેલી છૂટછાટ હોઈ શકે છે. તેના અંતર્ગત દેશમાં દુકાનો ખોલવામાં આવી, લોકોને એક ચોક્કસ સમયમાં ઘરોમાંથી નીકળવાની આઝાદી આપવામાં આવી, કારણ કે દુકાનો બંધ હોવાથી ઈકોનોમિક એક્ટિવિટીઝ થોભી ગઈ હતી, આથી લોકોના ભૂખ્યા મરવાની નોબત આવી ગઈ હતી. તો બીજીબાજુ લોકડાઉનની શરૂઆતથી અત્યાર સુધીમાં લાખોની સંખ્યામાં પ્રવાસી મજૂર પોતાના ઘર તરફ પલાયન થઈ રહ્યા છે જેમાંથી ઘણા બધા લોકો સોશિયલ ડિસ્ટેસિંગનું પાલન પણ કરી રહ્યા નથી..।

કમોસમી વરસાદ ને કારણે રાજ્યના ખેડૂતોમાં છવાઈ ચિંતા

સાબરકાંઠા, પાટણ, મહેસાણા સાથે ઘણા જિલ્લાઓમાં એકાએક વાતાવરણમાં પલટો

ડીસા સહિત આસપાસના વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે કમોસમી વરસાદ

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર વચ્ચે રાજ્યના વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. હોટસ્પોટ અમદાવાદના વાતાવરણમાં આજે સવારે જોરદાર પલટો જોવા મળ્યો હતો. શહેરમાં આજે વહેલી સવારથી વાદળછાયું વાતાવરણનો માહોલ બન્યો હતો. પવનની ગતિમાં પણ વધારો જોવા મળ્યો હતો. એટલું જ નહીં, બોટાદ, પાટણ અને મહેસાણાના વાતાવરણમાં પણ પલટો જોવા મળ્યો હતો. રાજ્યના વાતાવરણને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં કમોસી વરસાદ પડે તેવી શક્યતા છે. જ્યારે અમદાવાદ, વડોદરા, નર્મદા, ખેડામાં વાદળછાયું વાતાવરણ જોવા મળશે. જ્યારે તાપી, વલસાડ, નર્મદા, અમરેલીમાં, સુરેન્દ્રનગર, જામનગર, ભાવનગરમાં વરસાદી આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહીના પગલે બનાસકાંઠા જિલ્લાના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. ડીસા સહિત આસપાસના વિસ્તારોના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. જિલ્લાના કેટલાંક વિસ્તારોમાં વહેલી સવારે ઝાપટા સાથે કમોસમી વરસાદ પડ્યો. ડીસા સહિત આસપાસના વિસ્તારોમાં વીજળીના કડાકા ભડાકા સાથે કમોસમી વરસાદ વરસ્યો છે.

સાબરકાંઠા જિલ્લાના ઈડર, હિંમતનગર, તલોદ, ખેડબ્રહ્મા સહિતના જિલ્લામાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો.વહેલી સવારથી આકાશ વાદળોથી ઘેરાયું જેથી વાતાવરણમાં ઠંડકનો ફેલાઈ છે. પરંતુ વાતાવરણમાં પલટો આવતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ છવાઈ ગયો છે.

પાટણ જિલ્લાના વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. ભારે પવન સાથે કમોસમી વરસાદ પડતા ખેડૂતો ચિંતિત બન્યા હતા. કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. પાટણ જિલ્લાના વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો છે. વહેલી સવારથી જ ભારે પવન સાથે આકાશમાં કાળા ડિબાંગ વાદળો જોવા મળ્યા હતા. ભારે પવન તેમજ ગાજવીજ સાથે વરસાદી છાંટા પણ પડ્યા હતા. કમોસમી વરસાદને લઈ ફરી જગત નો તાત ચિંતિત બન્યો છે. વરસાદી છાંટા વરસતા વાતાવરણમાં ઠડક પ્રસરી ગઈ હતી.

બોટાદમાં પણ આજે સવારથી ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. બોટાદના બરવાળામાં પવન સાથે કમોસમી વરસાદ પડ્યો છે. બરવાળામાં વહેલી સવારે ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. કમોસમી વરસાદથી ખેડૂતોમા ચિંતા વ્યાપી હતી. વરસાદના છાંટા પડતાંની સાથે જ બોટાદમાં લાઈટ ગુલ થઈ ગઈ હતી. આજે સવારે મહેસાણામાં પણ વરસાદી ઝાપટું પડ્યું હતું. વહેલી સવારે ભારે પવન સાથે કમોસમી વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. ભારે પવન સાથે ઝાપટું પડતા ખેડૂતો ચિંતિત બન્યા છે. અત્રે નોંધનીય છે કે હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં આગામી બે દિવસ માટે સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી.

સિદ્ધપુરમાં પેટ્રોલ-ડીઝલના કાળાબજારી, પોલીસે ૩૬૫૨૦ રૂપિયાના જથ્થા સાથે એકની ધરપકડ

સિદ્ધપુર

સમગ્ર રાજ્યમાં લોકડાઉનનો ચુસ્તપણે અમલ થઈ રહ્યો છે. ત્યારે કોરોનાની મહામારી અને લોકડાઉન વચ્ચે સિદ્ધપુરમાં પેટ્રોલ ડીઝલના કાળા કારોબારનો પર્દાફાશ થયો છે. સ્થાનિક પોલીસને બાતમી મળી હતી કે ગેરકાયદેસર રીતે પેટ્રોલ અને ડિઝલનું કાળાબજાર થઈ રહ્યું છે. ત્યારે આ બાતમીને આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. દરોડા દરમ્યાન પોલીસે ૩૬૫૨૦ રૂપિયાનો ગેરકાયદેસર પેટ્રોલ તથા ડીઝલનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે ૧૨૦ લીટર પેટ્રોલ અને ૪૪૦ લીટર પેટ્રોલનો જથ્થો ઝડપી પાડ્યો છે. સમગ્ર મામલે પોલીસે એક આરોપીની અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. સાથે સાથે અન્ય ત્રણ આરોપીઓ સામે ગુનો દાખલ કર્યો છે.

અમદાવાદમાં બસ સ્ટેન્ડમાં દર્દીની રઝળતી લાશ મામલે મામલે રિપોર્ટ રજૂ કરાયો

અમદાવાદ

સિવિલ હોસ્પિટલમાંથી રજા અપાયેલા દર્દીની લાશ દાણીલીમડાના બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડમાંથી મળી આવી હતી. આ ઘટનાનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે. કોરોના પોઝિટિવ દર્દીને સારવાર બાદ હોમ આઈસોલેશન માટે ૧૪મી મેના રોજ સિવિલમાંથી રજા આપવામાં આવી હતી, જે બાદમાં મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારબાદ આ ઘટનાની સંપૂર્ણ તપાસ કરવા માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આદેશ કર્યો હતો. સીએમએ આ ઘટનાની તપાસ પૂર્વ આરોગ્ય અગ્ર સચિવ જે.પી ગુપ્તાને સોંપવાનો પણ નિર્ણય લીધો હતો.

મૃતક દાણીલીમડાના રોહિતનગરનો રહેવાસી હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ૧૦ મેના રોજ તેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને ૧૪ મેના રોજ તેને હોમ આઈસોલેટ કરવાનો હતો. આ માટે તે ઘરે જવા નીકળ્યો હતો. તેણે બસ ડ્રાઈવરને દાણીલીમડા ઉતરવાનું છે એમ કહ્યું હતું. તે બસમાંથી સ્ટેન્ડ પર ઉતર્યો અને ત્યા જ તેનું મોત નિપજ્યું હતું.

કાલોલની શક્તિપુરા નર્મદા કેનાલના રોડ પર ૧૧ ફૂટનો મગર નીકળતા લોકોની ભીડ ઉમટી

કલોલ

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની શક્તિપુરા પાસે આવેલી નર્મદા કેનાલના રોડ ઉપર ૧૧ ફૂટનો મહાકાય મગર આવી ગયો હતો. ગોધરા, વેજલપુર અને ઘોઘંબા વન વિભાગના કર્મચારીઓએ મગરને રેસ્ક્યૂ કર્યો હતો. મહાકાય મગરને જોવા માટે લોકો લોકડાઉન ભૂલી ગયા હતા અને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને મગરની પાસે જઈને લોકો ફોટો પાડતા હતા. વન વિભાગના કર્મચારીઓ પણ માસ્ક વગર જોવા મળ્યા હતા.

નિકોલમાં સર્વે કરી રહેલા મેડિકલ સ્ટાફ પર સ્થાનિકોનો હુમલો, પોલીસને કરાઈ જાણ

અમદાવાદ

સમગ્ર દેશ હાલ કોરોનાની મહામારીની સામે ઝઝૂમી રહ્યો છે, ત્યારે કોરોના વોરિયર્સ પર હુમલાની ઘટનાઓ પણ બની રહી છે. જ્યારે આવી ઘટના અમદાવાદ શહેરના નિકોલ વિસ્તારમાં બની છે. અમદાવાદના નિકોલ વિસ્તારમાં સર્વેની કામગીરી દરમ્યાન મેડિકલ સ્ટાફ પર હુમલો કરવામાં આવ્યો. કેટલાક લોકોએ મેડિકલ સ્ટાફ સાથે સર્વેની કામગીરી દરમિયાન રકઝક કરી હતી. ત્યારે આ સમગ્ર મામલે મેડિકલ સ્ટાફનો આક્ષેપ છે કે, સોસાયટીના રહીશો દ્વારા સર્વેની કામગીરી કરતા અટકાવવામાં આવ્યા હતા.ત્યારે સમગ્ર મામલો નિકોલ પોલીસ મથક પહોંચ્યો હતો.

ગોધરામાં લોકડાઉન-૪ની અમલવારી સાથે બજારમાં સોશિયલ ડિસ્ટન્સનાં લીરે લીરા ઉડ્યા

ગોધરા

ગોધરામાં લોકડાઉન-૪ની અમલવારી સાથે બજારમાં લોકોની ભીડ જોવા મળી. ગોધરામાં સોશિયલ ડિસ્ટન્સનો ભંગ. ગોધરા નગરપાલિકાનો સમગ્ર વિસ્તાર કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરાયો છે. તેમ છતાં પાવર હાઉસ વિસ્તારમાં લોકો શાકભાજી લેવા ઉમટી પડ્યા હતા. શાકભાજી લેવા આવેલા લોકોએ માસ્ક પણ નહોતા પહેર્યા. તો કેટલાક લોકોએ સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કર્યો હતો. ત્યારે મોટી સંખ્યામાં લોકોની ભીડ થતાં શહેર પોલીસની કામગીરી સામે સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે.

પોશીનામાં સમયે પવન બદલાઈ જતાં તીડનું ઝુંડ રાજસ્થાન તરફ ફંટાઈ ગયું

(જી.એન.એસ.)પોશીના,તા.૧૮

રવિવારે રાજસ્થાનના શિરોહી જિલ્લા તરફથી તીડનુ એક મોટું ઝૂંડ સાંજે ૪:૦૦ વાગે પોશીનાના આંજણી ગામ તરફથી ગુજરાતમાં પ્રવેશતા ફફડાટ વ્યાપી ગયો હતો. તીડનું ઝુંડ કલછાવાડ ગામ પાસે આવતાં લોકોએ ઢોલ થાળી વગાડી મોટા અવાજો કરવાનું શરૂ કર્યું હતું અને તીડને બેસવા દીધા ન હતા. કેટલાક તીડ સાંજ પડી રહી હોવાથી ઝાડ પર બેસવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સ્થાનિકોએ તેમને ફાવવા દીધા ન હતા. સદનસીબે તે જ સમયે પવનની દિશા બદલાતાં આ તીડનું મોટું ઝૂંડ રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના કોટડા છાવણી તરફ પરત ફંટાઈ ગયું હતુ.

રાજકોટ બાદ હવે અમદાવાદમાં શ્રમિકોનો હોબાળો

વતન જવાને લઈ શ્રમિકોમાં ધીરજ ખૂટી, અમદાવાદમાં પથ્થરમારો

પોલીસે ટિયરગેસના સેલ અને લાઠીચાર્જ કર્યો, ૧૦૦ જેટલા શ્રમિકોની અટકાયત બાદ પરિસ્થિતિ કાબુમાં

અમદાવાદ

વતન જવાને લઈ હવે શ્રમિકોમાં ધીરજ ખૂટી ગઈ છે. અને એક નાનકડી અફવાને લઈને પણ શ્રમિકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે. રાજકોટ બાદ હવે આજે અમદાવાદનૌ રોડ પર શ્રમિકોનો હોબાળો સામે આવી રહ્યો છે. આજે અમદાવાદના IIM રોડ પર પરપ્રાંતિય શ્રમિકોએ પથ્થરમારો કર્યો હતો. જેથી પોલીસે શ્રમિકો પર લાઠીચાર્જ કર્યો હતો. પોલીસે સ્થિતિને પહોંચી વળવા માટે ટિયરગેસના સેલ છોડવા પડ્યા હતા. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે વતનમાં જવાની માંગ સાથે શ્રમિકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો છે. હાલ સમગ્ર વિસ્તારમાં પોલીસનું કોમ્બિંગ ચાલું કરી દીધું છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, વતન જવાને જીદને લઈને હવે શ્રમિકોએ શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં IIM પાસે શ્રમિકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો છે, ત્યારે ઘટનાની જાણ થતાં પોલીસ દોડી આવી હતી અને પોલીસે ૪ જેટલા ટીયર ગેસના સેલ છોડ્યા છે. સમગ્ર વિસ્તારમાં પોલીસે કોમ્બિન્ગ શરૂ કર્યું છે. ઘટનાની જાણ થતા વસ્ત્રાપુર પોલીસ, ઝોન ૧ સ્કવોડ અને કાઈમ બ્રાન્ચ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. હાલમાં પોલીસે પરિસ્થિતિ કાબુમાં લઇ લીધી છે.

આજે શ્રમિકોના ટોળાએ IIM રોડ પર આવી ગયા હતા. પોલીસે તમામને રોકવાનો પ્રયાસ કરતા ટોળાએ પથ્થરમારો શરૂ કરી દીધો હતો. પોલીસે સ્થિતિને કાબુમાં લેવા ટીયરગેસના સેલ છોડ્યા હતા જેથી શ્રમિકોનું ટોળું વિખેરાઈ ગયું હતું. મોટી સંખ્યામાં પોલીસ કાફલો દોડી આવ્યો હતો. સપાસમાં કન્સ્ટ્રક્શન સાઈટમાં રહેતા મજૂરોની ઓરડીમાં પોલીસે કોમ્બિન્ગ શરૂ કરી ૩૦થી વધુ પરપ્રતિયોની અટકાયત કરી છે. હાલમાં આખા વિસ્તારમાં રહેલા તમામ શ્રમિકોને પોલીસ ઉઠાવી પોલીસ સ્ટેશન લઈ જઈ રહી છે. આ પથ્થરમારામાં ટીઆરબીની મહિલા જવાન ઘાયલ થઈ હતી. ઘટના બાદ ચાર પોલીસ સ્ટેશનની ટીમ ઘટના સ્થળે પહોંચીને ૧૦૦ જેટલા શ્રમિકોની અટકાયત કરવામાં આવી હતી. જે બાદ સમગ્ર વિસ્તારમાં પોલીસ દ્વારા કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. પોલીસે અટકમાં લીધેલા તમામ લોકોની પૂછપરછ કરવામાં આવશે અને જેટલા પણ તોફાની તત્વો હશે તેમની ગુનો નોંધી ધરપકડ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રવિવારે પણ રાજકોટમાં શાયર વેરાવળ હાઈવે પર વતન જવા માટે મોટી સંખ્યામાં શ્રમિકો એકઠાં થયા હતા. તેવામાં અફવા ઉડી કે ટ્રેન કેન્સલ થઈ છે. જે બાદ શ્રમિકોએ ભારે હોબાળો મચાવી પથ્થરમારો કર્યો હતો. અને ખાનગી ચેનલનાં પત્રકાર ઉપર હુમલો પણ કરવામાં આવ્યો હતો. અને ગાડીઓનાં કાચ પણ તોડવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે ૨૦થી વધુ લોકોની અટકાયત કરી હતી. કોરોનાના રિપોર્ટ બાદ તમામ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

મહીસાગરમાં કોરોનાના વધુ બે કેસ મળતા કુલ સંખ્યા ૫૦ પહોંચી, તંત્રમાં હરકતમાં

મહીસાગર

કોરોના વાઇરસ મહાસંકટની સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીના સંખ્યા બંધ પગલાઓ લીધા છે. મહીસાગર જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પણ અનેકવિધ પગલાં ભરવામાં આવી રહ્યા છે. રવિવારે જિલ્લાના સંતરામપુર અને વિરપુરમાં કોરોના પોઝિટિવ ૧-૧ કેસ નોંધાયા છે. કોરોનાના કેસોમાં એક પછી એક વધારો નોંધાતા આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. સંતરામપુર શહેર વિસ્તારમાં રહેતા ૬૫ વર્ષીય યુનુસભાઈ શેખ તેમજ વિરપુરમાંથી ૨૫ વર્ષીય શૈલેષ ઉદાભાઈ સોલંકી એમ કુલ બે દર્દીના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં જિલ્લામાં કોરોના સંક્રમિતની કુલ સંખ્યા ૫૦ થઈ જવા પામી છે.

સોમવારે કડાણા તાલુકાના ૩૫ વર્ષીય અને ૫૦ વર્ષના કોરોના સંક્રમિત દર્દી તેમજ લુણાવાડા તાલુકાના ૨૧ વર્ષના કોરોના સંક્રમિત દર્દીઓ સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ પોતાના ઘરે પરત ફર્યા હતા.રવિવારે સાંજના પાંચ કલાક સુધીમાં જિલ્લામાં કોરોનાના ૫૦ કેસ પોઝિટિવ આવ્યા છે. તેમજ કુલ ૩૯ કોરોના સંક્રમિત દર્દીઓ સંપૂર્ણ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોના સંક્રમણને કારણે એક વ્યક્તિનુ મૃત્યુ થયું છે. અત્યાર સુધી જિલ્લામાં સિઝનલ ફ્લૂ/કોરોનાના કુલ ૧૦૬૩ રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૬૧૮૦ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઇન હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. જિલ્લામાં કોરોના પોઝિટિવના કારણે ૬ દર્દીઓ હાલ બાલાસિનોર કે.એસ.પી. હોસ્પિટલ ખાતે, ૨ દર્દીઓ ગોત્રી મેડીકલ કોલેજ ખાતે, ૧ દર્દી વડોદરા ખાતેની ટ્રીકલર હોસ્પિટલ ખાતે, તેમજ ૧દર્દી સ્ર્ઈઇઝ હોસ્પિટલ હિંમતનગર ખાતે સારવાર લઈ રહ્યા છે. કોરોના પોઝિટિવ આવેલા દર્દીઓ પૈકી એક દર્દી ગોત્રી મેડીકલ કોલેજમાં વેન્ટીલેટર ઉપર છે. બાકીના ૯ દર્દીઓ સામાન્ય હાલતમાં છે.

લોકડાઉનમાં અનાજ, કરિયાણાની દુકાનોમાં ચીજવસ્તુઓ ખૂટી પડતા લોકોમાં હાલાકી

અમદાવાદ

કોરોના સંકટમાં શહેરીજનોની પરેશાની સતત વધતી રહી છે. તેમાંય વળી છેલ્લા બે દિવસથી શહેરમાં અનાજ કરિયાણાની દુકાનોમાં ચીજવસ્તુઓ ખૂટી પડી હોવાની ફરિયાદો શરૂ થઈ જતા શહેરીજનો પરેશાન થઈ ગયા છે. જીવન જરૂરિયાતની વસ્તુઓ-સામાન, અનાજ પૂરતા પ્રમાણમાં મળે નહીં તો તંત્રએ લોકોની નારાજગી વહોરવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થઈ શકે છે. અનાજ મહાજનના મોટા વેપારીઓ જણાવી રહ્યા છે કે તા. ૧૫મી સુધી તમામ મોટા બજારો અને હોલસેલ વેપારીઓ બંધ રાખતા સપ્લાય અટકી ગયો હતો. હવે ફરીથી આગામી બે-ચાર દિવસોમાં બધુ રાબેતા મુજબ મળતું થઈ જશે. શહેરભરની કરિયાણાની દુકાનોમાં મગની દાળ, તુવેરની દાળ, ચણા દાળ, બેસન, કઠોળ પૂરતા પ્રમાણમાં નહીં હોવાના કારણ આપતા માધુપુર અનાજ માર્કેટના દિનેશભાઈ પટેલ તથા કાલુપુર અનાજ બજારના અગ્રણી રાજેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે જ્યારથી લોકડાઉન છે ત્યારથી અનાજ કરિયાણાની દુકાનોમાં હોલસેલ બજારમાંથી માલ મોકલી આપવામાં આવતો હતો. પણ અમદાવાદમાં તંત્રે બાદમાં તમામ હોલસેલ માર્કેટ અને મોટા બજારો ૧૫મી મે સુધી બંધ કરાવી દેતા કરિયાણાંની દુકાનો સુધી અનાજનો જથ્થો પહોંચતો બંધ થઈ ગયો હતો. દુકાનદારો પાસે જેટલો માલ હતો તેટલો વેચાઈ જતા અનાજની અછતની બૂમ શરૂ થઈ છે. માત્ર અનાજ જ નહીં પરંતુ તેલ બજાર, ઘી બજાર પણ બંધ હતા. આ મુદ્દે અમદાવાદ વેપારી મહાજનના હર્ષદભાઈ ગીલીટવાળાએ જણાવ્યું હતું કે શહેરીજનોએ ચિંતા કરવાની જરૂર નથી અમદાવાદના મોટા વેપારીઓ પાસે એક વર્ષ ચાલે તેટલો અનાજનો જથ્થો પડ્યો છે.

મોરબીમાં પરિવારથી વિખૂટા પડેલા પરપ્રાંતિય બાળકનું પરિવાર સાથે થશે પુનઃ મિલન

સુરેન્દ્રનગર

મોરબી જિલ્લાના બાળ સુરક્ષા એકમને કાળજી અને જરૂરીયાતવાળું આશરે દશેક વર્ષનું બાળક મળી આવ્યું હતુ. આ વાતની જાણ સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર કે. રાજેશને થતા તેમના માર્ગદર્શન હેઠળ આ બાળકને તેમના પરિવાર સાથે પુનઃ મિલન કરાવવા જિલ્લા સમાજ સુરક્ષાની ટીમ કાર્યરત થઈ. કોરોનાની મહામારીની સાથે પરિવારથી વિખુટો પડી ગયેલો આ બાળક ગભરાયેલો હતો. તેને સમાજ સુરક્ષા અને બાળ સુરક્ષા એકમના અધિકારીઓ અને બાળ કલ્યાણ સમિતિના ચેરમેન તથા સભ્યોએ હૂંફ અને સાંત્વના આપી, તેના પરિવારની વિગતો મેળવતા ખબર પડી કે, આ બાળકના પરિવારજનો તો છેક રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લાના કોઈ નાના ગામમાં રહે છે. કોરોનાના કારણે તેમના પરિવારજનોથી તે વિખૂટો પડી ગયો અને પરિવારના લોકો તેમના વતન જતા રહ્યાં છે. જયારે તે એકલો અહીંયા રહી ગયો છે.

આ સમગ્ર બાબતની જાણ થતા જિલ્લા કલેકટરએ આ બાળકને તેના પરિવાર સુધી પહોંચાડવા માટે જરૂરી સુચના આપી. જે મુજબ જિલ્લા બાળ સુરક્ષા એકમના અધિકારી અજય મોટકાએ રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લાના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના અધિકારી સાથે વાત કરી. આ બાળકના પરિવારજનોની વિગતની સત્યતા તપાસી. બાળક દ્વારા તેના પરિવારજનોની આપવામાં આવેલ વાતને પ્રતાપગઢ જિલ્લાના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિકારીએ યોગ્ય તપાસ કરી આપતા સુરેન્દ્રનગર જિલ્લા બાળ કલ્યાણ સમિતિના જીજ્ઞાબેન પંડયા અને ડૉ. નિલેશ ત્રિવેદી દ્વારા આ બાળક તેના કુટુંબીજનોને સોપવા માટેના જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

અમદાવાદમાં હેલ્થકાર્ડ લેવા માટે રાત-પરોઢિયા, લોકો ગાદલા-ગોદડા લઈને ગોઠવાયા

અમદાવાદ

શહેરમાંમાં સ્કૂલોમાં પ્રવેશ માટે પ્રષ્ઠિત સ્કૂલો બહાર રાતથી જ વાલીઓ લાઈનો લાગતા હોવાના દ્રશ્યો તમે જોયા હશે. લૉકડાઉન ચાલી રહ્યું છે ત્યારે અને તેમાં પણ એક ખાસ કારણે અમદાવાદ માં લાઈનો લાગી હતી. હાલ શહેરમાં વિવિધ વિસ્તારોમાં શાકભાજી ની લારી ધરાવતા લોકો, જીવનજરૂરી વસ્તુઓનું વેચાણ કરતા દુકાનદારો સહિતના લોકોને હેલ્થ સ્કિનિંગ કાર્ડ આપવામાં આવી રહ્યા છે. જે બાદમાં તેઓ પોતાની દુકાન શરૂ કરી શકે છે. નિકોલ વિસ્તાર માં પણ આ કાર્યવાહી ચાલી રહી છે, ત્યારે લોકો રાતથી જ હેલ્થ કાર્ડ લેવા માટે લાઈનમાં ગોઠવાઈ ગયા હતા.

નિકોલ સબ-ઝોનલ ઓફિસ સહિત શહેરમાં હાલ હેલ્થ કાર્ડ આપવાની કાર્યવાહી શરૂ છે. આ દરમિયાન નિકોલ સબ ઝોનલ ઓફિસ બહાર રાતથી જ લોકોએ લાઈનો લગાવી દીધી હતી. લોકો રાતથી જ ગાદલો અને ગોદડા લઈને લાઈનમાં ગોઠવાઈ ગયા હતા. એટલે કે લોકોએ હેલ્થ કાર્ડ માટે આખી રાત રોડ પર જ વિતાવી હતી. સબ ઝોનલ ઓફિસ પર લોકોની લાઈનો લાગી હતી. આ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સિંગનો અભાવ પણ જોવા મળ્યો હતો. ઓફિસ બહાર રોડ સુધી લાંબી લાઈનો લાગી હતી. શાકભાજીની લારી કે જીવનજરૂરી વસ્તુઓના વેચાણ માટે હેલ્થ કાર્ડ જરૂરી હોવાથી લોકોએ લાઈનો લગાવી હતી. અમદાવાદના તત્કાલિન ઈન્ચાર્જ કમિશનર મુકેશ કુમાર તરફથી નવ દિવસ માટે અમદાવાદમાં સંપૂર્ણ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. આ દરમિયાન દૂધ અને મેડિકલ સિવાય તમામ દુકાનો બંધ રાખવામાં આવી હતી. આ સાથે જ શહેરમાં સુપર સ્પ્રેડર્સ એટલે કે શાકભાજીની લારી અને જીવનજરૂરી વસ્તુઓની દુકાન ધરાવતા વેપારીઓના સ્કિનિંગનું કામ શરૂ કરાયું હતું. શાકભાજીની લારી કે દુકાન માટે આ કાર્ડ હોવું ફરજિયાત કરાયું છે.

અમદાવાદમાં કેન્સર હૉસ્પિટલનાં ફ્રન્ટ વોરીયર્સ સહીત ૮૪ લોકો કોરોનાગ્રસ્ત

અમદાવાદ

શહેરમાં કોરોના વાયરસનો કહેર સામાન્ય માણસો સુધી જ નથી પરંતુ કોરોના વોરિયર્સમાં પણ સંક્રમણ વધી રહ્યું છે. અસારવા વિસ્તારમાં સિવિલ કેમ્પસમાં આવેલી કેન્સર હૉસ્પિટલમાં ડોકટરો, પેરામેડીકલ સ્ટાફ સહિત ૮૪ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કોરોનાગ્રસ્ત ૮૪ પોઝિટિવમાંથી અંદાજે ૪૬ લોકો માત્રને માત્ર કેન્સર હોસ્પિટલનાં રેડિયોથેરાપી વિભાગનો જેના કારણે ત્યાં સારવાર લઇ રહેલા દર્દીઓ અને અન્ય સ્ટાફને પણ આ સંક્રમણ થવાની સંભાવના પ્રબળ છે.

કેન્સર હૉસ્પિટલના સ્ટાફમાં જ પોઝિટિવ કેસો આવતા હૉસ્પિટલ તંત્ર દ્વારા પુરતી તકેદારી રખાઇ ન હતી. હૉસ્પિટલની બિલ્ડિંગને સેનેટાઈઝ કરવામાં આવી ન હતી. આ વિભાગનાં ૮૪ લોકોમાંથી ૪૬ એટલે કે ૫૦ ટકાથી વધુ લોકો રેડિયો થેરાપી વિભાગનાં છે. રેડિયો થેરાપી વિભાગના આ ૪૬ લોકોમાં ડૉકટર, સ્ટાફ નર્સ, કલાર્ક અને સર્વન્ટનો સમાવેશ થાય છે. આ તમામ ડૉકટરો અને સ્ટાફને અલગ અલગ ખાનગી હોટલમાં ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હતા. મોટા પ્રમાણમાં સ્ટાફ ન હોવાને કારણે દર્દીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

નોંધનીય છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને વીસેક દિવસ પહેલા અમદાવાદમાં નોંધતા કોરોનાના દર્દીઓને આ હોસ્પિટલમાં સારવાર આપવા માટે રાખવા એવો નિર્ણય કરવામાં આવ્યો હતો. કોવિડના દર્દીઓની સારવાર પૂરતા માસ્ક કે હેન્ડગ્લોવ્ઝ કે કીટ વગર કરવામાં આવતા રેડિયોથેરાપી વિભાગમાં નર્સ પહેલા પોઝિટિવ બન્યા હતા. તે બાદ આ સિલસિલો ચાલુ જ રહ્યો તો પણ હૉસ્પિટલ તંત્રની ઊંઘ ઉડી નહીં અને સંક્રમિતોનો આંકડો વધીને ૮૪ થયો છે. કોરોનાની ઝપેટમાં કેન્સર હોસ્પિટલમાં શનિવારે એચઆર વિભાગનાં એક હેડ કલાર્કનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો.

ગાંધીનગરમાં કોરોનાના વધુ ૮ પોઝિટિવ કેસ નોંધાતા તંત્રમાં ગભરાટ

ગાંધીનગર

ગાંધીનગર શહેરમાં ૮ પોઝિટિવ કેસ નોધાયા છે. જેમાં સેક્ટર ૨૪મા ૪ કેસ પોઝિટિવ, સેક્ટર ૧૩મા એક કેસ (શાકભાજી વેપારી), સેક્ટર ૨૭મા એક કેસ પોઝિટિવ,સેક્ટર ૪સીમા એક કેસ પોઝિટિવ, સેક્ટર ૨૩મા એક કેસ પોઝિટિવ નોંધાયો છે.

ભાવનગરમાં પણ બે પોઝિટિવ કેસ નોંધાતા રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૧,૩૯૦ કેસ નોંધાયા છે અને મૃત્યુઆંક ૬૫૯ થયો છે જ્યારે ૪,૪૯૯ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે.

પાટણમાં વધુ ૭ કોરોના પોઝિટીવ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર થયું દોડતું

પાટણ

રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત છે. ત્યારે પાટણમાં કોરોનાના વધું ૭ પોઝિટીવ કેસ નોંધાયા છે. જેના કારણે તંત્ર દોડતું થઈ ગયું છે. લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે. રાધનપુરમાં ૨ કેસ પાટણ શહેરમાં ૨ કેસ કાતરામાં ૨ અને ડાભડીમાં ૧ એમ કુલ ૭ કેસ નોંધાયા છે. પોઝિટીવ કેસ સામે આવ્યા બાદ જે વિસ્તારમાં દર્દીઓ રહેતા હતા. તમામ વિસ્તારોને તંત્ર દ્વારા સેનેટાઈઝ કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં કોરોનાની મહામારીનો ફરી એકવાર ગંભીર ચહેરો સામે આવ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૩૯૧ જેટલા પોઝિટિવ કેસ નોંધાયા છે તો મૃત્યુનો બીજીવારનો સૌથી મોટો આંક ૩૪ પણ આજે જ નોંધાયો છે. ગુજરાતમાં કુલ કેસનો આંક ૧૧૩૮૦ જ્યારે મરણનો આંક ૬૫૯ થયો છે. આજે નોંધાયેલા કેસોમાં અમદાવાદ પછી સૌથી વધુ ૪૫ કેસ સુરતમાં, ૨૧ કેસ વડોદરામાં અને એકસાથે ૧૪ કેસ નોંધાવવાનો પહેલો બનાવ કચ્છમાં નોંધાયો છે. આવતીકાલથી લોકડાઉન-૪નો અમલ થવાનો છે તે પૂર્વે જ ગુજરાત-અમદાવાદનું ચિત્ર બિહામણું સાબિત થઈ રહ્યું છે.

અરવલ્લીમાં કોરોના ટેસ્ટ માટે એક એમ્બ્યુલન્સમાં ૧૨ વ્યકિતઓને લઈ જતો વિડિયો વાયરલ

મોડાસા

વડાપ્રધાન અને આરોગ્ય વિભાગ દ્વારા સોસિયલ ડિસ્ટન્સ રાખવા સૂચન કરવામાં આવ્યું છે. પરંતુ સોશિયલ ડિસ્ટનસિંગ અરવલ્લી આરોગ્ય વિભાગ દ્વારા જ જાળવવામાં આવ્યું ન હોવાનું બહાર આવ્યું છે. એક જ એમ્બ્યુલન્સમાં હોમકોરોન્ટીન કરેલ ૧૨ જેટલા લોકોને કોરોના ટેસ્ટ કરાવવા માટે મોડાસાની કોવિડ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હોવાનો વિડીયો વાઈરલ થયો હતો. ત્યારે રોગ જાગૃતિના પાઠ ભણાવનાર આરોગ્ય વિભાગ જ કેમ ઉણું ઉતરે છે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું હતું. અરવલ્લીના નારણપુરા ગામથી કોરોના ટેસ્ટ કરવા લાવવામાં આવેલ દર્દી દ્વારા એમ્બ્યુલન્સમાં બેઠેલા લોકોનો વિડિઓ પણ ઉતારવામાં આવ્યો છે.

જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે એમ્બ્યુલસમાં ડ્રાયવર અને અન્ય એક વ્યક્તિ સહિત એમ્બ્યુલન્સ માં ૧૪ જેટલા લોકો બેસેલા જોવા મળી રહ્યા છે. એમ્બ્યુલસમાં હાજર ભાવિન સુવેરાનો આક્ષેપ છે કે આમ એક તરફ સરકાર અને તંત્ર સોશ્યલ ડિસ્ટનસિંગની વાતો કરે છે કે લોકો સોશ્યલ ડિસ્ટનસિંગ જાળવે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા જ એકસાથે ૧૨ થી ૧૪ જેટલા લોકોને એમ્બ્યુલસમાં ભરીને કોરોનાનો ટેસ્ટ કરાવવા લાવવામાં આવ્યા છે. વધુમાં આ તમામ લોકો હોમકોરોન્ટાઈન કરેલ વ્યક્તિઓ છે અને તે અન્ય જિલ્લામાંથી આવ્યા છે. જો આમાંથી કોઈ એક વ્યક્તિનો પણ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો તો અન્ય વ્યક્તિઓને પણ કોરોનાનું સંક્રમણ થઈ શકે તેવું તંત્ર જાણતું હોવા છતાં આ રીતે આવી પરિસ્થિતિમાં એક સાથે આટલા વ્યક્તિઓ ને એક જ એમ્બ્યુલન્સમાં રિપોર્ટ કરાવવા લઈ આવતા તંત્ર પર અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

સાથે જ ટેસ્ટ કરાવવા આવેલ વ્યક્તિ દ્વારા એવો પણ આક્ષેપ કરાયો છે કે તેઓ બે કલાકથી રિપોર્ટ કરાવવા લાઈનમાં ઉભા હતા. પરંતુ ટેસ્ટિંગ કિટો પુરી થઈ જતા તેમનો ટેસ્ટ પાંચ વાગે કરવામાં આવશે તેવું જાણવામાં આવ્યું છે. વધુમાં તેઓનું કહેવું છે કે આ વ્યક્તિઓ સવારથી કોરોનાનો ટેસ્ટ કરાવવા આવ્યા હતા છતાં તંત્ર દ્વારા જમવાની કે ચા નાસ્તાની વ્યવસ્થા કરવામાં નહોતી આવી. સાથે જ આ તમામ લોકો ઉનાળાના આકરા તાપમાં હોસ્પિટલની બહાર બેસી રહેવા મજબૂર બન્યા હતા. ત્યારે કોરોના સામેની જંગમાં સરકારના મસમોટા દાવાઓ સામે તંત્ર ક્યાંકને ક્યાંક સુવિધાઓ આપવામાં ઉણું ઉતરતું હોય તેવું લોકો મુખે ચર્ચાઈ રહ્યું છે.

બદલવાના હતા ગુજરાતના વિજયભાઈ અને બદલી કઢાયાં અમદાવાદના વિજયભાઈ

નેહરાની બદલીને લઈને રાજકારણ ગરમાયું, કોંગ્રેસે ગણાવી મુખ્યમી

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસની મહામારીનો હાહાકાર જોવા મળી રહ્યો છે. ત્યારે દેશભરમાં લોકડાઉન ૪.૦ નો આજથી અમલ શરૂ થઈ ગયો છે. ત્યારે ગુજરાતમાં આજની બેઠક બાદ આવતી કાલથી લોકડાઉન ૪.૦ અમલ શરૂ કરવામાં આવશે. જો કે ગુજરાતમાં કોરોના વાયરસના પોઝિટિવ કેસોની વધતી સંખ્યા તેમજ લોકડાઉન ૪.૦ અમલ કરાવાની વચ્ચે ગઈકાલે કરાયેલ અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નર વિજય નેહરાની બદલીને લઈને કોંગ્રેસ નેતાઓએ તીખી પ્રતિક્રિયા આપી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નર વિજય નહેરાની બદલીને લઈને રાજ્યમાં રાજકારણ ગરમાયું છે. વિપક્ષ કોંગ્રેસ દ્વારા છસ્ઝ કમિશ્નર વિજય નેહરાની બદલીના નિર્ણયને વખોડવામાં આવ્યો છે. જેને લઈને કોંગ્રેસ પ્રદેશ પ્રમુક અમિત ચાવડાએ ટવિટ કરી સરકાર પર નિશાન તાક્યું છે.

કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું કે વિજય નેહરાને રાત-દિવસ કામ કરવાની સજા મળી છે. આ સાથે સરકારને આડે હાથ લેતા કહ્યું કે વિજય નેહરાની બદલીને કોંગ્રેસ સરકારની મુખ્યમી ગણાવે છે. અમિત ચાવડાએ કહ્યું કે વિજય નેહરાને વધુ ટેસ્ટ કરવાની સજા મળી. આ સાથે કહ્યું કે વિજય નેહરા રાજ્યના સાચા આંકડા જાહેર કરવાની પણ સજા મળી છે. ઉલ્લેખનીય છે કે વિજય નેહરાને અમદાવાદ મનપા કમિશ્નર પદેથી બદલી કરાઇ છે. આ સેથે વિજય નેહરાને ગ્રામ્ય વિકાસ કમિશ્નર બનાવાયાં છે.

આ સાથે કોંગ્રેસના અન્ય નેતા જયરાજસિંહ પરમારે છસ્ઝ કમિશ્નર વિજય નેહરાની બદલીને લઈને સરકારને ટોણો મારતાં કહ્યું કે, 'બદલવાના હતા ગુજરાતના વિજયભાઈ અને બદલી કઢાયાં અમદાવાદના વિજયભાઈ'. જયરાજસિંહ પરમારે કહ્યું અમદાવાદ મહાનગરપાલિકાના કમિશ્નરની કરેલી બદલી ખુબ દુ:ખદ છે. શહેરમાં કોરોનાને સામેની જંગ જીતવા જેમણે તનતોડ મહેનત કરી અને જીવના જોખમે કામ કર્યું તેમને સરકારે આ ફળ આપ્યું ?

આ સાથે વિજય નહેરાની બદલીને લઈને જયરાજસિંહે જણાવ્યું કે રાજ્યમાં સારા અધિકારીઓની બદલીને કારણે અધિકારી વર્ગ અને રાજયની જનતાના મનોબળ પર તેની અસર જોવા મળે છે. આ સાથે જે સરકારી કર્મચારી હશે તે નિષ્ઠાપૂર્વક કામ કરતાં ખચકાશે. કોરોનાની લડતમાં ઉણાં ઉતરેલાં વિજય નહેરા પર રાજ્ય સરકારે આકરા પગલાં લીધા છે. વિજય નહેરાને અમદાવાદ શહેરના કમિશનર પદેથી હટાવી રાજ્યના ગ્રામીણ વિકાસ કમિશનર બનાવાયા છે. વિજય નહેરાની બદલીના એંધાણ ત્યારે જ આવી ગયા હતા જ્યારે તેઓ ૧૪ દિવસ કોરોન્ટાઈન હતા.

જાલીયાનામઠ ગામમાં કોરેન્ટાઈન વિસ્તારમાં લોકોએ કર્યો હોબાળો

ગાંધીનગર

કોરોના વાયરસનો કેસ પોઝિટિવ આવ્યો હોય તે વિસ્તારને કોર્ડન કરવામાં આવતો હોય છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા જાલીયાનામઠ ગામના પીએચસી સેન્ટરમાં ફરજ બજાવતા એક કર્મચારી જે અમદાવાદમાં રહે છે. તેમનો રિપોર્ટ પોઝિટિવ આવતા ગામના કેટલાક વિસ્તારને કોરેન્ટાઈન કરવામાં આવ્યો છે. જેને લઈને ગ્રામજનો દ્વારા હોબાળો કરવામાં આવ્યો હતો. ગઈકાલ મોડી રાત્રે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ નહીં મળતા કોરેન્ટાઈન કરવામાં આવેલા વિસ્તારના નાગરિકો ઘરની બહાર નીકળી ગયા હતા.

ગ્રામજનોએ કહ્યું કે, અમારા વિસ્તારમાં એક પણ કેસ આવ્યો નથી. જે આવ્યો છે તે અમદાવાદના નાગરિક છે. પરંતુ અમને હેરાન કરવામાં આવી રહ્યા છે, સુવિધાઓ મળતી નથી. પશુઓને ચારો લેવા માટે પણ જવા દેવામાં આવતા નથી. અમારી મુશ્કેલીઓનો પાર રહ્યો નથી. તેવા સમયે અમને સુવિધાઓ પૂરી પાડવામાં આવે તો અથવા તો આ વિસ્તારમાંથી બહાર કાઢવામાં આવે. તેને લઈને ગત મોડીરાત્રે એકઠા થયેલા લોકોએ સરપંચ પર આક્ષેપો કર્યા હતા.

અમદાવાદનાં કૃષ્ણનગર પોલીસ મથકના કર્મચારીનું કોરોના સારવાર દરમ્યાન મોત

ગાંધીનગર

રાજ્યમાં કોરનાનો ભરડો વકર્યો છે, ત્યારે અમદાવાદથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં પ્રથમ વખત જીવલેણ વાયરસનાં કારણે પોલીસ કર્મચારીનું મોત નિપજયું છે. મૃતક પોલીસ કર્મચારી અમદાવાદ શહેરનાં નરોડા વિસ્તારનાં કૃષ્ણનગર પોલીસ મથકમાં ફરજ બજાવતા હતા. મળતી માહિતી મુજબ કૃષ્ણ નગર પોલીસ મથકમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ ભરતજી ઠાકોરનું કોરોનાને કારણે મોત થયું છે, ગત ૧૬ તારીખે કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા સારવાર અર્થે પ્રથમ એસવીપી હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા હતા. જે બાદ તેને ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. ઘટનાના પગલે કૃષ્ણનગર પોલીસ મથકના કેટલાક પોલીસ કર્મીઓને કોર્નટાઈન કરવામાં આવ્યા છે. ડી સ્ટાફમાં ફરજ બજાવતા પોલીસ કર્મી ને પણ કોર્નટાઈન કરવામાં આવ્યા છે. રાજ્યનો આ પ્રથમ બનાવ છે જેમાં પોલીસ કર્મચારીનું મોત નીપજ્યું હોય. લોકો પોતાના ઘરમાં સુરક્ષિત રહે તેના માટે પોલીસ સતત બંદોબસ્તમાં હાજર રહેતી હોય છે આવા સમયે કૃષ્ણ નગર પોલીસ મથકના કર્મચારીને પોઝિટિવ આવતા તેણે આજે સવારે કોરોના સામે અંતિમ શ્વાસ લીધા હતા. પોલીસ કર્મચારીનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવતા તેમને ગાંધીનગર સિવિલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા.જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું છે.

૧૭ જેટલા ગુનાઓમાં સંડોવાયેલ સૌરાષ્ટ્રની કુખ્યાત સોનુ ડાંગરના સાગરીતની ધરપકડ

અમરેલી

સૌરાષ્ટ્ર સહિત અમરેલી જિલ્લા પોલીસ તંત્રની ઊંઘ હરામ કરનાર કુખ્યાત સોનુ ડાંગરનો સાગરીત કુખ્યાત આરોપી શૈલેષ ચાંદુ રાજ્યની ૭ જિલ્લાઓની પોલીસને હંફાવતો હતો. પણ અમરેલી એલ.સી.બી.એ આ ખૂંખાર શૈલેષ ચાંદુની પંચમહાલ જિલ્લાના શિવરાજપુરથી ધરપકડ કરી લેતા હાશકારો અનુભવ્યો હતો. સોનુ ડાંગરનો સાગરીત કુખ્યાત આરોપી શૈલેષ ચાંદુની વાત કરવામાં આવે તો તે અમરેલી જિલ્લા સહિત ગીર સોમનાથ, જૂનાગઢ, ભાવનગર, પાટણ અમદાવાદ, અને સુરત સહિતના ૭ જિલ્લાની પોલીસની ઊંઘ હરામ કરી નાંખી હતી. અમરેલી જિલ્લા સહિત સાતેક જિલ્લાઓમાં શૈલેષ ચાંદુ પર ૧૭ જેટલા ગુન્હાઓ નોંધાયા છે.

અત્રે નોંધનીય છે કે, સોનુ ડાંગરનો સાગરીત કુખ્યાત આરોપી શૈલેષ ચાંદુ પર ખૂન, ખૂનની કોશીશ, અપહરણ, સામાન્ય પ્રજાને ધાકધમકીઓ આપવી, ખંડણી ઉઘરાવવી, પઠાણી ઉઘરાણી કરવી, સ્થાવર મિલકતો પચાવવી પાડવી ગેરકાયદેસર હથિયારો રાખવાના આર્મ્સ એક્ટ, આંતર રાજ્ય તસ્કરી, અનઅધિકૃત વિસ્ફોટકો રાખવા, તો સરકારી જમીન પર દબાણ કરીને બાંધકામ કરવાના ગંભીર પ્રકારના ગુન્હાઓ આ શૈલેષ ચાંદુ પર નોંધાયા છે.આખા ગુજરાત રાજ્યમાં ફક્ત ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરેરીઝમ કાઈમના બે જ ગુન્હાઓ નોંધાયા છે તેમાં સૌરાષ્ટ્રના સાવરકુંડલા રૂરલ પોલીસ મથક ખાતે કુખ્યાત સોનું ડાંગર અને શિવરાજ વીંછીયાની ટોળકીના શૈલેષ ચાંદુ સૌરાષ્ટ્રની પોલીસની નાકે દમ લાવી દીધો હતો, પણ રવિવારે પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના શિવરાજ પુર ખાતેથી અમરેલી એલ.સી.બી.એ આ કુખ્યાત આરોપીને દબોચી લઈને આજે પ્રેસ કોન્ફરન્સ કરીને ખૂંખાર આરોપીએ સાતેક જિલ્લાઓમાં ૧૭ જેટલા ગુન્હાઓને અંજામ આપ્યો હોવાની વિગતવાર માહિતી આપી હતી. જેમાંથી ૮ ગુન્હાઓમાં પોલીસની ઊંઘ હરામ કરી હતી.

ગોંડલ લોકડાઉનમાં બેકાર બનેલા રિક્ષાચાલકોને અપાઈ રાશનકિટ

ગોંડલ

કોરોના વાઈરસની મહામારીમાં તમામ રીક્ષાચાલકોના ધંધા - રોજગાર અટકી પડ્યા છે. સાથે વાહનોની ગતિ પણ થંભી ગઈ છે. રોજે રોજનું કમાતા માણસ પર આપદા આવી પડી છે, ત્યારે ગોંડલના સામાજિક આગેવાન જગદીશભાઈ સાટોડીયા અને તેના પુત્ર અભી સાટોડીયા લોકડાઉનમાં બેકાર બનેલા રિક્ષાચાલકોની વહારે આવ્યા છે. આ પિતા-પુત્રને એક વિચાર આવ્યો કે ગોંડલમાં ઓટો રીક્ષા ચલાવતા રીક્ષાચાલકો તો સાવ હવે બેરોજગાર બન્યા છે. આથી પિતા - પુત્રએ નક્કી કર્યું ગોંડલ શહેરમાં ઓટો રીક્ષા ચલાવનારને રાશન કિટ આપીએ. બસ પછી રાશન કિટ તૈયાર કરી અને ગોંડલ તાલુકાના ૩૫૦થી વધુ ઓટો રીક્ષા ચાલકોને કિટ ૨ દિવસમાં રૂબરૂ બોલાવીને આપી હતી.

ડીસામાં ભૂસ્તર અધિકારીના માર્ગદર્શન હેઠળ ગરીબ વર્ગના લોકોને કીટ અપાઈ

બનાસકાંઠા

કોરોનાની મહામારીથી બચવા કેન્દ્ર સરકારે લોકડાઉન જાહેર કર્યા સમય દરમ્યાન દરરોજ કમાઈને ખાનારા તેમજ મધ્યમ વર્ગના લોકોને બે ટાઈમ ખાવાના ફાંફા થઈ જાય છે, ત્યારે સમગ્ર દેશમાં સેવાભાવી સંસ્થાઓ સાથે નાનામોટા વેપારીઓ સેવાના કાર્યમાં જોડાયા હતા. બનાસકાંઠા જિલ્લા ભૂસ્તર વિભાગમાં ઓફિસના કામમાં વ્યસ્ત હોવા છતાં પણ આવા સમયે સેવા કરવા આગળ આવી હતી. ભુસ્તર અધિકારી સુભાષ જોશીના માર્ગદર્શન હેઠળ ડીસાના લીજધારકોએ ૨૦૦થી વધુ રાશનકીટ બનાવી હતી અને જે કીટ ભૂસ્તર ઓફિસના કર્મચારીઓની હાજરીમાં ડીસાના જુનાડીસા અને આસપાસના ગામોમાં વિતરણ કર્યા હતા.

ત્યાં નાયબ ભૂસ્તર અધિકારી મિત પરમાર, રોયલ્ટી ઈન્સ્પેક્ટર શક્તિદાન ગઢવી, માઈન્સ સુપરવાઈઝર વિરેન્દ્રસિંહ સોલંકી, સર્વેયર મેહુલ દવે સહિત લીજ ધારકો રાજુભાઈ ઠક્કર, જેણુભા વાઘેલા, શાન્તુજી ઠાકોર, મહેન્દ્રભાઈ જોશી,ભરતભાઈ જોશી,જશવંતસિંહ ઠાકોર હાજર રહ્યા હતા અને કીટ વિતરણ કરી હતી.આ કીટ જોઈ ગરીબોના ચહેરા પર ચમક આવી હતી. બનાસકાંઠા ભૂસ્તર વિભાગ દ્વારા ૨૦૧૭ના પુર સમયે પણ નિરાધારોના આધાર બન્યા હતા. અને પુર સમયે પણ જિલ્લાવાસીઓ માટે ખડેપગે રહ્યા હતા.

ત્યારે ફરી લોકડાઉનના મહામારી સમયે પણ જિલ્લાવાસીઓ માટે મદદરૂપ થઈ રહ્યા છે. બનાસકાંઠા જિલ્લા ભૂસ્તર વિભાગના માર્ગદર્શન હેઠળ કાંકરેજના લીજધારકો એ રૂ ૩.૫૦ લાખ મુખ્યમંત્રી રાહત ફંડમાં આપેલા, જ્યારે અંબાજી માર્બલ એસો પણ મુખ્યમંત્રી રાહત ફંડમાં દાન કરેલા સાથે દાંતાના ભેમાળ જસપુરીયાના લીજધારકોએ રાશનકીટનું વિતરણ કરી ગરીબોને મહામારીના સમય મદદરૂપ થઈ રહ્યા છે.

પોલીસને ૧૦,૦૦૦ લોકોને આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવવાની જવાબદારી સોંપાઈ

અમદાવાદ

કોરોના સામેની લડાઈમાં અમદાવાદ શહેર પોલીસ ખરા અર્થમાં 'ખાખી વોરિયર' બની રહી છે. જનતા કરફ્યૂથી શરૂ કરી ત્રણ તબક્કાના લોકડાઉનના કુલ ૫૫ દિવસ દરમિયાન પોલીસની કામગીરીમાં આવેલો બદલાવ આ કામમાં જોડાયેલાં તમામ લોકોને સેલ્યૂટ કરવાનું ઈજન આપી જાય તેવો છે. જનતા કરફ્યૂમાં લોકોની લાગણી-સંવેદનાનો ખ્યાલ રાખવાથી શરૂ થયેલી સફરમાં અનેક બદલાવ આવ્યાં છે. શેરી, ગલી અને રસ્તા બ્લોક કરવામાં કડક જણાયેલી પોલીસ સિનિયર સિટીઝન્સ કે શ્રમિકોની મદદમાં લાગણીશીલ જણાઈ આવી છે. હવે, પોલીસને કોરેન્ટાઈન થયેલાં ૧૦,૦૦૦ લોકો આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરે તેની જવાબદારી સોંપાઈ છે. 'આરોગ્ય સેતુ એપ'થી કોરેન્ટાઈન લોકો સંક્રમણ ફેલાવે નહીં કે ભોગ ન બને તેવો હેતુ હોવાનું પોલીસ સૂત્રો કહે છે. હજુ ૧૪ દિવસના સંભવતઃ લોકડાઉનના આખરી તબક્કા પછી શક્યતઃ બે મહિના સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ કરાવવાની જવાબદારી પણ પોલીસના શિરે આવવાની છે. જનજાગૃતિના અભાવે વિદેશની સરખામણીએ ગુજરાત અને ભારતમાં ખાખી વર્દીએ સતત પ્રવૃત્ત રહેવું પડે છે. ૨૪ માર્ચથી ૧૪ એપ્રિલ: ૨૪ માર્ચે જનતા કરફ્યૂ પછી શરૂ થયેલા લોકડાઉનના ૨૧ દિવસના પહેલા તબક્કામાં પોલીસના ભાગે લોકોની અવરજવર પર અંકુશ મૂકવાની જવાબદારી વિશેષ રહી હતી. ૧૫ એપ્રિલથી ૩ મે: લોકડાઉનના બીજા તબક્કા દરમિયાન કોટ વિસ્તારમાં કોરોનાગ્રસ્તોની સંખ્યામાં આવેલા ઉછાળાએ પોલીસ માટે પડકાર સર્જ્યો હતો. રેડ ઝોન એરિયા અને કન્ટેન્મેન્ટ ઝોનને શહેરના બીજા વિસ્તારોથી અલગ પાડવાની કપરી કામગીરી કરાઈ. પોલીસની મહિલા જીઊંઈ ટીમોએ સિનિયર સિટીઝનોની સેવા કામગીરી ઝડપી બનાવી.

આખું તંત્ર કોરોનામય થતા ખોરવાઈ રૂટીન કામગીરી

કોરોના બાદ જૂન-જુલાઈમાં મેલેરિયાનો ઉપદ્રવ વધવાની શક્યતા

અમદાવાદ

શહેરમાં વ્યાપક પ્રમાણમાં ફેલાઈ ચૂકેલાં કોરોના વાયરસનાં કેસ ઘટાડવા અનેક પ્રકારે પ્રયાસો થઈ રહ્યાં છે, તેમ છતાં કોરોનાનાં પોઝિટિવ અને લક્ષણ વગરનાં કોરોનાનાં કેસ ઘટવાનું નામ લેતા નથી તે જોતાં આગામી જૂન-જુલાઈમાં મચ્છરનો ઉપદ્રવ વધવા માંડશે ત્યારે નાગરિકોનાં જીવનું જોખમ વધી શકે છે તેમ મ્યુનિ.નાં હેલ્થ ખાતાનાં સૂત્રોએ સ્વીકાર્યું હતું. મ્યુનિ.હેલ્થ ખાતાનાં સત્તાવાર સૂત્રોએ નામ નહીં આપવાની શરતે કહ્યું કે, અત્યારે આખું તંત્ર કોરોનામય બની ગયું છે અને તેના કારણે તમામ ખાતાની રૂટીન કામગીરી પણ ખોરવાઈ ગઈ છે. કોરોના વાયરસ માટે નિષ્ણાતોની આગાહી એવી છે કે, મે મહિનાં અંતમાં અને જૂન મહિનામાં કોરોનાના કેસ ચરમસીમાએ પહોંચશે. તે સિવાય પણ કોરોનાની કોઈ દવા કે રસી ન હોવાથી કોરોના દેશભરમાંથી નેસ્તનાબૂદ થાય તેવી કોઈ શક્યતા નથી.

એટલે કે આગામી મહિનાઓ અને વર્ષો સુધી કોરોનાનાં કેસ નોંધાયા કરશે તેવું જાહેર આરોગ્ય સાથે સંકળાયેલાં તમામ માની રહ્યાં છે. બીજી બાજુ જૂનમાં વરસાદનાં આગમનની આગાહી થઈ ચૂકી છે અને અમદાવાદની વાત કરીએ તો જૂનનાં અંતમાં કે જુલાઈનાં પ્રારંભે વરસાદની શરૂઆત થતી હોય છે. વરસાદ પડવાની સાથે જ મેલેરિયા અને ડેન્ગ્યુને વકરાવતાં મચ્છરોનો ઉપદ્રવ શરૂ થશે. તેનાથી વર્તમાન સંજોગોમાં એક અલગ પ્રકારની સમસ્યા કે મુંઝવણ ઉપસ્થિત થશે તેવી માહિતી આપતાં સૂત્રોએ જણાવ્યું હતું કે, શહેરમાં એક બાજુ કોરોનાનો કહેર ચાલુ રહેશે અને બીજી બાજુ મચ્છરજન્ય તાવનાં કેસો વધવાની શરૂઆત થશે.

તે સમયે સામાન્ય તબીબ પણ મેલેરિયાનો તાવ હશે તો પણ કોરોનાનાં ભયથી કોઈ જોખમ લેશે નહિ અને દર્દીને કોરોના ટેસ્ટ માટે આગ્રહ કરી શકે છે. તેના કારણે દર્દીને પણ મનમાં ભય પેદા થશે અને કોરોના ટેસ્ટ કરાવવા સહિતનાં ખર્ચમાં વધારો થશે.બીજી બાજુ જો ફેમિલી ફિઝિશિયન તેમને ત્યાં આવનારા પેશન્ટને સાદો તાવ સમજીને દવા કરે અને પેશન્ટને લક્ષણ વગરનો કોરોના હોય તો કેવા પ્રકારની સમસ્યા સર્જાઈ શકે તે પણ વિચારવા જેવો મુદ્દો છે તેમ જણાવતાં સૂત્રોએ કહ્યું કે, આમ પણ ઉંમરલાયક વ્યક્તિ કે અન્ય બીમારી હોય તેવા કોઈને પણ ડેન્ગ્યુ જીવલેણ સાબિત થાય છે અને તેવી જ રીતે કોરોના પણ ઘાતક પૂરવાર થાય છે, તે જોતાં ડેન્ગ્યુ કે મેલેરિયાનાં કેસમાં કોરોના વાયરસ કેવી અસર દર્શાવશે તે બાબતે મ્યુનિ.નાં કોઈ સત્તાધીશો-અધિકારીઓએ વિચાર્યું જ નથી.

ગુજરાતમાં કોરોનાના કહેર વચ્ચે હવે જૂનમાં શાળા-કોલેજો શરૂ થવાની શક્યતા

ગાંધીનગર

ગુજરાતમાં કોરોનાના કહેર વચ્ચે લોકડાઉન ખોલવાની બ્લૂ પ્રિન્ટ તૈયાર કરી દેવાઈ છે. આ બ્લુ પ્રિન્ટમાં કેન્દ્રની ગાઈડલાઈન મુજબ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આ માટે ગુજરાત સરકાર દ્વારા શહેરો અને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ પાસેથી અહેવાલ મેળવવામાં આવ્યો છે અને તેના આધારે બે દિવસમાં નિર્ણયો લેવાશે. રાજ્ય સરકાર દ્વારા ખાસ કરીને ઉદ્યોગ ધંધાની સાથે શાળા-કોલેજ શરૂ કરવા માટે પણ વિચારણા ચાલી રહી છે, રાજ્ય સરકાકની યોજના પ્રમાણે, શાળાઓ જૂનના બીજા અઠવાડિયામાં ચાલુ કરવા અને તમામ વિદ્યાર્થીઓને ફરજીયાત માસ્ક પહેરવાનો આદેશ આપવામાં આવી શકે છે. શિક્ષણ વિભાગના અધિકારીએ જણાવ્યા અનુસાર, સ્કૂલો ખૂલશે ત્યારે બાળકોને માસ્ક પહેરવાનું ફરજીયાત બનાવવામાં આવી શકે છે. એટલું જ નહીં બે બાળક વચ્ચે એક મીટરનું અંતર રાખવાનો પણ નિયમ બનાવવામાં આવશે. શિક્ષણ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, જૂન મહિનાના બીજા અઠવાડિયામાં શૈક્ષણિક સત્ર શરૂ થઈ રહ્યું છે પરંતુ તારીખ અંગે હજી દ્વિધા છે.

સુરત લૉકડાઉનમાં ઈચ્છાપોરમાં ૭ પરપ્રાંતીય મહિલાઓની કરાઈ ધરપકડ

સુરત

કોરોના વાયરસને લઈને લૉકડાઉન ચાલી રહ્યું છે ત્યારે કેટલાક લોકો ટોળે વળીને બેસતા હોય છે. આવા લોકો સામે પોલીસ કાર્યવાહી કરી રહી છે. પોલીસને આ કામમાં સામાન્ય નાગરિકો મદદ કરે છે. સુરતના ઈચ્છાપોર વિસ્તારમાં એક મકાન બહાર મહિલાઓ ટોળી વળીને બેઠી હતી. આ તમામ લોકોએ માસ્ક પણ પહેર્યા ન હતા અને સોશિયલ ડિસ્ટન્સિગ જાળવ્યું ન હતું. એક જાગૃત નાગરિકે આ અંગેની તસવીરો સુરત પોલીસના ફેસબુક પર મોકલી હતી. આ મામલે પોલીસે સાત મહિલા સામે કાર્યવાહી શરૂ કરી છે.

કોરોના વાયરસને લઈને લોકડાઉન ચાલી રહ્યું છે. લૉકડાઉનના અમલ કરવા માટે સુરત પોલીસે સોશિયલ મીડિયાનો સહારો લીધો છે. જેમાં જો કોઈ લૉકડાઉનનું ઉલ્લંઘન કરતા જણાય તો તે લોકો તેની તસવીરો મોકલતા હોય છે. જેના આધારે પોલીસ કાર્યવાહી કરે છે. ગતરોજ સુરતના જાગૃત નાગરિક દ્વારા સુરત સીટી પોલીસને તેના ફેસબુક પેજ પર એક ફોટો મળ્યો હતો. જેમાં ઈચ્છાપોરની જયરાજ સોસાયટીમાં કેટલીક મહિલાઓ ટોળે વળી ગપ્પા મારી રહી હોવાની ટેગલાઈન હતી. જે બાદમાં શહેર પોલીસ કંટ્રોલરૂમ દ્વારા આ અંગેની જાણ ઈચ્છાપોર પોલીસને કરવામાં આવતા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

પોલીસે ફોટોગ્રાફના આધારે દરોડા પાડી માસ્ક પહેર્યા વગર અને સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવ્યા વગર ગપ્પા મારી રહેલી કૃપાદેવી મુકેશ જાગીડ, રશ્મીદેવ અજય જગરામસિંહ, નીલુદેવી અનિલકુમાર રાય, સરિતાકુમારી પ્રદીપસિંહ શિવજી, રજનીદેવી રણવીરસિંહ બ્રિજેન્દ્રસિંહ, નિરજદેવી કમલેશ દુબે અને રક્કીદેવી ઉમેદસિંહ જગરામસિંહને ઝડપી પાડી તેમના વિરૂધ્ધ એપેડમિક ડિસીઝ એક્ટ અને જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સુરતના સૌથી ગીચ ઉન વિસ્તારમાંથી કોરોના કેસ મળતા તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી

અમદાવાદ

શહેરના સૌથી ગીચ વિસ્તાર ઉનમાંથી કોરોના પોઝિટીવ કેસ મળતાં સુરત મહાનગરપાલિકાનું તંત્ર આજે ઉપરતળે થઈ ગયું હતું. મ્યુનિ. કમિશનર બંછાનિધિ પાનીએ પાલિકાની ટીમોની ટીમો ઉનમાં ઉતારી સમગ્ર વિસ્તારમાં ડિસઈન્ફેકશનની કામગીરી મોટાપાયે હાથ ધરી હતી. મેયર ડો. જગદીશ પટેલની સાથે મ્યુનિ. કમિશનર સ્થળ પર જ ઉનના કોર્પોરેટરો, આગેવાનો સાથે મિટિંગનો દોર શરૂ કરી સરવે કામગીરી શરૂ કરાવી હતી.

મ્યુનિ. કમિશનરે જણાવ્યું હતું કે ઉન ખૂબ ગીચ વિસ્તાર છે અને શનિવારે રાત્રે અહીંથી એક પોઝિટીવ કેસ મળતાં જ ખૂબ સાવચેતી રાખવી જરૂરી છે. લિંબાયત જેવી હાલત ઉનમાં ન થાય તે માટે એપીએક્સ સર્વે, હોમિયોપેથિક દવાનું વિતરણ તથા યુધ્ધના ધોરણે સમગ્ર વિસ્તારને આ ડિસ્ઈન્ફેકટેડ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કમિશનરે કહ્યું હતું કે આ વિસ્તારમાં જે વડીલ મહિલાને કોરોના પોઝિટીવ આવ્યો છે તેઓ ૨૦ દિવસથી ઘરની બહાર પણ નીકળ્યા નથી પરંતુ ઘરના યુવાનોની બહાર અવરજવરના કારણે શક્ય છે કે તેઓ ચેપગ્રસ્ત બન્યા હોય. સોશિયલ ડિસ્ટન્સ જાળવવામાં હજી કચાશ રખાય છે, માટે તેઓએ ફરીફરીને નાગરિકોને માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટન્સ જાળવવા અને હાથ ધોતા રહેવા અપીલ કરી હતી.

આ વિસ્તારમાં કોંગ્રેસના કોર્પોરેટર રૂકસાનાબાનુની સોસાયટીમાં એક ૮૭ વર્ષના મહિલાને કોરોના પોઝિટિવ આવતા પાલિકાની ટીમો અહીં ઊતારી દેવામાં આવી હતી કેમકે આ અંત્યત ગીચ વસ્તી ધરાવતો વિસ્તાર છે અને જો એકવાર આ વિસ્તારમાં કોરોના ફેલાય તો પાલિકા માટે તેને કંટ્રોલ કરવો મુશ્કેલ બની જશે. જેથી મ્યુનિ. કમિશનર બંછાનિધિ પાનીએ આ વિસ્તારના કોર્પોરેટર સતીષ પટેલ, ભદ્રેશ પરમાર અને સ્થાનિક મુસ્લિમ આગેવાનો સાથે ચર્ચા કરી સાવચેતી માટે સૌને તૈયાર કર્યા હતા.

રાજકોટમાં ૮૮ સેમ્પલમાંથી ૭૦ નેગેટિવ આવતા તંત્રમાં હાશકારો, ૧૮નો રિપોર્ટ બાકી

રાજકોટ

રાજકોટમાં લેવાયેલા ૮૮ સેમ્પલમાંથી ૭૦ નેગેટિવ આવ્યા છે. જ્યારે ૧૮ના રિપોર્ટ બાકી છે. ૮૮ સેમ્પલમાંછી ૭૬ શહેરના, ૯ ગ્રામ્યના અને ૩ અન્યા જિલ્લાના સેમ્પલનો સમાવેશ થાય છે. રાજકોટ જિલ્લામાં કુલ ૮૦ કેસ નોંધાયા છે. જેમાં ૫૮ દર્દીઓ સાજા થયા છે. જ્યારે એકનું મોત નીપજ્યું છે. ભાવનગરમાં ૧૦૭ કેસ નોંધાયા છે.

ગઈકાલે રાજકોટ નજીક શાપર-વેરાવળમાં શ્રમિકોએ આતંક મચાવ્યો હતો તે અંગે રાજકોટ ડીઆરએમએ જણાવ્યું હતુ કે, રાજકોટ રેલવે અને વહીવટી તંત્ર વચ્ચે સંકલનનો અભાવ જોવા મળ્યો છે. સંકલનના અભાવે ગઈકાલે શ્રમિકો શાપર-વેરાવળમાં રસ્તા પર ઉતરી આવ્યા હતા અને આતંક મચાવ્યો હતો. રાજકોટ પશ્ચિમ રેલવે દ્વારા ખુલાસો કરવામાં આવ્યો છે. ગઈકાલે શ્રમિકોને મોકલવા માટે ટ્રેન લેઈટ હોવાનું કહ્યા બાદ બબાલ સર્જાઈ હતી. જિલ્લા વહીવટી તંત્રના આદેશ મુજબ ટ્રેન ચલાવવામાં આવી રહી છે.

રાજકોટમાં પત્રકાર અને પોલીસ પર હુમલા મામલે વધુ ૧૭ લોકોની ધરપકડ

અત્યાર સુધી આ મામલે કુલ ૪૬ લોકોની ધરપકડ પરવા આવી છે

રાજકોટ

કહેવાય છે કે જ્યારે માનવીની ધીરજ ખુટ છે,ત્યારે તે ગમે તે કરી શકે છે. અકળામણ જ્યારે રોષ બનીને ભભૂકે છે ત્યારે વિવેકભાન ભૂલી જાય છે. ગઈકાલે રાજકોટના શાપર-વેરાવળ ખાતે પરપ્રાંતિયો દ્વારા મીડિયા અને પોલીસકર્મી ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. જેને લઈને શહેર પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં આજરોજ વધુ ૧૭ લોકોની ધરપકડ કરવામાં આવી છે. રાજકોટમાં પત્રકાર અને પોલીસ પર હુમલા મામલે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે હવે હુમલો કરનારા વધુ ૧૭ લોકોની પોલીસે ધરપકડ કરી છે. પોલીસ દ્વારા અત્યાર સુધીમાં ૪૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. શાપર-વેરાવળ ખાતે તોફાન કરનારા લોકોને ઝડપીને સરકાર દ્વારા પાસા હેઠળ કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યા છે. સરકારના આ આદેશ બાદ પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે. જેને લઈને આજે વધુ ૧૭ લોકોની ધરપકડ કરાતાં કુલ ૪૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. રાજકોટના શાપરમાં પત્રકાર તેમજ પોલીસ પર થયેલા હુમલાને લઈને રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તપાસના આદેશ આપ્યાં હતા. જેમાં રેન્જ આઈજીને તપાસનો આદેશ અપાયો હતો. સીએમ રુપાણીએ જણાવ્યું હતું કે દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

સુરત શહેર પોલીસ દ્વારા વધુ ૬૪૯ વાહનો જપ્ત કરાયા

જાહેરનામા ભંગ બદલ ૧૭૭ આરોપીઓની અટકાયત

સુરત,

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ગતરોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૧૭૭ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૬૪૯ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. ડ્રોનથી ૦૨ અને સી.સી.ટી.વી કેમેરાની મદદથી ૦૧ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૪,૬૪૦ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૩૫,૩૬૪ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

દહેગામમાં ક્વોરન્ટાઈન થયેલા લોકોની તંત્ર પાસે માંગ- જમવાની વ્યવસ્થા કરાવો

દહેગામ

દહેગામ તાલુકાના પાટનાકુવા જાલીયામઠ ગામના પીએચસી સેન્ટરમાં ફરજ બજાવતા કર્મચારી પોઝિટિવ આવ્યા બાદ કેટલાક વિસ્તારને કોર્ડન કરવામાં આવ્યો છે. તેવા સમયે નાગરિકોને જરૂરી સુવિધાઓ નહીં મળતા આખરે તેમનો રોષ ભભૂકી ઉઠયો ઉઠયો હતો. ગ્રામજનોનું કહેવું છે કે અમે ક્વોરન્ટાઈનમાં રહેવા તૈયાર છીએ પણ અમારા જમવાની અને અમારા ઢોરોના ચારાની વ્યવસ્થા કરી આપો. પરંતુ કોઈ અમારું સાંભળવા માટે તૈયાર નથી. ગામના લોકોએ બળાપો કાઢતા કહ્યું કે અમારા વિસ્તારમાંથી એક પણ કેસ પોઝિટિવ નથી આવ્યો. પરંતુ અમદાવાદથી આવેલા એક વ્યક્તિનો રિપોર્ટ પોઝિટિવ આવતા અમને બધાને ક્વોરન્ટાઈન કરી દીધા છે. તેનો પણ વાંધો નહીં. પરંતુ અમને કોઈને પણ અહીંથી બહાર નથી જવા દેવાતા.

ગાય-ભેંસો માટે ચારો લેવા માટે પણ અમને નથી જવા દેવાતા. તેમજ સરપંચને ફરિયાદ કરવા છતા પણ તેઓ અમને મળવા નથી આવતા. કોરોના વાયરસનો કેસ પોઝિટિવ આવ્યો હોય તે વિસ્તારને કોર્ડન કરવામાં આવતો હોય છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા જાલીયાનામઠ ગામમાં આવેલા પીએચસી સેન્ટરમાં ફરજ બજાવતા એક કર્મચારી જે અમદાવાદમાં રહે છે. તેમનો રિપોર્ટ પોઝિટિવ આવતા ગામના કેટલાક વિસ્તારને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યો છે. જેને લઈને ગ્રામજનો દ્વારા હલ્લાબોલ કરવામાં આવ્યો હતો. ગઈકાલ મોડી રાત્રે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ નહીં મળતા ક્વોરન્ટાઈન કરવામાં આવેલા વિસ્તારના નાગરિકો ઘરની બહાર નીકળી ગયા હતા. ગ્રામજનોએ કહ્યું કે,

અમારા વિસ્તારમાં એક પણ કેસ આવ્યો નથી જે આવ્યો છે તે અમદાવાદનો નાગરિક છે. પરંતુ અમને હેરાન કરવામાં આવી રહ્યા છે, સુવિધાઓ મળતી નથી પશુઓને ચારો લેવા માટે પણ જવા દેવામાં આવતા નથી. અમારી મુશ્કેલીઓનો પાર રહ્યો નથી તેવા સમયે જો અમને સુવિધાઓ પૂરી પાડવામાં આવે તો અમે આ લોકડાઉનનું પાલન કરવા માટે તૈયાર છીએ. તેને લઈને ગત મોડીરાત્રે એકઠા થયેલા લોકોએ ક્વોરન્ટાઈન વિસ્તારનો ભંગ કર્યો હતો. મોડી રાત્રે દહેગામના રખિયાલ પોલીસસ્ટેશનને જાણ થતાં રખિયાલ પોલિસ ગામમાં પહોંચતા મામલો થાળે પાડ્યો હતો.

સુરતમાં સુપર સ્પ્રેડરના કારણે બે મહિનામાં કોરોનાના કેસો ૧૧૦૦ને પાર

સુરત

શહેર જિલ્લામાં પોઝિટિવ કેસનો આંક ૧૧૩૩ પર પહોંચી ગયો છે. જ્યારે મૃત્યુઆંક ૫૧ પર પહોંચ્યો છે. આ સાથે જ શહેર જિલ્લામાં ૭૩૯ દર્દીઓ રિકવર થઈ ઘરે પહોંચી ગયા છે. સુરતમાં પહેલો કેસ ૧૯ માર્ચના રોજ નોંધાયો હતો. જ્યારે આજે ૧૮ મે છે જેથી આ ૬૦ દિવસમાં દરરોજ ૧૯ કેસના વધારા સાથે ૧૧૩૩ પર આંક પહોંચી ગયો છે. મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે સુપર સ્પ્રેડર્સ દ્વારા ૬૦૦ લોકોને ચેપ લાગ્યા હોવાનું અનુમાન છે. વસ્તુની ખરીદી વખતે સોશિયલ ડિસ્ટન્સ, માસ્કનો અભાવ સાથે સાથે પૈસાની લેવડ દેવડ પણ જવાબદાર હોવાનું તંત્ર માની રહ્યું છે.

સુરતમાં કોરોનાના કુલ દર્દીમાંથી ૫૦ ટકા લોકોને ચેપ સુપર સ્પ્રેડર્સથી લાગ્યો હોવાથી વિવિધ ખરીદી માટે લોકોએ સાવધાની રાખવી જરૂરી બની છે. સુરતમાં ૬૪ જેટલા શાકભાજી, કરિયાણા અને દુધવાળાઓ દ્વારા ૬૦૦થી વધુ લોકોને કોરોનાનો ચેપ લાગ્યો હોવાથી તંત્ર જીવન જરૂરિયાતની ખરીદીમાં સાવધાની રાખવા લોકોને વારંવાર અપીલ કરી રહી છે. ૧૯ માર્ચના રોજ પહેલો કેસ સુરતમાં સામે આવ્યો હતો. ત્યારબાદ ૨૮ દિવસમાં ૧૦૦ કેસ નોંધાયા હતા. જોકે, ત્યારબાદ કોરોના પોઝિટિવ કેસમાં ધરખમ વધારો આવ્યો હતો.

ત્યારબાદ માત્ર ૧૩ દિવસમાં જ ૫૦૦ જેટલા કેસ નોંધાયા હતા. અને ત્યારબાદના ૧૮ દિવસમાં વધુ ૫૦૦ કેસ સામે આવ્યા હતા. પોઝિટિવ કેસની સાથે રિકવરીનો આંકમાં પણ વધારો થઈ રહ્યો છે. ૧૧૩૩ કેસની સામે અત્યાર સુધીમાં ૭૩૯ દર્દીઓ રિકવર થઈ ઘરે પહોંચી ગયા છે. ૧૯ માર્ચથી ૧૮ એપ્રિલ સુધીમાં ૨૦૮ દર્દીઓ રિકવર થયા હતા. જ્યારે ૧૯ એપ્રિલથી ૧૭ મે સુધીમાં વધુ ૫૩૧ દર્દીઓ રિકવર થયા છે.

લોકોને બોલાવી રાજકોટ પાસપોર્ટ ઓફિસ બંધ રાખતા લોકોનો ભારે હોબાળો

રાજકોટ

સમગ્ર ગુજરાત રાજ્યમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. રાજકોટમાં લોકડાઉનની વચ્ચે પાસપોર્ટ ઓફિસ બહાર લોકો ઉમટી પડ્યા હતા, પાસપોર્ટ ઓફિસની ગંભીર બેદરકારી આવી સામે, પાસપોર્ટ ઓફિસ પર પહોંચીને લોકોએ ભારે હોબાળો મચાવ્યો હતો.

પાસપોર્ટ ઓફિસ દ્વારા લોકોને બોલાવવામાં આવ્યા હતા. પરંતુ ઓફિસ બંધ હોવાનું જણાવવામાં આવ્યુ. જેથી લોકમાં રોષ જોવા મળ્યો હતો. ત્યારે ઘણા લોકો ભાવનગર શહેર અને કચ્છથી રાજકોટ આવ્યા હતા.

રાજ્ય સરકારનો આર્થિકક્ષેત્રે બેઠા થવા માટે મહત્વપૂર્ણ નિર્ણય

લોકડાઉન ૪.૦માં ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં ખુલશે પાન-મસાલાના ગલ્લા

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસની મહામારીના હાહાકાર વચ્ચે લોકડાઉન ૪.૦ લાગુ કરવામાં આવી રહ્યું છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં પાનના ગલ્લા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા લોકડાઉન વચ્ચે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં કેટલાંક નિયમોને આધીન પાન પાર્લર શરૂ કરી શકાશે. ગ્રીન અને ઓરેન્જ ઝોનમાં તમાકુનું પ્રોડેકટનું વેચાણ કરી શકાશે.

રાજ્યમાં લોકડાઉન ૪.૦ હેઠળ સરકારનો મહત્વનો નિર્ણય લેવાયો છે. જેમાં પાન પાર્લર શરૂ કરી શકાશે. જેમાં જાહેરમાં તમાકુનું સેવન કરનાર વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. દેશભરમાં આજથી કેટલીક છૂટછાટો સાથે ૩૧ મે સુધી ૧૪ દિવસ માટે લોકડાઉન ૪ લાગુ થયું. આ સાથે લોકડાઉન-૪ માં રાજ્યોને વધુ અધિકારો અપાયાં છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા ઈન્ટર સ્ટેટ બસના સંચાલન પર લઈ નિર્ણય શકાશે. લોકડાઉનનું પાલન કરાવાની જવાબદારી રાજ્યોને અપાઈ છે. લોકડાઉન -૪માં સિનેમા હોલ,શોપિંગ મોલ, જીમ, સ્વિમિંગ પુલ બંધ રહેશે.

સુરતના હર્ષ ગાંધી દ્વારા બાળકને બ્લડ સ્ટેમ સેલ્સનું દાન કરાયું

બ્લડ સ્ટેમ સેલ્સનું દાન મળતા કેન્સર પીડિત બાળકને નવજીવન મળ્યું

સુરત,

કોરોના સંકટ વચ્ચે લાગુ થયેલા લોકડાઉનમાં આજે 'ઘરમાં રહી, સુરક્ષિત રહી કોરોનાને હરાવવાના પ્રયાસો થઈ રહ્યા છે, ત્યારે સુરતનો એક યુવાન મહારાષ્ટ્રમાં સારવાર લઈ રહેલા એક ૧૨ વર્ષના કેન્સરના દર્દીનું જીવન બચાવવા માટે ઘરની બહાર પગલું ભર્યું છે. સુરતના ૨૪ વર્ષીય હર્ષ મનસુખભાઈ ગાંધીએ આજે અમદાવાદની એપોલો હોસ્પિટલ ખાતે પોતાના સંજીવની સમાન રક્તકણોનું દાન કરી એક દર્દીને નવજીવન આપવામાં નિમિત્ત બન્યો છે. હર્ષ ગાંધીએ વર્ષ ૨૦૧૬માં દાત્રી સંસ્થા દ્વારા યોજાયેલા એક કેમ્પમાં પોતાનું નામ રક્તકણોના દાતા તરીકે નોંધાવ્યુ હતું. સેવાભાવનાના સંસ્કારથી ઉછરેલા હર્ષે તેના રક્તકણો એક કેન્સરના દર્દી સાથે મેચ થઈ રહ્યા હોવાની જાણ થતાં દાનની પ્રક્રિયા માટે આગળ આવ્યા હતા. તેમની પત્ની પૂજા અને માતાપિતા દ્વારા પણ સ્ટેમ સેલ દાન આપવા માટે પ્રોત્સાહિત કરતાં હર્ષે આ પ્રક્રિયામાં આગળ વધવાની સંમતિ આપી સ્ટેમ સેલનું દાન કરી માસૂમ બાળકની જિંદગી બચાવવામાં નિમિત્ત બન્યા હતા. રક્તકણો કેટલાક આવશ્યક પ્રોટોકોલ સાથે પહોંચાડી મેડિકલ ટિમ દ્વારા સુરતથી અમદાવાદ નોન સ્ટોપ મુસાફરી કરી સમયમર્યાદામાં દર્દી સુધી રક્તકણો પહેંચાડવામાં આવ્યાં હતા. ડો. ચિરાગ શાહ અને ડૉ. પરેશ વ્યાસાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

દાત્રી સંસ્થાએ હર્ષની સલામતી અને સ્વાસ્થ્યના તમામ પગલાંઓ ભરી સ્ટેમ સેલ દાનની પ્રક્રિયા માટે આયોજન કર્યું અને સુનિશ્ચિત કર્યું કે દાતા સહજતાની પોતાના રક્તકણો દાન કરી શકે અને દર્દીને પણ મદદ થઈ શકે.

સ્ટેમ સેલ આપ્યા બાદ પોતાની ખુશી વ્યક્ત કરતાં હર્ષે જણાવ્યું હતું કે, 'મને બ્લડ સ્ટેમ સેલ્સ (રક્તકણો) દાનમાં આપવાથી જે આનંદ અને આત્મસંતોષ મળ્યો છે તે અવર્ણનીય છે. મારા જીવનના થોડા કલાકો કોઈનું જીવન બચાવી શકે છે એ વાતથી મારામાં ઉત્સાહનો સંચાર થાય છે. સ્ટેમ સેલ ડોનેશન માટે કાર્ય કરતી દાત્રી સંસ્થામાં નોંધણી કરતી વખતે મેં કયારેય વિચાર્યું ન હતું કે, આગામી થોડા વર્ષોમાં જ મને કોઈનું જીવન બચાવવાની તક મળશે. મારા સ્ટેમ સેલ આપવાથી કોઈનું જીવન બચી શકતું હોય તો એનાથી મોટી ખુશી બીજી કઈ હોઈ શકે?

લોકડાઉનની સ્થિતિમાં અંકલેશ્વર ઉદ્યોગ મંડળની ચૂંટણી મુલતવી

વાર્ષિક સાધારણ સભા પણ અનુકૂળ સ્થિતિ વગર મળશે નહીં

અંકલેશ્વર,

કોરોનાવાયરસ ની મહામારી ના પગલે અંકલેશ્વર ઉદ્યોગ મંડળની ચૂંટણી તેમજ વાર્ષિક સાધારણ સભા અનિશ્ચિત સમય સુધી મુલતવી કરી દેવામાં આવી છે.

અંકલેશ્વર ઉદ્યોગ મંડળના સભ્યો અને મમ્મી ઇન્ડસ્ટ્રી દ્વારા તારીખ આઠ મહિના રોજ વીડિયો કોન્ફરન્સિંગ થી ચર્ચા કરવામાં આવી હતી જેમાં લેવાયેલા નિર્ણય મુજબ હાલ કોરોનાવાયરસ ની મહામારીને ધ્યાનમાં લેતા વર્ષ ૨૦૨૦-૨૧ની ચૂંટણી મુલતવી કરી દેવામાં આવી છે જ્યારે કે વર્ષ ૨૦૨૦-૨૧ની વાર્ષિક સાધારણ સભા પણ અનિશ્ચિત સમય સુધી સ્થગિત કરી દેવાઈ છે. અંકલેશ્વર ઉદ્યોગ મંડળના પ્રમુખ મહેશભાઈ પટેલે જણાવ્યું હતું કે કોરોના વાઈરસના પગલે ઉદ્યોગો સહિત તમામ લોકો અનેક મુસીબતોનો સામનો કરી રહ્યા છે આ જોતા વર્ષ ૨૦૨૦-૨૧ ની ચૂંટણી તેમજ વાર્ષિક સામાન્ય સભા જ્યાં સુધી સંજોગો અનુકૂળ ન થાય ત્યાં સુધી સ્થગિત કરી દેવામાં આવ્યા છે.

સુરત ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોના કેસમાં ધીમો વધારો

સુરત,

સુરત જિલ્લામાં પોઝિટીવ કેસોની સંખ્યા ૬૭ હતી, જેમાં ૧૧ કેસોનો વધારો થવાથી આજે કુલ ૭૮ કોરોના પોઝિટીવ કેસો થયા છે. તેમજ આજ સુધી કુલ ૩૬ દર્દીઓને સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, જયારે કુલ ૦૧ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસો પૈકી કામરેજ તાલુકાના પારડી ગામના ૦૧ અને વલણ ગામના ૦૧ કેસ, ચોર્યાસી તાલુકાના લાજપોર ગામના ૦૪, કપ્લેથા ગામના ૦૧, ઇચ્છાપોર ગામના ૦૧, ઉમરપાડા તાલુકાના શામપુરા ગામના ૦૧, નવા ચકરા ગામના ૦૧ તેમજ માંગરોળ તાલુકાના લિંડીયાત ગામના ૦૧ મળી આજે ૧૧ કેસો મળી કુલ ૭૮ કેસો આવ્યા છે. કુલ ૭૧૩૨ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૭૮ પોઝિટીવ અને ૭૦૦૯ નેગેટીવ કેસો જયારે ૪૫ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૩૨ એક્ટિવ ક્લસ્ટર જેમાં, બોરીયા, અંધાત્રી અનાવલ, બડતલ, ગાંગપુર, કવાસ, કેવડી, ડુંગર, સેવણી, જુના કાકરાપાર, ચોખવાડા, ખોડાંબા, કાની, સાંધિયેર, દખણવાડ(દેવધ), ઝંખવાવ, નસારપુરા, કડોદરા, પાલી (સાંઈભુપત), દિહેણ, પાલી(ડી.એમ.નગર), લાજપોર, ઈચ્છાપોર, વેગી, વરેલી(ગાયત્રી નગર), વરેલી(દત્ત કૃપા), વરેલી(શાંતિ નગર), વરેલી(વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર(તાઈવાડ), વિહારા, ચલથાણ, ભટગામ કન્ટેઈનમેન્ટ કલસ્ટર વિસ્તારનાં કુલ ૧૮,૧૬૩ ઘરો અને કુલ વસ્તી ૭૭,૭૦૪ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૭૬ ટીમ કાર્યરત છે.

નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૧૮૮૩ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૨૪૬ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૨૧૨૯ લોકો હોમ કોરન્ટાઈન છે. જયારે આજે ૧૫૬ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૧૯૭૩ લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

મહુવાના ૧૬ ગામડાઓમાં જીવન જરૂરી કીટનું વિતરણ

કોરોના સંકટમાં ૯૭૧ ગરીબ લાભાર્થીઓની વ્હારે આવ્યા મોહનભાઈ ઢોડિયા

સુરત,

કોરોના વાઈરસના સંકટ સમયમાં દેશમાં લાગુ થયેલા લોકડાઉનમાંના કપરા સમય દરમિયાન ગરીબ જરૂરિયાતમંદ કુટુંબો જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓથી વંચિત ન રહી જાય તે માટે મહુવાના ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયા ગરીબવર્ગની વ્હારે આવ્યા છે. શ્રી મોહનભાઈ ઢોડિયાએ અવિરત સેવાકીય પ્રવૃત્તિને આગળ વધારતાં આજ રોજ મહુવા તાલુકાના ૧૬ ગામોના વય વંદના, વૃધ્ધ સહાય, વિધવા સહાય યોજનાના કુલ ૯૭૧ લાભાર્થીઓને મરી મસાલો, ચા-ખાંડ, તેલ સહિતની જીવન જરૂરી ચીજવસ્તુઓની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સુગર ફેક્ટરી (બામણીયા)ના ઉપપ્રમુખશ્રી રાકેશભાઈ એ.પટેલ, ડિરેક્ટરશ્રી જિગરભાઈ નાયકના સહયોગથી મહુવા તાલુકાના બોરીયા જુથ, મહુવા/ ઢૂઢેસા, પથરોણ, તરસાડી, કાની, જોળ, રાણત, અમરોલી, મિયાપુર/ કાદીયા, ઓંડચ, આમચક, કવિઠા જુથ, નિહાલી ધોળીકુઈ તેમજ નરડા ગામોના કુલ કુલ ૯૭૧ લાભાર્થીઓને કીટ વિતરણ કરાયું હતું.

ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયાએ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં કોરોના સંકટ વચ્ચે ગરીબો, વંચિતોની કાળજી લેવી એ રાજ્ય સરકારની પ્રાથમિકતા હોવાનું જણાવી લોકડાઉનના દિશાનિર્દેશો અને નિયમોનું પાલન કરી સરકારને સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

આ સાથે ગ્રામજનોને સોશ્યલ ડિસ્ટન્સિંગ, માસ્ક પહેરવાનું મહત્વ અને સેનિટાઈઝરના ઉપયોગ સાથે વારંવાર હાથ ધોવાથી થતાં ફાયદા અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

છેલ્લી ઘડીએ હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીમાં મૃત્યુનું પ્રમાણ વધુ

સુરતમાં કુલ ૬૭૨ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા

સુરત,

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગતરોજ તા.૧૭ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં પોઝિટીવ કેસોની સંખ્યામાં ૬૬.૬ ટકા રિકવરી રેટ થયો છે. ૪.૭ ટકા મૃત્યુ દર છે. જે મૃત્યુના કેસ આવ્યા છે તેમાં દર્દી છેલ્લી ઘડીએ હોસ્પિટલ આવેલા હોય છે. એટલે જ્યારે પણ લક્ષણો દેખાય છે ત્યારે તરત જ નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો.

પોઝિટીવ કેસો પૈકી સૌથી વધુ સુરતના લિંબાયત ઝોનમાંથી કુલ ૧૦ કેસો મળી આવ્યા છે, અને કુલ ૩૯૯ કેસો થયા છે. મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ૩૫૬૨ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૫૦૭ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૬૯ લોકો છે. ૧૭૦૦ જેટલી ટીમો સર્વેલન્સ માટે કાર્યરત છે.

૫૫૬૮ બસો દ્વારા ૧,૪૭,૦૦૦ લોકોને સુરતથી પોતાના વતન મોકલવામાં આવ્યા છે. સુરતમાં માસ્કનું પ્રચલન ખૂબ જ વધ્યું છે, જે એક ખુબ જ સારી અને પ્રશંસનીય પહેલ છે. જ્યારે તેની સામે સોશિયલ ડિસ્ટન્સિંગ ખૂબ જ પડકારજનક લાગે છે. આથી લોકોએ તેને ખૂબ જ સારી રીતે પાલન કરવુ જરૂરી છે. આ સિવાય એક મહત્વની બાબત એ છે કે દિવસમાં વારંવાર હાથ ધોવા જોઈએ. દિવસમાં સરેરાશ ૯૦ વખત આપણા મોંને આપણા હાથ સ્પર્શે છે.

તેમણે શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૨૧ પોઝિટીવ કેસો નોંધાયા છે. સુરત શહેરના ૧૦૨૦ અને જિલ્લાના ૭૮ મળીને કુલ ૧૦૯૮ કેસો નોંધાયા છે.

સંવેદનશીલ સરકારની સંવેદનશીલતા

લોકડાઉનની સ્થિતિ વચ્ચે પણ ૩૨ હજારથી વધુ શ્રમિકોને ઘર આંગણે રોજગારી પૂરી પડાઈ





''સુજલામ સુફલામ જળસંચય યોજના'' અંતર્ગત છેલ્લા એક માસમાં મનરેગા સહિત ૩૨ હજારથી વધુ શ્રમિકોને રૂ.૧૫૦ લાખથી વધુનું વેતન ચૂકવાયુ

વ્યારા

''કોરોના'' સંદર્ભે અમલી ''લોકડાઉન''ની સ્થિતિ વચ્ચે જ્યારે ધંધા રોજગાર બંધ છે ત્યારે, રાજ્યની સંવેદનશીલ સરકારે ખૂબ જ સંવેદના સાથે ''સુજલામ સુફલામ જળસંચય યોજના-૩'' અંતર્ગત, ગ્રામીણ શ્રમિકોને ઘર આંગણે જ રોજગારી પૂરી પાડીને શ્રમિક પરિવાર પ્રત્યે સંવેદના પ્રગટ કરી છે.

ગુજરાતનાં છેવાડે આવેલા તાપી જિલ્લામાં પણ જિલ્લા કલેક્ટર શ્રી આર. જે. હાલાણીના માર્ગદર્શન હેઠળ ''સુજલામ સુફલામ જળસંચય યોજના-૩''નું સુપેરે આયોજન ધડી કાઢવામાં આવ્યું છે.

જે મુજબ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ચેરમેન-વ-જિલ્લા વિકાસ અધિકારી કુ.નેહા સિંહ ની નિગરાની હેઠળ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની મનરેગા યોજના સહિત ૧૪માં નાણાં પંચ અને અન્ય યોજનાઓ અંતર્ગત જિલ્લાના કુલ ૧૯૯ગામોમાં નવા તળાવ બનાવવા સહિત જૂના તળાવોને ઊંડા કરવા, ચેકડેમ ડીસીલ્ટિંગ, ફિલ્ડ કેનાલ, કેનાલ ક્લીયરન્સ, ખેત તલાવડી જેવા ૮૨૫ કામો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં જિલ્લાના સાતેય તાલુકાઓના ૩૨,૩૫૦ હજારથી વધુ શ્રમિકોને જોડવામાં આવ્યા છે. જેનાથી ૯૦ હજારથી વધુ માનવદિન ઉત્પન્ન થવા પામેલ છે. છેલ્લા એક માસમાં આ શ્રમિકોને કુલ રૂ.૧૫૦ લાખથી વધુનું મહેનતાણું ડાયરેક્ટ તેમના બેન્ક ખાતા મારફત ચૂકવવામાં આવ્યું છે.

''કોરોના'' સંક્રમણને ધ્યાને રાખી મનરેગાના ચાલી રહેલા આ કામોમાં યોગ્ય સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે શ્રમિકો માટે માસ્ક, અને કામના સ્થળે વારંવાર હાથ ધોવા માટેની વ્યવસ્થાઓ સાથે આરોગ્ય વિભાગની ટીમના સહયોગથી દરેક શ્રમિકોની આરોગ્ય ચકાસણી થાય તે પણ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. એમ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જે.જે.નિનામાએ જણાવ્યુ છે.

તાપી જિલ્લાના મહારાસ્ટ્રની સરહદને અડીને આવેલા કુકરમુંડા તાલુકાનાં કેવળામોઈ ગામના શ્રમિક દર્શના નાઈકે તેની તળપદી ભાષામાં રાજ્ય સરકાર દ્વારા ''લોકડાઉન'' જેવી સ્થિતિમાં ઘર આંગણે રોજગારી આપવાના આ કાર્યની સરાહના કરતા જણાવ્યુ હતું કે, ''લોકડાઉનને કપરા સમયમાય જ્યારે આપહે આખો દેશમાય ધંધો રોજગાર બાધા બંધ હાય તોવે આપું સરકારે આપું ગાવાંમાય આપે લોકું આને આપું ગાવાં આરી ગોહમાય બેઠા બેઠા આપહાન રોજગારી પૂરી પાડહી આને બાધા ગરીબ મજૂર હાને ખૂબ આશીર્વાદ લેવલૂ કામ કહયો'' તેમ જણાવ્યુ હતું. તો પાનીવારા ગામની રાજેશ્રી વળવી ''આજે કોરોનને કારણે કાદો હોગે રોજગારી હારા કેશે નાઈ જાવાય તોવે બાધા જ ગોહ આંગણે જ આપહાન રોજગારી ઊભી કોરા પોડી ત્યાં હાટુ સરકારે આપહાન મજૂર પરિવારહાન માટે પાલક પિતા બોનહી'' તેવો મત વ્યક્ત કર્યો હતો.સાથે આશા વળવી, અને અંકિતા વળવી એ પણ રાજય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

સુરતમાં ઉત્તર દિશાથી પવન ફુંકાતા બળબળતા ઉનાળામાં થોડી રાહત

સુરત,

બંગાળની ખાડીમાં સર્જાયેલા અંફામ ચક્રવાત બિશન સ્વરૂપ ધારણ કરે તેવી શક્યતાના પગલે દક્ષિણ ગુજરાતના હવામાનમાં પલટો અનુભવાઇ રહ્યો છે. આજે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વાદળછાયુ વાતાવરણ વચ્ચે ઉત્તર ભારે પવન ફૂંકાઇ રહ્યો છે. સાંજ સુધી ગરમીનો પારો બે થી ત્રણ ડિગ્રી ઘટી જાય તેવી પૂરી શક્યતા છે .

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૯.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આજે સવારે શહેરનું ન્યુનતમ તાપમાન ૨૮.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ઘટીને૪૯ % અને હવાનું દબાણ ૧,૦૦૬ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર દિશાથી કલાકના સરેરાશ ૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઇ રહ્યો છે. ગતરોજ ની સરખામણીએ આજે વાતાવરણ મા વાદળો છવાયા હોવાથી અને ભારે પવન ફૂંકાતા અસહ્ય ગરમી અને બફારાથી રાહત અનુભવાઇ રહી છે. મે મહિનાના દરમિયાન તાપમાન નો ૪૦ ડિગ્રી ની નજીક પહોંચી જતા શહેરીજનોને ઉનાળાની કાળઝાળ ગરમીથી હંગામી રાહતનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી બે ત્રણ દિવસ દરમિયાન વાતાવરણમાં પલટા નો અનુભવ થશે. આજે સોમવારે સુરત શહેર સહિત જિલ્લામાં અસહ્ય ઉકળાટ અને બફારાથી રાહત અનુભવાઇ છે. હવામાન વિભાગ દ્વારા વધુમાં મળતી માહિતી અનુસાર બંગાળની ખાડીમાં સર્જાયેલા અંફામ વાવાઝોડાએ વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આગામી ૨ દિવસ દરમિયાન અંફામ ચક્રવાત ની અસર દક્ષિણ ગુજરાતમાં પણ અનુભવાય તેવી શક્યતા છે.

તાપીવાસીઓનું રક્ષા કવચ બનશે રોગપ્રતિકારક શક્તિવર્ધક દવા 'આર્સેનિક આલ્બ ૩૦'



તાપી જિલ્લાના ઘર ઘર સુધી હોમીઓપેથી દવા પહોંચાડવાનું કલેકટરશ્રીનું સ્વપ્ન પૂર્ણ કરશે વ્યારાની કાલિદાસ હોમીઓપેથી હોસ્પિટલ

વ્યારા

આયુષ મંત્રાલય દ્વારા 'કોરોના' સામે અગમચેતીના ભાગરૂપે 'રોગપ્રતિકારક શક્તિવર્ધક' દવાઓનું પ્રજાજનોમાં વિતરણ કરીને, તેમને રક્ષા કવચ પૂરું પાડવાના દિશાનિર્દેશ જારી કરાયા છે. જે અનુસાર, તાપી જિલ્લામા પણ કલેકટર શ્રી આર.જે.હાલાણી દ્વારા જુદા જુદા સહયોગીઓ અને સેવાભાવીઓના સથવારે મોટા પાયે 'આયુર્વેદિક' અને 'હોમીઓપેથી' દવાઓનું વિતરણ હાથ ધરાયુ છે.

વ્યારા સ્થિત સી. એન. કોઠારી હોમીઓપેથીક મેડીકલ કોલેજ, કાલિદાસ હોસ્પિટલ, અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, તાપી દ્વારા કલેકટર શ્રી હાલાણીના માર્ગદર્શન હેઠળ ઈમ્યુનિટી બુસ્ટર ડોઝ તરીકે હોમીઓપેથીક દવાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

તાપીના જિલ્લા વિકાસ અધિકારી કુ.નેહા સિંહ અને જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી એન. એન. ચૌધરીના સહયોગથી જિલ્લાના તમામે તમામ ૫૨૧ ગામોના ૮ લાખથી વધુ પ્રજાજનોને 'આર્સેનિક આલ્બમ ૩૦' હોમીઓપેથીક દવાનુ વિતરણ કરીને, કોરોના સામે કવચ પૂરું પાડવાનું કાર્ય કાલિદાસ હોસ્પિટલ દ્વારા હાથ ધરાયુ છે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, તાપીના માનદ મંત્રીશ્રી ડો.અજયભાઈ દેસાઈ, સભ્ય શ્રી રાકેશભાઈ શાહ (કાચવાલા), શ્રી સંજયભાઈ શાહ, ડો.જ્યોતિ રાવ તથા તેમની ટિમ દ્વારા તાપી જિલ્લાના તમામ પ્રજાજનોને આ રક્ષા કવચથી રક્ષિત કરીને, 'કોરોના' ને તાપી જિલ્લામાં પ્રવેશતો અટકાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

કલેકટર શ્રી આર. જે. હાલાણીએ તાપી જિલ્લાના પ્રજાજનોની સુખાકારી માટે જોયેલુ સ્વપ્ન પૂર્ણ કરવાનો અવસર અમને મળ્યો છે, તેમ જણાવતા ટ્રસ્ટી શ્રી રાકેશભાઈ કાચવાલાએ આ સેવાયજ્ઞમા સૌને સહભાગી થવાનો અનુરોધ કર્યો છે.

કેન્દ્ર સરકારના વિવિધ નિર્ણયોને આવકારતા ધારાસભ્ય પૂર્ણેશ મોદી

ખાનગી કંપનીઓને હવે સમાન તક મળશે

સુરત,

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં સમગ્ર દેશ કોરોનાને માતઆપવા કટિબદ્ધ છે ત્યારે આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ "નયા હિન્દુસ્થાન" સંકલ્પનો ચોથો તબક્કો આદરણીય નાણાઆમંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને આજે જાહેર કર્યો છે. જેને ધારાસભ્ય શ્રી પૂર્ણશભાઈ મોદી અને ૧૬૭-સુરત (પશ્ચિમ) વિધાનસભાની સમગ્ર ટીમ આવકારે છે. ચોથા તબક્કામાં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામન દ્વારા નાગરિક ઉડ્ડયન, વીજક્ષેત્ર, અવકાશ ક્ષેત્ર, સંરક્ષણ ક્ષેત્ર, કોલસા ક્ષેત્રમાં મહત્વની જોગવાઈઓ, સૌથી મોટા સુધારાઓ અને પ્રોત્સાહન જાહેર કરવામાં આવ્યા છે. જે કાબીલેદાદ છે.

નાગરિક ઉડ્ડયનમાં ભારતને ગ્લોબલ હબ બનાવવા માટે ફલાઈંગ કોસ્ટમાં રૂપિયા ૧,૦૦૦ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. પીપીપી મારફતે વિમાની મથકોને વિશ્વ કક્ષાના બનાવવામાં આવશે. એરક્રાફ્ટ મેન્ટેઈનન્સ, રિપેર અને ઓવરહોલ્ટ માટે ભારતને ગ્લોબલ હબ બનાવવામાં આવશે. એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયાને ડાઉન પેમેન્ટ પેટે રૂપિયા ૨,૩૦૦ કરોડની મદદ કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે. વીજક્ષેત્રે મોટા સુધારા સાથે ગ્રાહકોને મોટો ફાયદો થાય તે માટે ડિસ્કોમ્સ ગ્રાહકોને પૂરતી વીજળી પૂરી પાડવામાં આવશે. સબસીડી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર હેઠળ કરવામાં આવશે. લોકશેડીંગ કરનારને દંડ પણ કરાશે. સાથે સાથે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વીજ કંપનીઓનું ખાનગીકરણ પણ કરવામાં આવશે.

અવકાશક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવશે. ભારતીય ખાનગી ક્ષેત્ર ભારતના સ્પેશ સેક્ટરની યાત્રામાં કો-ટ્રાવેલર બનશે. સેટેલાઈટ લોન્ચીંગ અને સ્પેશ આધારિત સેવાઓમાં ખાનગી કંપનીઓને સમાન તક આપવાની ઘોષણા પણ કરવામાં આવી છે. સંરક્ષણ ક્ષેત્રની વાત કરીએ તો સંરક્ષણ ક્ષેત્રે ઉત્પાદનમાં આત્મનિર્ભરતા લાવવા માટે સૈન્યના હથિયાર અને અન્ય સામાનનું લીસ્ટ બહાર અપાશે અને તેની આયાત પર પ્રતિબંધ લગાવવામાં આવશે. સંરક્ષણ ક્ષેત્રે ઉત્પાદન માટે વિદેશી રોકાણની મર્યાદાને ૪૯ ટકાથી વધારીને ૭૪ ટકા કરવામાં આવી છે. જેથી મોટાભાગના હથિયાર ભારતમાં જ બનાવવામાં આવશે.

ચોમાસા પૂર્વે સ્ટ્રોમ ડ્રેનેજ લાઈન તથા મેન હોલની સાફ સફાઈ

કુલ ૨૩૪૦ ઈનલેટ ચેમ્બર સાફ કરાયા

સુરત,

સુરત મહાનગર પાલિકાનાં તમામ ઝોન વિસ્તારોમાં હાલમાં કોવિડ-૧૯ અંતર્ગત ચાલી રહેલ કામગીરીઓની સાથે સાથે પ્રિ-મોન્સુન કામગીરી પણ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત સાઉથ ઈસ્ટ ઝોન લીંબાયત વિસ્તારમાં આવેલ ગટર, જાળીયા તથા મેનહોલ વગેરેની સફાઈ તથા મેઈન્ટેનન્સની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં પ્રથમ રાઉન્ડની કામગીરીમાં ખાડીમાં એનઆરસીપી હેઠળ કુલ ૧૮૦ રનિંગ મીટર રીટેઈનીંગ વોલની સફાઈ કરવામાં આવેલ છે. સ્ટ્રોમ ડ્રેનેજ-પાઈપ મેનહોલના કુલ ૫૩૯ નંગની સફાઈ કરેલ છે. સ્ટ્રોમ ડ્રેનેજ-બોક્ષ કુલ ૧૦૫૦ રનિંગ મીટરની સફાઈ કરેલ છે. ઈનલેટ ચેમ્બર કુલ ૨૩૪૦ નંગની સફાઈ કરેલ છે. કુલ ૧૨ જાળીયા રીપેર કરવામાં આવેલ છે. કુલ ૨૮૭ જાળીયાને કલર કરવામાં આવેલ છે અને મેનહોલના કુલ ૦૬ નવા ઢાંકણા નાંખવામાં આવેલ છે.

અંકલેશ્વર પોલીસે ૧૧ વાહન જપ્ત કર્યા

અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસે શનિવારની મોડી સાંજ સુધીમાં લૉકડાઉનનો અમલ ન કરનાર ૧૩ વાહનો ડિટેઈન કર્યા હતા તેમજ બે દુકાનો સામે પણ કાર્યવાહી કરી હતી.

અંકલેશ્વર શહેર પોલીસે શનિવારની મોડી સાંજ સુધીમાં મોટર વ્હીકલ એક્ટ ૨૦૭ મુજબ ૧૩ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત લૉકડાઉનના આટલા દિવસો બાદ પણ માસ્કની ગંભીરતા અને અનિવાર્યતા ન સમજનાર ૩૪ જેટલા લોકો પાસેથી રૂ. ૧૭૦૦૦ દંડ વસૂલવામાં આવ્યો હતો. સાથે જ આઈ.પી.સી. ૧૮૮નો ભંગ કરનાર સામે કાર્યવાહી કરાઈ હતી. આ કાર્યવાહીમાં અંકલેશ્વરના ડીવાયએસપી ચિરાગ દેસાઈની સુચના અને શહેર પી.આઈ ઓ.પી. સિસોદિયાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ જે.પી. ચૌહાણ તથા સ્ટાફે આ કામગીરી કરી હતી.

પશુ પાલકો માટે કેન્દ્ર સરકાર દ્વારા જંગી પેકેજની જાહેરાત

પશુ પાલકોમાં આનંદની લાગણી

અંકલેશ્વર,

કેન્દ્ર સરકાર દ્વારા ૨૦ લાખ કરોડના રાહત પેકેજ અંતર્ગત કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારામન શુક્રવારના રોજ કૃષિક્ષેત્રે નીસાથે પશુપાલક ના વ્યવસાય સાથે સંકળાયેલા પશુપાલકો ની મદદ માટે પેકેજની જાહેરાત કરતાં અંકલેશ્વર ના પશુપાલકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

કોરોનાવાયરસની મહામારીમાં પશુપાલકના વ્યવસાય સાથે સંકળાયેલા દૂધ ઉત્પાદકો ભારે ખોટ સહન કરી રહ્યા છે. આ પરિસ્થિતિમાં જ કેન્દ્ર સરકાર દ્વારા ખાસ કરીને ખેડૂતો અને પશુપાલક ના વ્યવસાય સાથે સંકળાયેલા પશુપાલકો માટે રાહત પેકેજ જાહેર કર્યું છે જેમાં દુધાળા પશુ માટે મફત વેક્સીન અને ઘાસચાળા નું બિયારણ આપવાની જાહેરાત કરતા ગરીબ મધ્યમ વર્ગીય અને તબેલા ધારકો માં આનંદની લાગણી પ્રવર્તી રહી છે.

આ અંગે અંકલેશ્વર તાલુકાના પશુપાલક ના વ્યવસાય સાથે સંકળાયેલા જમિયતભાઈ પટેલે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારની આ નીતિ અને રાહતની જાહેરાત પશુપાલકોને જીવંત રાખશે અને કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલી જાહેરાત જીવતદાન સમાન સાબિત થશે.

સુરત શહેર કોંગ્રેસ દ્વારા વધુ બે ટ્રેન મારફતે શ્રમિકોને વતન રવાના કરાયા

બિહાર અને યુપીના ૩૨૦૦ શ્રમિકોનું શહેર કોંગ્રેસે ભાડુ ચૂકવ્યું

સુરત,

સમગ્ર વિશ્વ, દેશ અને રાજયમાં નોવેલ કોરોના વાયરસ ફેલાયેલો છે. અને સમગ્ર દેશમાં લોકડાઉન-૩ જાહેર કરવામાં આવેલ છે. ત્યારે સુરતમાં પણ લોકડાઉન ના કારણે ધંધા-રોજગાર બંધ છે ત્યારે સુરતમાં વસતા પરપ્રાંતીય શ્રમિકો અને ગરીબ લોકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. શ્રમિકો પાસે પોતાનું એક ટંક નું ભોજન પણ નથી બચ્યું ત્યારે લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. અને પોતાને વતન જવા માંગે છે પરંતુ તેઓની પાસે વતન જવા માટે ભાડાના પૈસા ના હોય આવી પરિસ્થિતીમાં એક સક્ષમ વિપક્ષ તરીકે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષા શ્રીમતિ સોનીયા ગાંધી જી એ આવા ગરીબ શ્રમિકોને તેમના વતન જવા તેઓનું પરિવહન ભાડું કોંગ્રેસ પક્ષ ભરપાઈ કરશે તેવી ઘોષણા કરેલ. જે અનુસંધાને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિતભાઈ ચાવડા અને ગુજરાત વિધાનસભાના વિપક્ષ નેતાશ્રી પરેશભાઈ ધાનાણી ના સહયોગ થી સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ગત તા. ૧૭-૫૨૦૨૦ ના રોજ બે શ્રમિક ટ્રેનો મોકલવામાં આવી છે. જેમાં (૧) સવારે ૪-કલાકે સુરત થી કટિહાર (બિહાર) ના ૧૬૦૦ શ્રમિકોને (૧૬૦૦ શ્રમિકો ટ રૂ. ૭૬૦ પ્રતિ વ્યક્તિ= કુલ ભાડું રૂ. ૧૨,૧૬,૦૦૦/-) (૨) સવારે ૧૧-કલાકે સુરત થી વારાણસી (ઉત્તરપ્રદેશ) ના ૧૬૦૦ શ્રમિકોને (૧૬૦૦ શ્રમિકો ટ રૂ. ૬૩૦ પ્રતિ વ્યક્તિ= કુલ ભાડું રૂ. ૧૦,૦૮,૦૦૦/-) ઉપરોક્ત બંને શ્રમિક ટ્રેનોના ભાડાની રકમ રેલ્વે પ્રશાસનને સુરત શહેર કોંગ્રેસ દ્વારા ચૂકવીને શ્રમિકોને વિના મૂલ્ય સુરત થી તેમના વતન જવા સ્પેશિયલ ટ્રેન સુરત રેલ્વે સ્ટેશનથી રવાના કરવામાં આવી હતી સુરત શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ શ્રી બાબુભાઈ રાયકા, સુરત મહાનગરપાલિકા ના વિપક્ષ નેતાશ્રી પ્રફુલભાઈ તોગડિયા ની આગેવાનીમાં આ સ્પેશિયલ ટ્રેનમાં યાત્રિકોને તેમના વતન રવાના કરવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકારના રાહત પેકેજને લઘુ ઉદ્યોગ ભારતીનો આવકાર

સરકારના નિર્ણયથી નાના ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે

અંકલેશ્વર,

લઘુ ઉદ્યોગ ભારતી ના રાષ્ટ્રીય અધ્યક્ષ તેમજ અંકલેશ્વરના અગ્રણી ઉદ્યોગપતિ બળદેવ પ્રજાપતિએ જણાવ્યું હતું કે વડાપ્રધાનની ઘોષણા મુજબ.નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ દ્વારા માઈક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) માટે કરવામાં આવેલી ઘોષણાઓને લઘુ ઉદ્યોગ ભારતીએ આવકારી છ.

એમએસએમઈ માટે ૩ લાખ કરોડની લોનની રકમ પૂરી પાડી છે, જેના દ્વારા કોલેટરલ સિક્યુરિટી વિના સ્વચાલિત પ્રક્રિયા દ્વારા દરેક યુનિટને ૨૦% સુધીની વધારાની ક્રેડિટ આપવામાં આવશે. આ એક મહત્વપૂર્ણ અને સ્વાગત નિર્ણય છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો આજની આ પરિસ્થિતિમાં બંધ થવાના આરે છે ત્યારે આ રાહત તેમના માટે જીવતાં સમૂ પુરવાર થશે. ભારત સરકાર આ લોન વિતરણના અમલીકરણ પર સતત દેખરેખ રાખશે અને સુક્ષ્મ, નાના અને મધ્યમ એકમોને ફાયદો પહોંચાડવા માટે પૂરતી પદ્ધતિની ખાતરી કરશે એવો વિશ્વાસ નો ઉપયોગ ભારતીય પતિ બળદેવ પ્રજાપતિ વ્યક્ત કર્યો હતો.

સુરત શહેરમાં કુલ ૪૩ જેટલા કોરોના કલ્સ્ટર ક્ષેત્ર જાહેર કરાયા

આરોગ્ય સેતુ એપ સુરક્ષા કવચ તરીકે કાર્યરત

સુરત,

નોવેલ કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રિત કરવા માટે આરોગ્ય સેતુ એપ શહેરીજનો માટે એક સુરક્ષા કવચ તરીકે કાર્ય કરી રહી છે. આરોગ્ય સેતુ એપના માધ્યમથી કોઈપણ કોરોનાગ્રસ્ત વ્યક્તિ આપણી નજીક હશે તો તરત જ મોબાઈલમાં બીપ-બીપ અવાજ આવશે અને તેમને સચેત કરી દેશે જેથી કોરોના વાયરસ સંક્રમણથી તમે બચી જશો.

ગતરોજ સુરત શહેરમાં કુલ ૨૯ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં રામબિહારી શ્રીરામપાલ પાંડે અને શ્રી ગણેશ રામશ્રી પાંડે આ બંને વ્યક્તિઓએ આરોગ્ય સેતુ એપ પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરી હતી. આ એપ ડાઉનલોડ કર્યા બાદ તેઓએ ચારથી પાંચ સરળ પ્રશ્નોની માહિતી આપી હતી અને ત્યારબાદ તેમને આ એપ તરફથી કોરોના ટેસ્ટ કરાવવાનું સૂચન મળ્યું હતું. જે સૂચન મુજબ કોરોના ટેસ્ટ કરાવતા તેમને પોતે કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળેલ છે. આમ આરોગ્ય સેતુ એપ કોરોના પોઝિટિવ વ્યક્તિઓને શોધવામાં સફળ થયેલ છે.

હાલમાં સુરત શહેરમાં કુલ ૩૯ જેટલા કલ્સટર વિસ્તાર જાહેર કરવામાં આવેલ છે. આ કલ્સટર વિસ્તારમાં રહેતા અને અન્ય તમામ નાગરિકોને આરોગ્ય સેતુ એપ પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરી તેનો મહત્તમ ઉપયોગ કરી સ્વયં તથા તતમારા પરિવાર તથા શહેરને સુરક્ષિત રાખવા સહયોગ આપી પોતાનો નાગરિક ધર્મ બજાવી જનાહિતાર્થે સહયોગ આપવા અપીલ છે.

સુરત-ભરૂચ નેશનલ હાઈ-વે પર શ્રમિકો માટે ભોજન સેવા યજ્ઞ

ભોજન સેવા પ્રવૃત્તિ નિહાળતાં વનમંત્રી ગણપતસિંહ વસાવા

સુરત,

સુરત અને ભરૂચ જિલ્લાની હદ પાસે નેશનલ હાઈવે પરની ચેકપોસ્ટ પર સુરતનાં કે.કે. ગ્રુપના જીતુભાઈ વોરા, જિતેન્દ્રભાઈ કોઠારી તથા કરૂણા સેવક ગૌસેવા ચેરિટેબલ ટ્રસ્ટના યુવાનો દ્વારા છેલ્લા પંદર દિવસથી દરરોજ ૪,૦૦૦ પરપ્રાંતીય શ્રમિક ભાઈઓ માટે ભોજન વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે. ભોજનમાં બે મીઠાઈ, કેરીનો રસ, ખમણ, પુરી, દાળ, ભાત, શાક, ફુટડિશ, છાશ પીરસવામાં આવે છે. ઉપરાંત દિવસ દરમિયાન ચા અને નાસ્તો પણ આપવામાં આવે છે. જે કોઈ શ્રમિક જમવાનું પાર્સલ લઈ જવા ઇચ્છતા હોય તેમને પાર્સલની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. કે.કે. ગ્રુપની સરાહનીય અને ઉમદા સેવાકીય પ્રવૃત્તિને બિરદાવવા રાજ્યના વન અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ રૂબરૂ મુલાકાત લીધી હતી. સંસ્થાની ઉદારતાભરી સેવાપ્રવૃત્તિથી હજારો શ્રમિકોનો જઠરાગ્નિ શાંત કરે છે એમ જણાવી તેમણે આવા સુંદર અને વૈવિધ્યસભર સેવાકાર્યના આયોજન બદલ કે.કે. ગ્રુપના જીતુભાઈ વોરા, જિતેન્દ્રભાઈ કોઠારીને અભિનંદન આપ્યાં હતા.

મંત્રીશ્રી સાથે અગ્રણીશ્રી દિલિપસિંહ રાઠોડ, શ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી રાકેશ સોલંકી પણ જોડાયાં હતા. ઉદારતા વાળું સેવાયજ્ઞ જોય ને આયોજકો ને ઉત્તમ કાર્ય માટે અભિનંદન આપ્યાં હતાં.

સુરતના યુથ પ્રેસિડેન્ટ સુમિત વસોયાની હાલસોયી દીકરીના જન્મદિવસ નિમિત્તે રક્તદાન શિબિરનું આયોજન

સુરત

સુરત શહેરના નાગરિકો કોઈ પણ પ્રસંગ કોઈ પણ સમયે ઉજવવાનું ચુકતા નથી હાલના સમયમાં કોરોનાના સંક્રમણ ને પગલે લોકડાઉન દરમ્યાન 'વક્ત નાજુક હૈ, સંભાલકર રહીએ, યે યુદ્ધ થોડા અલગ હૈ, અલગ અલગ રહકર લડીએ.' ઉકિત અનુસાર શહેર કામરેજ વિસ્તાર ની શાલિગ્રામ ફ્લોરા સોસાયટીમાં સુરત સિટીના હોમગાર્ડઝ કમાન્ડન્ટ અને રેડ ક્રોસ બ્લડબેન્કના પ્રમુખ ડો.પ્રફુલભાઈ શિરોયાના માર્ગદર્શન હેઠળ કોરોના વાયરસની સામે લડવા શહેર સુરતના યુથ પ્રેસિડેન્ટ શ્રી સુમિત વસોયાની હાલસોયી દીકરી જરૂદ્રા' ના આજે પહેલા જન્મદિવસ નિમિત્તે એક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ બોટલ રક્ત એકત્રીત થયેલ હતું.





ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ચો. બ્રાન્ચ રેડક્રોસ બ્લડબેંકના સહકાર થી સોશિયલ ડિસ્ટન્સ જાળવીને શાલિગ્રામ ક્લોરા સોસાયટીના પ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ ઝાલાવડીયા, હિતેશભાઈ પોકીયા સહિત દિલીપભાઈ ગડારા પરેશભાઈ સોજીત્રા, રમેશભાઈ કાત્રોડિયા, અનિલભાઈ કૈલા, પ્રશાંત કુમાર ઝાલા, વૈભવભાઈ નાવડીયા, પ્રશાંત ભાઈ માણવર, કિશન કુમાર સાંગાણી, મીત ગડારા,ના સાનિધ્યમાં ૨૫ યુનિટ રક્ત એકત્રિત કરી શક્યા હતા. તેમજ વસોયા પરિવારની ચિ 'રૂદ્રા' ની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલ આ પ્રોગ્રામમાં હાજર રહેવાની તીવ્ર ઈચ્છા હોય સંજોગોવાત શક્ય ન હોય, પરંતુ અન્ય સભ્યો ના સથવારે તેમજ ટેલિફોનિક તેઓએ 'રૂદ્રા' ને શુભેચ્છા- સુભાશિષ પાઠવી આજના આ સરાહનીય કાર્યક્રમ બદલ અભિનંદન પાઠવ્યા હતા. સર્વે રક્તદાતાઓ ને આયોજક તરફથી આકર્ષક ભેટ આપવામાં આવી હતી.તથા દિનેશભાઈ જોગાણીએ ચક્ષુદાનની માહિતી આપી હતી. તેમજ ભાવિન ભાઈ કરકર દ્વારા રક્ત દાતા નો આભાર વ્યક્ત કર્યો હતો.

ભરૂચ જિલ્લા કોંગ્રેસના મહામંત્રી દિલાવર પટેલનું નિધન થયું

સાંસદ અહમદભાઈ પટેલે શોકની લાગણી વ્યક્ત કરી

ભરૂચ,

ભરૂચ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને આગેવાન એવા દિલાવર પટેલના આકસ્મિક નિધન અંગે રાજ્યસભા સાંસદ અહમદભાઈ પટેલે શોકની લાગણી વ્યક્ત કરી હતી.

ભરૂચ તાલુકા પંચાયતના પૂર્વ અધ્યક્ષ, ભરૂચ તાલુકા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી તરીકે જવાબદારી નિભાવનાર મુળ ભરૂચ તાલુકાના ઊપરાલી ગામના વતની એવા દિલાવર પટેલનું હૃદયરોગના હુમલાને કારણે આકસ્મિક નિધન થવા પામ્યું છે જેને લઈને ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિના તમામ આગેવાનો તેમજ કાર્યકરોમાં શોકની લાગણી પ્રવર્તી ગઈ છે.

રાજ્યસભા સાંસદ અહમદભાઈ પટેલે દિલાવરભાઈ પટેલના મૃત્યુ અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે તેમણે જણાવ્યું હતું કે એક સંનિષ્ઠ અને લોકોને સાથે જોડાઈ રહેનાર અને છેવાળા ના લોકો માટે પણ સદાય તત્પર રહેનાર એવા દિલાવર પટેલના નિધન થી ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિના એક એવા કાર્યકર ની ખોટ પડી છે કે જે કદાચ પૂરી નહીં શકાય. અહેમદભાઈ પટેલે દિલાવરભાઈના પરિવાર જનોને સાંત્વના આપી હતી અને આ દુઃખની ક્ષણોમાં પોતે એમની સાથે હોવાનું જણાવ્યું હતું.

કોરોના દર્દીઓ માટે કુલર, પંખા અને ગાદલા-તકીયાની સહાય

અશ્વિનભાઈ અકબરી ગ્રુપ દ્વારા સિવિલમાં દાન

સુરત

કોરોના સંકટ અને લોકડાઉનમાં લોકોની સેવામાં સતત સક્રિય સુરતના ધારાસભ્ય હર્ષ સંઘવીએ માનવતાના દર્શન કરાવ્યા છે. સુરતની નવી સિવિલ કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કોરોના પોઝીટીવ દર્દીઓના પરિવારજનોને ઉનાળાના આકરા તડકામાં અને અંગ દઝાડતી ગરમીમાં સિવિલના કેમ્પસમાં આવેલા વૃક્ષો નીચે છાંયડો શોધી આખો દિવસ પોતપોતાનો સમય પસાર કરવો પડતો હતો. આવા હાલાકી ભોગવતાં લોકો પ્રત્યે માનવીય અભિગમ દર્શાવી હર્ષ સંઘવીએ તેમના મિત્ર અશ્વિન અકબરી અને ઈકબાલ કડીવાળા સાથે ચર્ચા કરી તેમની સુવિધા માટે કંઈક કરવું જોઈએ એવી ભાવના વ્યક્ત કરી. અશ્વિનભાઈ અકબરીએ તાત્કાલિક સિવિલ હોસ્પીટલના કેતન નાયક (RMO)ની સાથે સંકલન કરી સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા ડોમમાં કોરોના દર્દીઓના પરિવારજનો માટે પંખા, આરામ માટે ગાદલા, તકિયા, બેંચીસની ઉમદા વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત તેઓ અસહ્ય ગરમીમાં રાહત મેળવી શકે તે માટે કુલરની વ્યવસ્થા પણ કરી આપી છે.

આ સમગ્ર વ્યવસ્થા શ્રી અશ્વિનભાઈ અકબરી ગ્રુપ દ્વારા નિઃશુલ્ક કરી દર્દીઓના પરિજનોની મુશ્કેલી ઓછી કરવાનો અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેની સિવિલ હોસ્પિટલના તબીબી સ્ટાફ અને આરોગ્ય કર્મચારીઓ સરાહના કરી હતી.

આમલેથા ગામના મહિલા દર્દીને રાજપીપળા સિવિલમાંથી વડોદરા જવા માટે ૨૫૦૦ રૂ.ખર્ચ કરવો પડ્યો..!!



કેટલાકના મેળાપીપણામાં ખાનગી એમ્બ્યુલન્સનો ધંધો ફુલ્યો ફાલ્યો હોવાની ચર્ચા

એક ચર્ચા મુજબ ખાનગી એમ્બ્યુલન્સ વાળા સાથે સિવિલ માં કેટલાક ની મિલીભગત હોવાથી અમુક દર્દીઓ ને પરાણે અંગત સ્વાર્થ માટે ખાનગી એમ્બ્યુલન્સ માં મોકલવા માં આવે છે ત્યારે જો આ વાત સાચી હોય તો જિલ્લા ના ગરીબ દર્દીઓ સાથે થતી લૂંટ માટે ઉચ્ચ અધિજરી એ તપાસ કરી મળતીયાઓ સામે પગલાં લેવા જરૂરી છે.

આમ તો સરકારી હોસ્પિટલ માં બીપીએલ કાર્ડ ધરાવતા સામાન્ય પરિવાર ને મામુલી ભાડા માં સરકારી એમ્બ્યુલન્સ મળે પરંતું આ નિયમ ના બોર્ડ યોગ્ય જગ્યા એ ન મારતા તકલીફ

રાજપીપળા : નર્મદા જિલ્લા ની વડી રાજપીપળા સિવિલ હોસ્પિટલ નો ખાડે ગયેલો વહીવટ અવાર નવાર ચર્ચા માં હોય છે ત્યારે હાલ વધુ એક મામલો સામે આવ્યો જેમાં નાંદોદ તાલુકા ના આમલેથા ગામના એક મહિલા દર્દી ને એમ્બ્યુલન્સ નું પાંચ ઘણું ભાડું બગાડી વડોદરા જવું પડ્યું હતું.

આમલેથા ગામના માજી સરપંચ મુકેશભાઈ વસાવા ના જણાવ્યા મુજબ તેમની માતા જયાબેન રમેશભાઈ વસાવા (ઉં. વ.૫૫) ઘરમાં નિસરણી પર થી પડી જતા તેમના માથા માં ગંભીર ઈજા થયા બાદ રાજપીપળા સિવિલ માં લવાયા પરંતુ તેમને મગજ માં માર વાગ્યો હોય વડોદરા મોકલવા પડે તેમ હોય મુકેશભાઈ એ બે કલાક જહેમત બાદ એક ખાનગી વાહન ૨૫૦૦/- રૂપિયા ના ભાડે કરી માતા ને વડોદરા લઈ ગયા જોકે આ ખાનગી વાહન બોલાવ્યા બાદ ખબર પડી કે બીપીએલ દર્દીઓ માટે મામુલી ૩૫૦/-રૂપિયા જેવા ચાર્જ માં સિવિલ માંથી એમ્બ્યુલન્સ મળે છે.ત્યારે પૂછતાછ કરતા ખબર પડી કે ત્યાં આ બાબતે નું એક નાનકડું કાગળ માર્યું હતું જેમાં આ સૂચના લખી હતી પરંતુ આવી જાહેરાત હોસ્પિટલ ના મુખ્ય દ્વાર પર લોકો ને વંચાઈ તેમ મારવી જોઈએ તેમ મુકેશ વસાવા એ જણાવ્યું હતું.

પાંડેસરામાં ટ્રેનની ટિકિટની કાળા બજારીનો વિડીયો વાયરલ, ૩૦૦૦ હજાર ટીકીટનો ભાવ

સુરત

પાંડેસરા ભવાની નગરમાંથી ટ્રેનની ટિકિટની કાળા બજારી કરતા એકને ઝડપી પાડ્યો હોવાનો વીડિયો વાઈરલ થયો છે. રાત્રે ૧ વાગ્યાના અરસામાં રેલ સંઘર્ષ સમિતિએ રેડ કરી હતી. જેમાં ૨૮૦૦ના ભાવ સાથેની ટિકિટ વેચવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું હતું. પાંડેસરા ભવાની નગરમાંથી ટ્રેનની ટિકિટની કાળા બજારી કરતા એકને રેલ સંઘર્ષ સમિતિએ ઝડપી પાડ્યો છે. ૧૫૦થી વધુ યુપીવાસીઓ બ્લેકમાં ટિકિટ લેવા લાઈન લગાડી ઉભા હતા. રાત્રે ૧ વાગ્યાના અરસામાં રેલ સંઘર્ષ સમિતિએ રેડ કરી કાળા બજારી કરનારને ઝડપી પાડ્યો છે. ઝડપાયેલો ટિકિટ બ્લેકર દીનાનાથ તરીકે ઓળખાય છે. ફોર્મ ભરીને ૧૬૦૦ ટિકિટ લઈ આવતા સેન્ટર પરથી ૫૦૦ ટિકિટ લાવી બ્લેકમાં વેચતો હોવાની કબૂલાત પણ કરી લીધી હોવાની વાત છે. તાત્કાલિક વતન જવાની તૈયારી કરતા યુપીવાસીઓ ૨૮૦૦માં ટિકિટ પણ લેતા હતા. હાલ તો આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે.

સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે સચિન GIDCમાં કેમિકલ સહિત કેટલાંક યૂનિટો થયા શરૂ

સુરત

શહેરમાં પાવર લુમ્સનો ઉદ્યોગ ઘણો મોટો છે, અને તેમાં પણ ખાસ કરીને આ ઉદ્યોગ સુરતની ઓળખ સમાન છે. હાલમાં કોરોનાની મહામારીને કારણે સરકાર દ્વારા લોકડાઉન લંબાવવામાં આવ્યું હતું. જેના કારણે સરકારે ઉદ્યોગોને શરતોને આધિન ઉદ્યોગો શરૂ કરવાની પરવાનગી આપી હતી. જેમાં સચિન જીઆઈડીસીમાં આવેલ કેમિકલ,ડાંઈંગ મિલ સહિત પાવર લુમ્સના અમુક યુનિટો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં સોશિયલ ડિસ્ટનસિંગ સાથે એક પાળીમાં આ લુમ્સ ચાલી રહ્યા છે. સોશ્યિલ ડિસ્ટનસિંગ સાથે સચિન જીઆઈડીસીમાં આવેલ કેમિકલ,ડાંઈંગ મિલ સહિત પાવર લુમ્સના અમુક યુનિટો શરૂખાસ કરીને સરકાર દ્વારા નાના ઉદ્યોગો માટે જે જાહેરાત કરવામાં આવી તેને લઈને લુમ્સના કારખાનેદારોમાં એક ખુશી જોવા મળી હતી. આ સાથે જ લોકડાઉનમાં થયેલ નુકસાનમાં એક આશાનું કિરણ તેમને દેખાયું હતું. તેઓએ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. જો કે, લુમ્સના ઘણા ઉદ્યોગકારોએ પણ પોતાના લુમ્સ શરૂ કરવાની કાર્યવાહી શરૂ કરી દીધી છે.

ગુજરાતમા પત્રકારો ઉપર થતા અત્યાચારના વિરોધમાં નર્મદાના પત્રકારોએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ



પત્રકાર ધવલ પટેલ સામે રાજદ્રોહનો ગુનો દાખલ કરી પત્રકારીતાના હકોનુ હનન કરતી ગુજરાત સરકાર સામે આવેદન

રાજપીપળા

અમદાવાદ ના પત્રકાર ધવલ પટેલ ન્યુઝ ઓફ નેશન નામની ન્યુઝ વેબસાઈટ રન કરે છે, અને લોકો અને સમાજ ની સમસ્યાઓ ને વાચા આપવાની પોતાની સામાજિક જવાબદારી અદા કરે છે. ગત તા ૭ મી મે ના રોજ સમાચાર પ્રસિદ્ધ કરેલ જેમા રાજય સરકાર ના ગૃહ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરેલ સમાચાર બાબત દ્વેષ ભાવ રાખી એક વ્યક્તિ અને પત્રકાર તરીકે ના વાણી સ્વાતંત્ર્ય ના અધિકારો ઉપર તરાપ મારી ધવલ પટેલ સામે રાજદ્રોહ નો ગુનો દાખલ કરી ૧૧ મી મે ના રોજ ધરપકડ કરવામા આવી હતી.

સરકાર ના આ કૃત્ય થી આખાં દેશ સહીત ગુજરાત ના પત્રકારો ને ધક્કો લાગ્યો છે,અને ગુજરાત સરકાર સામે રોષ ઉભો થવા પામ્યો છે. ગુજરાત સરકાર ના શાશન મા પત્રકારો ની કોઈ સલામતી રહી નથી,પત્રકારો ઉપર હુમલા થવા ષડયંત્ર રચી ફસાવવા પોલીસ વિભાગ નુ પત્રકારો સાથે અન્યાય અને અને અભિવ્યક્તિ ની સ્વતંત્રતા ઉપર તરાપ સમાન છે જેને નર્મદા જીલ્લા ના પત્રકારો સખત શબ્દો મા વખોડી કાઢે છે. અને માંગણી કરે છે કે પત્રકાર ધવલ પટેલ ને તાત્કાલીક જેલ મુકત કરવામા આવે અને એમની સામે નો કેસ પરત ખેંચવામાં આવે.આ આવેદન પ્રસંગે પત્રકાર ભરત શાહ,અયાજ આરબ,યોગેશ વસાવા, રાહુલ પટેલ,વિશાલ પાઠક, કનકસિંહ માત્રોજા,જયેશ ગાંધી,આશિક પઠાણ સહિત ના ઓ હાજર રહયા હતા.

ડેડીયાપાડા ના.કા.ઈજનેર ને આવેદન પત્ર આપી વીજ જોડાણ તાત્કાલિક કરવા માંગ કરાઈ

વીજ કનેકશનના આભાવે ટાંકાઓ શોભાના ગાંઠિયા સમાન છે અને લોકોને પીવાના પાણી અને પશુઓને પણ પાણી મળતું નથી

રાજપીપળા

ડેડીયાપાડા સાગબારા ના ગામો ને શુદ્ધ પાણી પીવડાવવા પાણી પુરવઠા ની યોજના ચાલુ થઈ પણ કેટલાક ગામોમાં વીજ કનેક્શન ના અભાવે આજે પણ ગામોમાં પાણી મળતું નથી એટલે યોજના તૈયાર છે ટાંકા અને સંપ પણ બનાવી દેવાયા છે પણ વીજ કનેકશન ના આભાવે આ ટાંકાઓ શોભાના ગાંઠિયા સમાન છે અને લોકોને પીવાના પાણી અને પશુઓને પણ પાણી મળતું નથી એટલે જે ગામોમાં વીજ જોડાણો નથી લાગ્યા એ લોકોની માંગ ને લઈને જિલ્લા પંચાયત કારોબારી સમિતિ ચેરમેન બહાદુર વસાવા એ ડેડીયાપાડા વીજ કંપની ના ના.કા.ઈજનેર ને લેખિતમાં આવેદન આપી ડેડીયાપાડા ના દાભવણ ઝોન (૨) જામની ઝોન (૩) ખેડીપાડા ઝોન, (૪) મોસ્ફુટ ઝોન માંઆ ગામોમાં ટાંકા બનેલા છે જે ભરાય અને લોકોના ઘરોમાં પાણી જાય એ માટે વીજ કનેક્શન નથી જે તાત્કાલિક અસર થી નાખવા જરૂરી છે કેમકે ૨૦૯ ગામોમાં પાણી ના પહોંચે ત્યાં સુધી આ યોજના આધુરી છે કારોબારી ચેરમેન બહાદુરસિંહ વસાવા એ આ કામ કરતી નંદ કન્ટ્રક્શન અને ક્લાસિક નેટવર્ક સાથે વીજ આધિકારીઓ પર આ યોજના આધુરી તેમના કારણે હોવાના ગંભીર આક્ષેપો કર્યા છે.

આ બાબતે કારોબારી ચેરમેન બહાદુરસિંહ વસાવા એ જણાવ્યું છે કે ઉનાળામાં લોકોને પાણી મળવું જોઈએ ત્યારે વીજ જોડાણ ન હોવાને કારણે છતાં પાણી એ હવાતિયાં લોકોએ મારવા પડે છે.વીજ આધિકારીઓ ને જાણ કરી ત્યારે હવે લોકડાઉન નું બહાનું કાઢે છે પણ જેમ આરોગ્ય કર્મચારીઓ જવાબદાર છે એટલા જ આવશ્યક સેવામાં વીજ વિભાગ પણ આવે સાત દિવસ માં આ ઝોનોમાં ડીપી નહિ લાગ્યા તો વીજ વિભાગ ની ખેર નથી એવી ચીમકી પણ આપી છે.

સુરતમાં નવા ૪૦ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૧૧૭૩, વધુ એકનું મોત અને ૨૧ ડિસ્ચાર્જ થયા

સુરત જિલ્લામાં મૃત્યુઆંક ૫૩ અને ૭૬૦ દર્દી રિકવર થઈ ગયા છે : સિવિલ હોસ્પિટલમાં દાખલ કોરોના સંક્રમિત ૩૮ દર્દીની હાલત ગંભીર

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા અનુસાર, નવા ૪૦ કેસ નોંધાતા શહેર જિલ્લામાં પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૧૧૭૩ થઈ ગઈ છે. આ સાથે વધુ એકનું મોત થતા શહેર જિલ્લામાં કોરોનાનો કુલ મૃત્યુઆંક ૫૩ થઈ ગયો છે. શહેરમાં વધુ ૨૧ દર્દીઓ કોરોનાને મ્હાત આપી સાજા થતા તેમને રજા આપી દેવામાં આવી છે. આ સાથે શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૬૦ વ્યક્તિઓએ કોરોનાને મ્હાત આપી છે.

શહેર જિલ્લામાં કોરોનાનો કુલ મૃત્યુઆંક ૫૩ થઈ ગયો છે. આજે વધુ એકનું મોત થયું છે. જેમાં ઉમરવાડા સંજયનગર ઝૂપડપટ્ટીમાં રહેતા ૪૯ વર્ષીય મેહબૂબખાન ઉમરખાન શેખનો ૧૩ મેના રોજ કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેનું આજે મોત થયું છે. તેમને કેન્સરની બીમારી હતી.

સુરત સિટીમાં આજે વધુ ૩૫ કેસ નોંધાયા છે. જ્યારે પાંચ કેસ જિલ્લામાં નોંધાયા છે. જેમાં લિંબાયત ઝોનમાં સૌથી વધુ ૧૫ કેસ નોંધાયા છે. જ્યારે સેન્ટ્રલ ઝોનમાં ૭, કતારગામ ઝોનમાં ૭, વરાછા-એ ઝોનમાં ૧ અને ઉધના ઝોનમાં ૫ કેસ નોંધાયા છે. સિવિલ હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં ૨૪૩ કોરોના પોઝિટિવ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. તે પૈકી ૩૮ દર્દીઓની હાલત ગંભીર છે. જેમાં ૧-વેન્ટિલેટર, ૧૫-બીપેપ અને ૨૨ દર્દીઓ ઓક્સિજન પર હોવાથી ડોક્ટરોની ટીમ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

સુરતથી સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના અન્ય જિલ્લા તરફ બસ સેવા શરૂ કરવામાં આવી છે. જેનું જં બસનું બુકીંગ હવે ત્રણ દિવસ જ કરવામાં આવશે તેમ જણાવતાં રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી કુમારભાઈ કાનાણીએ જણાવ્યું હતું કે, જે લોકો પોતાના માદરે વતન જવા ઈચ્છતા હોય તે લોકોએ તારીખ ૧૮, ૧૯ અને ૨૦-મે ૨૦૨૦ સુધી જ બુકીંગ થવાનું હોવાથી આ ત્રણ દિવસ માં જ ગ્રુપ બુકીંગ કરાવી લે ત્યારબાદ બુકીંગ બંધ કરવામાં આવશે.

સુરતમાં શ્રમિક ટ્રેનમાં ૨૦૧૯ની ટીકીટ પર ૨૦૨૦માં યુપી જતા ૩૦ લોકો ઝડપાયા

સુરત

રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ પરથી કૌભાંડ બહાર આવ્યું છે. શ્રમિક ટ્રેનમાંથી ૨૦૧૯ની ટિકિટ પર ૨૦૨૦માં યુપી જતા ૩૦ લોકો પકડાયા છે. ટિકિટ ચેકરની સતર્કતાથી આ આખું કૌભાંડ પકડાયું છે. મળતી માહિતી પ્રમાણે, ગત રાત્રે સુરત રેલવે સ્ટેશન પરથી શ્રમિક ટ્રેનમાં પરપ્રતિયો વતન જવા નીકળ્યા હતા. જેમાં ટિકિટ ચેકર દ્વારા તપાસ કરતા ૩૦ જેટલાની ટિકિટ ૨૦૧૯ની હોવાનું સામે આવ્યું હતું. રેલવે પોલીસને જાણ કરવામાં આવતા ઘટના સ્થળે દોડી આવી હતી. તમામની પૂછપરછમાં પાંડેસરાના એજન્ટ પાસેથી ટિકિટ લીધી હોવાનું બહાર આવ્યું છે. એજન્ટો ૨૦૧૯ની ટિકિટ વેચી રોકડી કરી રહ્યા છે. જોકે, એજન્ટોને ૨૦૧૯ની ટિકિટનો જથ્થો કોણે આપ્યો એ એક તપાસનો વિષય બન્યો છે. વાઈરલ થયેલા વીડિયો અને ૨૦૧૯ની ટીકિટ પર શ્રમિકોને વતન મોકવાના સમગ્ર કારસા અંગે સુરત રેલવે સ્ટેશનના ડિરેક્ટર સી.આર.ગરૂડાએ જણાવ્યું હતું કે, આ બાબત મારી જાણકારીમાં નથી. સ્ટેશન પર આ બાબતે કોઈએ ફરિયાદ પણ કરી નથી. તેમ છતાં તપાસ કરાવી લઈશ.

વાપીમાં ટીઆરબી જવાન અને વેપારી વચ્ચે ઝઘડાનો વીડિયો થયો વાયરલ

વલસાડ

જિલ્લાના વાપી શહેરની મુખ્ય બજારમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવવા માટે ટાઉન પોલીસના ટીઆરબી જવાને વેપારીઓને કહેતા એક વેપારીએ ઉશ્કેરાઈ લારી નહિ હટાવવાનું કહેતા લારીવાળા પર ટીઆરબી જવાને પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો. જે દરમિયાન પિતાને મારતા જોઈ પુત્રએ ટીઆરબી જવાન પર હુમલો કરી માર મારી વર્દી ફાડી નાખી હતી. લારી ખસેડવાનું કહેતા આ બબાલ થઈ હતી.

વાપી ટાઉન બજારમાં રવિવારે રસ્તા ઉપર લગાવેલા લારીઓને ખસેડવાનું કહેતા એક લારીવાળા સાથે ટીઆરબીની બોલાચાલી થઈ હતી. જેમાં ટીઆરબી કર્મીએ લારીવાળાને માર મારવાનું શરૂ કરતાં તેના પુત્રએ કર્મી સાથે મારામારી કરી તેની વર્દી ફાડી નાખી હતી. સમગ્ર મામલે પોલીસ સ્ટેશનમાં ટીઆરબી જવાન વિશાલ ઓમ પ્રકાશ સિંહે રવિવારે સવારે મૈંન બજારમાં આવેલ પૂનમ ફૂટવેર પાસે રોડ ઉપર લગાવેલ લારીને ખસેડવા કહેતા તમામ ત્યાંથી નીકળી રહ્યા હતા. તે દરમિયાન કપડાની લારીવાળાએ જણાવેલું કે, લારી હટશે નહીં અને ઉશ્કેરાઈને ગેરવર્તન કરતાં તેણે ફરીથી લારી હટાવવા જણાવતા લારીવાળાના પુત્રએ ટીઆરબી જવાન સાથે મારામારી કરી તેની વર્દી ફાડી નાખી હતી. આ વીડિયો વાયરલ થયો છે. જ્યારે પોલીસે વેપારીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નર્મદા તરોપા PHC ના તબીબની કોરોનામાં ફરજ પર ગેરહાજરી બાદ પરત આવતા કોરોન્ટાઈન કરાયા : પોતાના ઘરે અમદાવાદ ગયા નું અનુમાન

શનિ - રવિવારની રજામાં અમદાવાદ પોતાના ઘરે ગયા હોવાની વાત બાદ તબીબ સંકેત જૈનને ફેસિલિટી કોરોન્ટાઈનમાં મૂકી બ્લડ સેમ્પલ ટેસ્ટિંગ માટે મોકલાયો

આશ્ચર્ય ની વાત એ છે કે જો ડૉ.સંકેત જૈન અમદાવાદ પોતાના ઘરે જઈ ને આવ્યા હોઈ તો તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કેમ ના કરાઈ..? કેમ ફક્ત કોરોન્ટાઈન માં મૂકી સંતોષ મનાયો...?

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા



આધારભૂત સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ નર્મદા આરોગ્ય વિભાગના અમુક અધિકારીઓ ,તબીબો અઠવાડિયા માં બે થી ત્રણ વખત અમદાવાદ,વડોદરા તરફ પોતાના ઘરે જતા આવતા હોય છે ત્યારે સવાલ એ થાય છે કે કોરોના મહામારી જેવા કપરા અને જોખમી સમય માં આ લોકો ક્યાં થી અને કેવી રીતે જિલ્લા બહાર આવન જાવન કરે છે...?કેમ કોઈ રોક ટોક નથી...? કેમકે તંત્ર દ્વારા અપાયેલા પાસ પણ પરત લઈ લેવામાં આવ્યા છે ત્યારે આ મહાસયો કઈ રીતે રેડઝોન માં આવતા અમદાવાદ કે વડોદરા તરફ જાય છે.

હાલ કોરોના મહામારી ચાલી રહી છે. એક તરફ કોરોનાના દર્દીઓની સારવાર માટે આરોગ્ય વિભાગ દિવસ રાત ઝઝૂમી રહ્યું છે.આરોગ્ય કર્મચારીઓ પોતાના પરિવારથી મહિનાઓ સુધી દૂર રહી ગુજરાતના વિવિધ વિસ્તારમાં કોરોનાના દર્દીઓની સારવાર કરી રહ્યા છે, ત્યારે બીજી બાજુ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકા ના તરોપા PHC ના મેડિકલ ઓફિસર ડો.સંકેત જૈન પોતાની ફરજ પર ગેરહાજર જણાતા નાંદોદ તાલુકા આરોગ્ય અધિકારીએ આ મામલે જિલ્લા આરોગ્ય અધિકારીને લેખિત જાણ કરતા સોમવારે આ મેડિકલ ઓફિસર ફરજ પર આવતાજ તેમને ફેસિલિટી કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જિલ્લા કલેકટરની સૂચના મુજબ કોરોનાની મહામારીના કપરા સમયમાં કોઈ પણ અધિકારીએ પોતાનું હેડક્વાર્ટર પૂર્વ મંજૂરી વિના છોડવું નહિ, સાથે સાથે અન્ય શહેરો માંથી અપ ડાઉન કરવું નહીં.તેમ છતાં અમુક આરોગ્ય વિભાગ ના અધિકારીઓ નર્મદા કલેકટરના આ આદેશને જાણે ઘોળીને પી ગયા હોય એમ હેડ



ક્વાર્ટર પર હાજર ન રહેતા હોવાની બુમો ઉઠી હતી.જેને પગલે નાંદોદ તાલુકા આરોગ્ય અધિકારી ડો.એ.કે.સુમન ને તરોપા PHC ના આ મેડિકલ ઓફિસર ડો.સંકેત જૈન બાબતે પણ જાણકારી મળતા તેમણે વિઝીટ કરતા ૧૭મી મે ના રોજ તરોપા PHC ના મેડિકલ ઓફિસર ડો.સંકેત જૈન પોતાના હેડ ક્વાર્ટર પર હાજર જણાયા ન હતા જેથી ડો.એ.કે. સુનમે આ બાબતે નર્મદા જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કે. પી.પટેલને લેખિત જાણ કરી યોગ્ય કાર્યવાહી કરવા જણાવ્યું છે. જોકે શનિ રવિવાર ની રજા માં ડો.સંકેત જૈન પોતાના ઘરે અમદાવાદ ગયા હશે તેમ લાગતા જ્યારે સોમવારે સવારે એ તરોપા PHC પર પોતાની ફરજ પર હાજર થયા ત્યારે તેમને ફેસિલિટી કોરોન્ટાઈન કરી તેમના લોહીનો નમૂનો ટેસ્ટિંગ માં મોકલ્યો હોવાનું જાણવા મળ્યું હતું.